# પ્રભાત

તંત્રી : આશિષ કોઠારી • Dt. : 13-09-2026 • Sunday • Samvat : 2082 • Bhadravo Sud-02 • Vol : 97 • No. : 250 • Page : 08 • Price : 2.00 • Prabhat-Ahmedabad * RNI No. 1815/57

### BRICS Summit 2026: ભારતને મોટી સફળતા

# 'નવી દિલ્હી ડિક્લેરેશન' પર BRICS દેશોમાં સહમતિ

નવી દિલ્હી, તા. ૧૨


નવી દિલ્હી ખાતે આયોજિત BRICS સમિટના અંતે સભ્ય દેશોએ સર્વસંમતિથી ઐતિહાસિક New Delhi Declaration જાહેર કર્યું છે. આ જોઈન્ટ ડિક્લેરેશનમાં વૈશ્વિક વેપારને નુકસાન પહોંચાડતા એકતરફી ટેરિફ અને બળજબરીપૂર્વકના આર્થિક પગલાં સામે અત્યંત ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. વિશ્વ વેપાર સંગઠનના નિયમોનું ઉલ્લંઘન કરતા ટેરિફ અને નોન-ટેરિફ અવરોધો સામે સ્પષ્ટ ચેતવણી આપતાં BRICS જૂથે આંતરરાષ્ટ્રીય કાયદા વિરુદ્ધ લેવાતા એકતરફી પગલાંઓની આકરા શબ્દોમાં નિંદા કરી છે.

આ સાથે જ, ઘોષણાપત્રમાં વિશ્વભરમાં ચાલી રહેલા સંઘર્ષોને રોકવા માટે મૂળ કારણોને ઉકેલવા, પરમાણુ યુદ્ધના વધતા જોખમો સામે સાવચેત રહેવા અને તમામ આંતરરાષ્ટ્રીય વિવાદોને માત્ર સંવાદ, સલાહ-મસલત અને કૂટનીતિ દ્વારા શાંતિપૂર્ણ રીતે ઉકેલવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

વિશ્વ વેપાર સંગઠનના નિયમોની વિરુદ્ધ જઈને લાદવામાં આવતા એકતરફી ટેરિફ અને નોન-ટેરિફ નિયંત્રણો વૈશ્વિક વેપારને વિકૃત કરે છે.

આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ કરીને લાદવામાં આવતા એકતરફી આર્થિક પ્રતિબંધો અને બળજબરીપૂર્વકના પગલાં અસ્વીકાર્ય છે.

કોઈપણ વૈશ્વિક સમસ્યાના ઉકેલ માટે તમામ દેશોના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ અને હિતોનું સન્માન કરતી બહુપક્ષીય પદ્ધતિ જ શ્રેષ્ઠ છે.










નઘોષણાપત્રમાં સભ્ય દેશો વચ્ચે સ્થાનિક ચલણ અને ક્રોસ-બોર્ડર પેમેન્ટ નેટવર્કને વ્યવહારુ બનાવવા માટે ચાલી રહેલી વાટાઘાટોને ચાલુ રાખવા પ્રોત્સાહિત કરવામાં આવી છે, જેથી આંતરરાષ્ટ્રીય વેપાર કોઈપણ એક કરન્સી કે પશ્ચિમી પેમેન્ટ સિસ્ટમના જોખમથી મુક્ત રહી શકે.

સમિટના આ સત્રના સમાપનમાં વડાપ્રધાન મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, ગ્લોબલ સાઉથને માત્ર નવી ટેકનોલોજી મેળવવામાં જ નહીં, પરંતુ તેના વૈશ્વિક નિયમો અને માપદંડો નક્કી કરવાની પ્રક્રિયામાં પણ સમાન ભાગીદારી મળવી જોઈએ.

#### નવી દિલ્હી ઘોષણાપત્રમાં લેવાયેલા મુખ્ય સંકલ્પો

★ યુદ્ધ નિવારણ અને મૂળ કારણોનો ઉકેલ: સંઘર્ષો અને તણાવ અટકાવવાના પ્રયાસો ઝડપી બનાવવા પડશે. આ માટે વિવાદોની મૂળ વજહ સુધી પહોંચી તેને ઉકેલવા પર ભાર મુકાયો છે.

★ સંવાદ અને કૂટનીતિ જ એકમાત્ર માર્ગ: આંતરરાષ્ટ્રીય સ્તરના તમામ વિવાદોનું શાંતિપૂર્ણ સમાધાન માત્ર વાતચીત, પરસ્પર સલાહ-મસલત અને રાજદ્વારી માર્ગે જ થવું જોઈએ.

★ એકતરફી ટેરિફ અને આર્થિક દબાણનો વિરોધ: WTOના નિયમોનું ઉલ્લંઘન કરતા એકતરફી ટેરિફ અને નોન-ટેરિફ નિયંત્રણો સામે ઊંડી ચિંતા દર્શાવાઈ છે. આંતરરાષ્ટ્રીય કાયદા વિરુદ્ધ જઈને લાદવામાં આવતા આર્થિક દબાણવાળા પગલાંઓની આકરી નિંદા કરાઈ છે.

★ પરમાણુ જોખમ સામે સાવચેતી: વિશ્વમાં વધી રહેલા પરમાણુ ટકરાવ અને ન્યુક્લિયર ખતરા સામે સભ્ય દેશોએ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.

★ ક્રોસ-બોર્ડર પેમેન્ટ સિસ્ટમ: સભ્ય દેશો વચ્ચે સ્થાનિક ચલણમાં વ્યવહારો સરળ બનાવવા અને સીમા પાર પેમેન્ટ્સને સરળ કરવા વ્યવહારુ પગલાં લેવા પર ચર્ચા ચાલુ રહેશે.

★ ગ્લોબલ સપ્લાય ચેઈન અને ઊર્જા પ્રવાહ: વૈશ્વિક વેપાર, સપ્લાય ચેઈન અને એનર્જીની અવિરત હેરફેર જાળવી રાખવા BRICS દેશો સાથે મળીને કામ કરશે.

# PM મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ

નવી દિલ્હી, તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે નવી દિલ્હીમાં બ્રિક્સ (BRICS) સમિટ દરમિયાન ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી.

૪૫ મિનિટ સુધી ચાલેલી આ બેઠક દરમિયાન, વડાપ્રધાન મોદીએ ભારતની બ્રિક્સ અધ્યક્ષતાને સમર્થન આપવા બદલ અને ચાલુ બ્રિક્સ સમિટમાં સકારાત્મક ટિપ્પણીઓ કરવા બદલ રાષ્ટ્રપતિ શીનો આભાર માન્યો હતો.

"તમારું ઉષ્માભર્યું સ્વાગત કરતા મને ખૂબ આનંદ થાય છે. બ્રિક્સ સમિટમાં તમારી સકારાત્મક ટિપ્પણીઓ બદલ તમારો ખૂબ ખૂબ આભાર. ભારતની બ્રિક્સ અધ્યક્ષતા દરમિયાન ચીન તરફથી મળેલા સમર્થન અને સહકાર બદલ હું કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. હવે આપણી પાસે દ્વિપક્ષીય સહકાર અંગે ચર્ચા કરવાની તક છે. ફરી એકવાર, ભારતમાં તમારું ઉષ્માભર્યું સ્વાગત છે," તેમ વડાપ્રધાન મોદીએ કહ્યું.



વડાપ્રધાન મોદીએ એમ પણ કહ્યું કે ભારત અર્થપૂર્ણ સંવાદ માટે તૈયાર છે અને તેમણે દરિયાઈ નાવિકો (seafarers) માટે એક ઈમરજન્સી નેટવર્કની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

બીજી તરફ, શી જિનપિંગે ભારત અને ચીન વચ્ચે વધુ સહકારની હાકલ કરી હતી અને કહ્યું હતું કે બંને દેશોએ વૈશ્વિક સ્તરે મોટી ભૂમિકા ભજવવી જોઈએ અને સહિયારા વિકાસ માટે કામ કરવું જોઈએ.

### BRICS માટે ચીનના સમર્થન બદલ આભાર માન્યો; શી એ વધુ સહયોગ પર ભાર મૂક્યો

"પરસ્પર જોડાયેલા ફેરફારો અને પડકારોથી ચિહ્નિત જટિલ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં, વિશ્વના બે સૌથી વધુ વસ્તી ધરાવતા દેશો અને 'ગ્લોબલ સાઉથ'ના મહત્વપૂર્ણ સભ્યો તરીકે ચીન અને ભારત મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવે છે. બંને પક્ષોએ માનવતાના ભવિષ્ય અને પોતાના લોકોના કલ્યાણને ધ્યાનમાં રાખીને, વ્યાપક બ્રિક્સ માળખા હેઠળ ઉચ્ચ-ગુણવત્તાયુક્ત સહકારને આગળ વધારવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ," તેમ શી જિનપિંગે કહ્યું.

#### ઈરાનના રાષ્ટ્રપતિ ભારતમાં છે ત્યારે ટ્રમ્પનું નિવેદન

## હોર્મુઝ અમારા કંટ્રોલમાં છે, યુદ્ધ જલ્દી ખતમ થશે

વોશિંગ્ટન, તા.૧૨

ભારતમાં યોજાયેલા મ્ૈંઝજી શિખર સંમેલન દરમિયાન મિડલ ઈસ્ટ અને ગલ્ફ ક્ષેત્રના તણાવને લઈને અમેરિકા અને ઈરાન વચ્ચે નિવેદનબાજી તેજ થઈ ગઈ છે. નવી દિલ્હીમાં ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ સાથેની મુલાકાત દરમિયાન અમેરિકાને સ્પષ્ટ સલાહ આપતા કહ્યું કે, મિડલ ઈસ્ટને કોઈ રિજનલ પોલીસમેન ની જરૂર નથી. બીજી તરફ, ડબલિનમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવરજવર, ઈરાન અને તેલ પુરવઠા અંગે દાવો કર્યો છે કે, સ્થિતિ જલ્દી થાળે પડી જશે અને યુદ્ધ ખૂબ જલ્દી પૂરું થશે.

ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને શનિવારે નવી દિલ્હીમાં જણાવ્યું કે, આ ક્ષેત્રની સુરક્ષા અને તેની સીમાઓનું રક્ષણ અહીંના સ્થાનિક દેશો અને મુખ્ય પક્ષકારો દ્વારા જ સુનિશ્ચિત થઈ શકે છે. તેમણે ઉમેર્યું કે, આ વિસ્તારને અમેરિકા જેવા કોઈ બાહ્ય રિજનલ પોલીસમેન ની જરૂર નથી. પેઝેશ્કિયાને કહ્યું કે અમેરિકા અને તેના સહયોગીઓએ ઈરાની સરકારને નબળી પાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ નિષ્ફળ રહ્યા છે, અને આ સ્થિતિએ ઈરાનના લોકોને વધુ એકજૂથ કરી દીધા છે. ઈરાન દ્વારા હોર્મુઝમાં કરાયેલી નાકાબંધીના કારણે કોમર્શિયલ જહાજો અને તેલના સપ્લાય પર વિપરીત અસર પડી છે.

આયરલેન્ડના રાષ્ટ્ર પ્રમુખ કૈથરીન કોનોલી સાથે મુલાકાત બાદ ડબલિનમાં પત્રકારો સાથે વાત કરતા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટ અંગે કહ્યું કે બધું ઠીક થઈ જશે. તેમણે દાવો કર્યો કે, યુદ્ધ ખૂબ જલ્દી ખતમ થઈ જશે અને ત્યારબાદ તેલના ભાવ ઘટશે. સાઉદી અરેબિયાની એક પાઈપલાઈન પર થયેલા હુમલા અંગે ટ્રમ્પે આશંકા વ્યક્ત કરી હતી કે, તેની પાછળ ઈરાનનો હાથ હોઈ શકે છે.

#### મહારાષ્ટ્ર સરકારને કોકરોચનું અલ્ટીમેટમ

## મહારાષ્ટ્રમાં મરાઠા અનામતનો મુદ્દો ફરી એકવાર ગરમાયો

મુંબઈ, તા.૧૨

મહારાષ્ટ્રમાં મરાઠા અનામતનો મુદ્દો ફરી એકવાર જોર પકડી રહ્યો છે. કોકરોચ જનતા પાર્ટી (ઝત્ન) ના સંસ્થાપક અભિજિત દીપકેએ શુક્રવારે મરાઠા અનામત કાર્યકર્તા મનોજ જરાંગે પાટિલ સાથે મુલાકાત કરીને તેમને પોતાનું સમર્થન જાહેર કર્યું છે. મનોજ જરાંગે પાટિલ ગત ૨૯ ઓગસ્ટથી જાલનાના અંતરવાળી સરાટીમાં પોતાની ૧૫ માંગણીઓને લઈને અનિશ્ચિત મુદતના ઉપવાસ પર બેઠા છે. આ મુલાકાત દરમિયાન અભિજિત દીપકેએ સરકારને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે જો મનોજ જરાંગે પાટિલને જબરદસ્તી પ્રદર્શન સ્થળેથી હટાવાની કોશિશ કરવામાં આવશે તો તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે અને સમગ્ર મહારાષ્ટ્ર પ્રદર્શન સ્થળ પર પહોંચી જશે.

દીપકેએ સરકારની ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે મનોજ જરાંગે પાટિલને તે જ રીતે જબરદસ્તી હટાવાનો પ્રયાસ ન કરવામાં આવે, જે રીતે દિલ્હી પોલીસે સોનમ વાંગચુકને તેમના ભૂખ હડતાલના સ્થળેથી હટાવ્યા હતા. તેમણે ભારપૂર્વક કહ્યું કે મહારાષ્ટ્રમાં આ પ્રકારની કાર્યવાહી બિલકુલ સહન કરવામાં આવશે નહીં. અભિજિત દીપકેએ સરકારને અપીલ કરી હતી કે તેઓ તુરંત મનોજ જરાંગે પાટિલ સાથે વાતચીત કરે અને તેમની તમામ માંગણીઓ સાંભળે, જેથી મામલો શાંત થઈ શકે.

મનોજ જરાંગે પાટિલના આંદોલન પાછળના કારણો સ્પષ્ટ કરતા દીપકેએ જણાવ્યું કે તેઓ પોતાના સમાજના લોકો માટે ઉત્તમ શિક્ષણ અને રોજગારના અવસરો મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

# BRICS સંમેલનમાં પીએમ મોદીનો સંદેશ : અમે કોઈના વિરોધમાં નથી

નવી દિલ્હી, તા.૧૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સત્તાવાર રીતે બ્રિક્સ શિખર સંમેલન ૨૦૨૬ શરૂ થવાની જાહેરાત કરી. બ્રિક્સ સમિટમાં તમારૂ સ્વાગત અને અભિનંદન કરતા અત્યંત ખુશી થઈ રહી છે. યોગદાન અને સમર્થન માટે તમારા બધાનો આભાર. અમે કોઈની વિરુદ્ધ નથી. અમે બધાને સાથે લઈને ચાલવાનો પ્રયાસ કરીએ છીએ.

ભારતમાં તમારા બધાનું સ્વાગત અને અભિનંદન કરતા મને ખુશી થઈ રહી છે. બ્રિક્સની અધ્યક્ષતા દરમિયાન ભારતનો દ્રષ્ટિકોણ લોકો પર કેન્દ્રીત અને માનવતાને પ્રાથમિકતા આપનારો રહ્યો છે. પીએમ મોદીએ સમિટમાં ૧૦ પ્રસ્તાવ પણ રાખ્યા છે.

પીએમ મોદીએ કહ્યુ કે મજબૂતી, ઈનોવેશન, સહયોગ અને સસ્ટેનેબિલિટી અમારી પ્રાથમિકતાઓ રહી છે. આ પ્રાથમિકતાઓની સાથે-સાથે અમે બ્રિક્સના સહયોગને સામાન્ય લોકોથી જોડવા પર વિશેષ ભાર આપ્યો છે. આ વિચારની સાથે ૩૫૦થી વધુ બેઠકો આયોજીત થઈ. અમને ૩૦ શહેરોમાં તમારી ટીમોનું સ્વાગત કરવાની તક મળી. ભારતની બ્રિક્સ અધ્યક્ષતાને સફળ બનાવવામાં તમારા બધાના સક્રિય યોગદાન અને સહયોગ માટે હું તમારો દિલથી આભાર માનું છે. છેલ્લા ૨૦ વર્ષમાં બ્રિક્સે વિશ્વ મંચ પર પોતાની ઓળખ બનાવી છે.

આ વર્ષનું બ્રિક્સ શિખર સંમેલન એક ઐતિહાસિક પડાવ છે. આપણે બ્રિક્સની ૨૦મી વર્ષગાંઠ પણ મનાવી રહ્યાં છીએ. વ્યક્તિના જીવનમાં ૨૦ વર્ષની પરિપક્વતા અને જવાબદારીના એક નવા દોરની શરૂઆત થાય છે. આજે બ્રિક્સ પણ પરિપક્વતાના દોરમાં પહોંચી ગયું છે. છેલ્લા બે દાયકામાં બ્રિક્સે વૈશ્વિક મંચ પર પોતાની એક અલગ ઓળખ બનાવી છે. અમે એકબીજાના દ્રષ્ટિકોણનું સન્માન કરીએ છીએ અને સામાન્ય સહમતિથ આગળ વધીએ છીએ. આપણે કોઈનો વિરોધ કરવા નહીં, પરંતુ બધાને સાથે લઈને આગળ વધવાનો પ્રયાસ કરીએ છીએ. હવે સમય આવી ગયો છે કે આપણે બ્રિક્સની અંદર પોતાની એકતા અને સામાન્ય સહમતિને વૈશ્વિક મંચ પર મજબૂત પરિણામમાં બદલીએ.

પીએમ મોદીએ બ્રિક્સના મંચથી યુએન સિક્યોરિટી કાઉન્સિલમાં સુધારની માગ કરી છે. તેમણે કહ્યુ કે આપણે ગ્લોબલ રિફોર્મ માટે પ્રોપઝલ તૈયાર કરવું જોઈએ. પીએમ મોદીએ કહ્યું કે આપણે આગામી ૨૦ વર્ષ માટે એક નવા અને મોટા લક્ષ્યવાળા એજન્ડા પર કામ કરવાની જરૂર છે. આપણે આ પ્રક્રિયાની શરૂઆત પોતાની આંતરિક કાર્ય-સિસ્ટમથી કરવી જોઈએ. ભલે બ્રિક્સની અધ્યક્ષતા દર વર્ષે બદલાઈ છે, પરંતુ તેનાથી આપણા સંસ્થાગત કામકાજ પર કોઈ અસર ન પડવી જોઈએ.

#### BRICS સમિટ વચ્ચે ભારત અને અમેરિકાની મેગા ડીલ

## સમુદ્રની અંદર કેબલ નેટવર્ક સુરક્ષિત કરવા નિર્ણય

નવી દિલ્હી, તા.૧૨

ભારત અને અમેરિકાએ સમુદ્રની નીચે પથરાયેલા સંચાર કેબલોની સુરક્ષા માટે એક નવી મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદારી શરૂ કરી છે.

TRUST પહેલ હેઠળ બંને દેશો સમુદ્રના પેટાળમાં પથરાયેલા કેબલ નેટવર્કને સાયબર હુમલાઓ, તોડફોડ અને ભૂ-રાજકીય જોખમો સામે વધુ સુરક્ષિત બનાવવા સાથે મળીને કામ કરશે. વિશ્વનો મોટાભાગનો ઈન્ટરનેટ અને આંતરરાષ્ટ્રીય ડેટા ટ્રાફિક આ જ દરિયાઈ કેબલો દ્વારા સંચાલિત થતો હોવાથી આ પહેલ અત્યંત મહત્વની સાબિત થશે, જેનાથી ડિજિટલ અર્થતંત્ર અને વૈશ્વિક સંચાર વ્યવસ્થાને અ ૂતપૂર્વ મજબૂતી મળશે.

અમેરિકા અને ભારત વચ્ચે શરૂ કરવામાં આવેલી US-India TRUST (Transforming the Relationship Utilizing Strategic Technologies) પહેલનો મુખ્ય હેતુ બંને દેશો વચ્ચે ઊભરતી અને નિર્ણાયક ટેકનોલોજીના ક્ષેત્રમાં સહયોગ વધારવાનો છે.આ પહેલ હેઠળ નીચે મુજબના મુખ્ય ક્ષેત્રો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)

સેમિકન્ડક્ટર

ક્વોન્ટમ કમ્પ્યુટિંગ

બાયોટેકનોલોજી

ઊર્જા અને અંતરિક્ષ (Space)

ભારતની વ્યૂહાત્મક ભૌગોલિક સ્થિતિ, ઝડપથી વિકસતી ડિજિટલ અર્થવ્યવસ્થા તેમજ AI અને ક્લાઉડ સેવાઓની સતત વધતી માંગને કારણે ભારત ભવિષ્યમાં વૈશ્વિક સ્તરે સબસી કેબલ હબ (Subsea Cable Hub) બનવાની મોટી ક્ષમતા ધરાવે છે.

ભારત અને અમેરિકાએ વૈશ્વિક અંડરસી કેબલ નેટવર્કને વધુ સુરક્ષિત, મજબૂત અને વૈવિધ્યસભર બનાવવા માટે પોતાની ભાગીદારી વધારવાનો નિર્ણય લીધો છે. અમેરિકી દૂતાવાસના જણાવ્યા અનુસાર, આ દરિયાઈ કેબલ વૈશ્વિક ઈન્ટરનેટ, ક્લાઉડ સેવાઓ, ડેટા સેન્ટર અને છૈં આધારિત અર્થવ્યવસ્થાની મુખ્ય કરોડરજ્જુ છે. બંને દેશો આ નેટવર્કના સંરક્ષણ અને વિસ્તાર માટે સાથે મળીને કામ કરશે.

અમેરિકાનું માનવું છે કે, ભારતની ભૌગોલિક સ્થિતિ, ઝડપથી વિકસતી ડિજિટલ અર્થવ્યવસ્થા તેમજ Aૈં અને ક્લાઉડ સેવાઓની સતત વધતી માંગ તેને વૈશ્વિક સ્તરે એક મુખ્ય સબસી કેબલ હબ બનાવી શકે છે. આ સાથે જ બંને દેશો છૈં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડેટા સેન્ટર રોકાણ અને આગામી પેઢીની ટેકનોલોજી માટે સપ્લાય ચેઈનને મજબૂત કરવાની દિશામાં એક સંયુક્ત રોડમેપ પણ તૈયાર કરી રહ્યા છે.

## સાઉદીએ ઓઈલ પાઈપલાઈન બંધ કરી

નવી દિલ્હી, તા.૧૨

સાઉદી અરબે સતત હુમલાઓ બાદ હોર્મુઝ સ્ટ્રેટના વિકલ્પ તરીકે ઉપયોગમાં લેવાતી પોતાની એકમાત્ર પ્રમુખ ઈસ્ટ-વેસ્ટ ઓઈલ પાઈપલાઈનને સાવચેતીનાપગલા રૂપે અસ્થાયી ધોરણે સ્થગિત કરી દીધી છે. આ દરમિયાન, ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓ રાતા સમુદ્રના વ્યૂહાત્મક બાબ અલ-મંદેબ સ્ટ્રેટના પેરીમ ટાપુ સુધી પહોંચી ગયા છે, જેના કારણે વૈશ્વિક સ્તરે ઓઈલ પુરવઠા પર મોટું જોખમ ઊભું થયું છે.સાઉદી અરબના ઊર્જા મંત્રાલયે સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું છે કે રિયાધ અને મદીના ક્ષેત્રોમાં ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈન પર અનેક હુમલા થયા બાદ આ પાઈપલાઈનને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવી છે.

## બિહારમાં પૂર-પરિસ્થિતિ ગંભીર : ૧૫ જિલ્લાના ૪૬.૮૮ લાખ લોકોને અસર

પટણા, તા.૧૨

બિહારમાં શુક્રવારે પૂરની પરિસ્થિતિ બિહામણી બની રહી છે. બંધમાં ભંગાણ પાડતી ગંગા નદી અને એની શાખાઓ ભયજનક સપાટીથી ઊંચે વહી રહી હોવાથી રાજ્યના ૧૫ જિલ્લાઓમાં ૪૬.૮૮ લાખ લોકો અસરગ્રસ્ત થયા છે.ભાગલપુર જિલ્લાના વિવિધ ભાગોમાં બંધના ચાર સ્થળોએ ભંગાણ થયું છે, જે પૈકી કેટલાક દુરસ્ત કરી દેવાયા છે, જ્યારે બાકીના સ્થળે કાર્ય થઇ રહ્યું છે. ગોપાલપુર બ્લોકમાં બ્રહ્મોત્તાર બંધમાનું ભંગાણ, જળસ્રોત વિભાગની ટેકનિકલ ટીમ અને સ્થાનિક લોકોના સાથ-સહકારથી રાતોરાત રિપેર કરી લેવાયું છે.રાંગ્રા બ્લોકમાં ધોબાનિઆ જમીનદારી બંધ ખાતે વહેલી સવારે ૪.૩૦ના સુમારે બંધમાં લગભગ ૨૦ ફીટનું ખવાણ થઇ જતા પીડબલ્યુડી રોડ નંબર-૧૪ની અંદર પૂરના પાણી પ્રવેશ્યા. એની સામે સંરક્ષણાત્મક ઢાલરૂપે વાંસના થાંભલા, રેતીની બેગો અને પ્લાસ્ટિક શીટનો ઉપયોગ કરી કામ ચલાવાયું હતું.રાન્ગરા ચોકમાં કાલબાલિયા નદી પરના ધોબાનિયા બંધમાં ભંગાણ જણાયું છે.

દિવેલાની ખેતી - પ્રગતિની કેડી
ખેડુત ભાઈઓ માટે ખાસ ભલામણ
પ્રગતિ સર્ટીફાઈડ હાઈબ્રીડ બિયારણ
• જી.સી.એચ - ૭
સુકારા અને કૃમિ સામે પ્રતિકારક
• જી.સી.એચ - ૪
સુકારા સામે અંશતઃ પ્રતિકારક
• જી.સી.એચ - ૨
મૂળના કહોવારા સામે પ્રતિકારક
પ્રગતિ
ઓર્ગેનિક જમીન સુધારક અને ખાતર
પ્રગતિ પ્લસ
નાઈટ્રોજન : ૪% થી વધુ, ફોસ્ફોરસ : ૧.૫% અને પોટાશ : ૧% થી વધુ
ઓછો ખર્ચ - વધુ ઉત્પાદકતા - વધુ પ્રગતિ
ઈસેદુ એગ્રોકેમ પ્રા. લી.
(સબસીડરી ઓફ જયંત એગ્રો - ઓર્ગેનીક્સ લી.)
પ્લોટ નં. ૬૬૭, સ્ટેટ હાઈવે નં.૪૧, મુ.પો. જગાણા
તા. પાલનપુર, જિ.બનાસકાંઠા (ઉત્તર ગુજરાત)
મો : ૭૫૭૫૦૦૧૮૮૦, ૭૫૭૫૦૦૧૮૭૩
Email : pragati@ihseduagro.com Web : www.ihseduagro.com

# સુશાસનના ૫ વર્ષ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં મહેસૂલી સુધારાથી રાજ્યના નાગરિકોને ઝડપી અને પારદર્શક સેવા સુનિશ્ચિત થઈ

ગાંધીનગર, ૧૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે સુશાસનના સફળ ૫ વર્ષ પૂર્ણ કર્યા છે. રાજ્યના નાગરિકો સુધી પ્રભાવી અને અસરકારક સેવા વિતરણ સુનિશ્ચિત કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે જરૂરી મહેસૂલી સુધારા કરીને સુશાસનનું દૃષ્ટાંત રજૂ કર્યું છે. તેમનું નેતૃત્વ પારદર્શિતા, સરળતા અને ટેક્નોલોજી આધારિત વહીવટ માટે જાણીતું છે. તેથી જ ગુજરાત સરકારે અમલમાં મૂકેલા વ્યાપક સુધારાઓ આજે રાજ્યના ખેડૂતો, ઉદ્યોગો અને વિકાસ પ્રોજેક્ટ્સ માટે આશીર્વાદરૂપ સાબિત થયા છે. જમીન નોંધણીથી લઈને બિનખેતીની મંજૂરી સુધીની પ્રક્રિયાઓને સરળ, પારદર્શક અને ડિજિટલ બનાવવાથી ગુજરાત સુશાસનનું રોલ મોડેલ બન્યું છે. આ સુધારાઓને લીધે રાજ્યના વિકાસને નવી ગતિ મળી છે, જે "ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસ" અને "ઈઝ ઑફ લિવિંગ"ને મજબૂતી આપે છે.

## રાજ્ય સરકારે આઝાદી પછી પ્રથમવાર ૭૫ વર્ષ જૂના 'ટુકડા ધારા-૧૯૪૭'માં મહત્વપૂર્ણ સુધારા કર્યા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ મહેસૂલ વિભાગે એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ ગવર્નન્સને નવી ગતિ આપી છે. ઈ-ધરા જેવી પ્રણાલીઓને વધુ મજબૂત બનાવવામાં આવી છે, જેના લીધે ખરાઈ સાથેના જમીન રેકોર્ડ સુરક્ષિત અને ઝડપથી નાગરિકોને ઉપલબ્ધ કરવામાં આવી રહ્યા છે. પરિણામે જમીન સંબંધિત વિવાદોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

કાયદાકીય સુરક્ષા જાળવીને પ્રક્રિયાને સરળ બનાવવા માટે બિનખેતી (NA) મંજૂરી પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન બનાવવામાં આવી છે. તેમાં સમયસર મંજૂરી મળવાથી સમય અને ખર્ચમાં ઘટાડો થયો છે અને ઉદ્યોગોને ફાયદો થવાની સાથે ખેડૂતોના હિતનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. સાથોસાથ, ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ મોડર્નાઈઝેશન પ્રોગ્રામ હેઠળ ૩૪ જિલ્લાઓમાં જમીન માપણી અને રીસર્વેની કામગીરી ના કારણે જેના કારણે જમીન વિવાદોમાં ઘટાડો થયો છે અને ખેડૂતોને લોન, પાક વીમા અને સરકારી સહાય સરળતાથી મળી રહી છે.

**આઝાદી પછી પ્રથમવાર ૭૫ વર્ષ જૂના 'ટુકડા ધારા-૧૯૪૭'માં મહત્વપૂર્ણ સુધારા**

આ સુધારા વિધેયકમાં ૧૯૪૭ થી અત્યાર સુધી થયેલા તમામ ટુકડા ધારાના ભંગ કોઈપણ પ્રકારના દંડ વિના નિયમબદ્ધ-વિનિયમિત કરવામાં આવશે. આ વિધેયકમાં ઉમેરવામાં આવેલી નવી કલમ-૫(૪)નો ઉપયોગ કરી રાજ્ય સરકાર દ્વારા તમામ લોકલ એરીયામાં એક સમાન ક્ષેત્રફળ ૧૦ ગુંઠા (૧૦૧૨ ચો.મી) નક્કી કરેલ છે. આ સુધારાથી જમીન લે-વેચમાં સ્થાનિક ગૂંચવાડા દૂર થશે. શહેરી વિસ્તારો ટુકડા ધારાની અસરમાંથી સંપૂર્ણ મુક્ત થશે અને સમગ્ર રાજ્યના સર્વાંગી વિકાસને ગતિ મળશે

**સેવાઓમાં ડિજિટલાઈઝેશન અને ટેકનોલોજીકલ સુધારા**

મહેસૂલી સેવાઓમાં ડિજિટલ ટેક્નોલોજીને સામેલ કરવાથી કામગીરી વધુ સરળ, પારદર્ષક અને ઝડપી બની છે. ગરવી ૨.૦ પોર્ટલના રાજ્યવ્યાપી અમલીકરણ દ્વારા દસ્તાવેજ નોંધણી પ્રક્રિયા ઓનલાઈન અને ફેસલેસ બનાવવામાં આવી છે. જન સેવા અને ઈ-ધરા કેન્દ્રો પરથી ફિઝિકલ સહી-સિક્કા વગરની ડિજિટલ સહી અને ઊઈ કોડવાળી નકલો (VF-6, VF-7, 8A) મેળવવાની સુવિધા ઉપલબ્ધ છે. તે સિવાય અરજદાર હવે સીટી સરવે કચેરીની રૂબરૂ મુલાકાત કર્યા વગર ઓનલાઈન માધ્યમથી ઈ-સીલ દ્વારા પ્રમાણિત કરેલી પ્રોપર્ટીકાર્ડની નકલ ઘરે બેઠા મેળવી શકે છે. જમીન ફાળવણીને લગતા સુધારા અંતર્ગત iORA પોર્ટલ દ્વારા રાજ્યના નાગરિકો સુધી ઝડપી અને પારદર્શક સેવાઓ પહોંચવામાં સરળતા મળી છે.

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરેલા આ નિર્ણયોથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સંકલ્પ મુજબના વિકસિત ભારત @ 2047 માટે વિકસિત ગુજરાત નિર્માણની યાત્રા વધુ વેગવાન બનશે**

**અત્યાધુનિક ટેક્નોલોજીથી જમીનનું મેપિંગ**

મહેસૂલ વિભાગે ISROની અત્યાધુનિક ટેકનોલોજીના માધ્યમથી રાજ્યના સમગ્ર ભૂભાગનું ઉચ્ચ રિઝોલ્યુશન ક્ષમતા સાથે મેપિંગ હાથ ધર્યું છે. આ પહેલ અંતર્ગત સરકારી જમીન પરના ગેરકાયદેસર દબાણો, લીઝ પર આપેલી જમીનનો દુરુપયોગ અને મર્યાદા બહારના ખનન (Mining) જેવી પ્રવૃત્તિઓ પર સચોટ દેખરેખ રાખવામાં આવે છે. AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) અને મશીન લર્નિંગ ટેકનોલોજી દ્વારા કોઈપણ અનધિકૃત ફેરફાર થતાં જ 'iORA' અને 'RO Diary' પર સ્વચાલિત (Automatic) એલર્ટ જનરેટ થાય છે, જેનાથી જમીન પર ત્વરિત કાયદેસરની કાર્યવાહી સુનિશ્ચિત કરી શકાય છે.

**ગતિશક્તિ પોર્ટલ સાથે એકીકરણ દ્વારા જમીન સંપાદન અને ખેડૂતોને વળતરની પ્રક્રિયા ઝડપી બની**

જમીન સંપાદનની કામગીરીને ઝડપી બનાવવા માટે ગતિશક્તિ પોર્ટલ સાથે એકીકરણ કરવામાં આવ્યું છે જેના લીધે રાજ્યના જાહેર ક્ષેત્રના મહત્વના પ્રોજેક્ટ્સમાં જમીન સંપાદન કરવામાં આવ્યું છે. તેમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, વડોદરા-મુંબઈ એક્સપ્રેસ વે, આબુરોડ-તારંગા હિલ રેલવે અને કેશોદ એરપોર્ટ જેવા મહત્વના પ્રોજક્ટ્સમાં સફળતાપૂર્વક જમીન સંપાદન થવાથી ખેડૂતોને ઝડપથી વળતર મળી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીના પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન મહેસૂલ વિભાગના મહત્વના સુધારા :

- ઈનામી કાયદા હેઠળ કબ્જા નિયમબધ્ધ કરવામાં આવ્યા. પ્રવર્તમાન જંત્રી કિંમતના ૨૦% કબ્જા હકકની કિંમત વસુલીને બિનઅધિકૃત કબ્જા નિયમબધ્ધ કરવાનો નિર્ણય
- અરજદારોના ફીડબેકના આધારે સેવા વિતરણમાં સુધારો કરવા માટે 'ફીડબેક સેન્ટર'ની શરૂઆત

## ગતિશક્તિ પોર્ટલ સાથે એકીકરણ દ્વારા જમીન સંપાદન અને ખેડૂતોને વળતરની પ્રક્રિયા ઝડપી બની

- ખેતી હેતુ નવી અને અવિભાજ્ય શરત, પ્રતિબંધિત સત્તા પ્રકાર અથવા નિયંત્રિત સત્તા પ્રકારની તમામ જમીનો જૂની શરતની ગણવાનો અને ખેતી-બિનખેતી હેતુફેર માટે કોઈપણ પ્રકારના પ્રિમીયમની વસુલીમાંથી મુક્તિ આપવાનો નિર્ણય
- જમીન સંપાદનના કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર - તા. ૧/૫/૧૯૬૦ પછી તમામ જમીન સંપાદનના કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર આપવાનો ખેડૂતલક્ષી હકારાત્મક નિર્ણય
- બિનખેતીના કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર વર્તમાન જંત્રી કિંમતના ૨૦% કબ્જા હકની કિંમત વસુલીને બિનઅધિકૃત કબ્જા નિયમબધ્ધ કરવાનો નિર્ણય
- પ્રવર્તમાન જંત્રી ભાવના ૧૦% પ્રિમીયમ વસુલ સાતે રિવાઈઝ બિનખેતી પરવાનગી આપવાનો નિર્ણય
- ખેડૂત ખરાઈ માટે હવે ૦૬/૦૪/૧૯૯૫ પહેલાનો રેકોર્ડ તપાસવાની જરૂર રહેશે નહીં
- ગ્રીન હાઈડ્રોજન નીતિ ૨૦૨૩: રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે સરકારી પડતર જમીન ભાડાપટ્ટે આપવાની નીતિ અમલમાં મૂકી
- બિનખેતી (NA) પ્રક્રિયામાં છૂટછાટ: રિન્યુએબલ એનર્જીના તમામ પ્રોજેક્ટ્સ માટે ખાનગી અને સરકારી જમીનમાં 'ડીમ્ડ એન.એ.' પરવાનગીનો લાભ આપવાની જોગવાઈ
- સરકારી જમીન ફાળવણીની પ્રક્રિયા ઝડપી અને સરળ બનાવવા માટે જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની સત્તામર્યાદામાં વધારો કરાયો

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કરેલા આ નિર્ણયોથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સંકલ્પ મુજબના વિકસિત ભારત @ 2047 માટે વિકસિત ગુજરાત નિર્માણની યાત્રા વધુ વેગવાન બનશે. ગુજરાતમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસથી એક ડગલું આગળ વધીને "કમ્ફર્ટ ઓફ ડુઈંગ બિઝનેસ" અને મેક્ઝિમમ ગવર્નન્સ-મિનિમમ ગવર્નમેન્ટ ચરિતાર્થ થશે.




# માધુરી હાથીની વનતારા ખાતે સારવાર પૂર્ણ, એક વર્ષથી વધુ સમયની વિશેષ સારવાર અને સ્વસ્થતા બાદ મહારાષ્ટ્ર પરત ફરશે



જામનગર સ્થિત વન્યજીવ પુનર્વસન અને સંરક્ષણ કેન્દ્ર વાંતારા ખાતે વિશેષ તબીબી સારવાર માટે લાવવામાં આવેલી માધુરી હાથીએ એક વર્ષથી વધુ સમયની સારવાર અને પુનર્વસન પ્રક્રિયા પૂર્ણ કરી છે અને હવે તે મહારાષ્ટ્રના કોલ્હાપુર સ્થિત નંદાની મઠ ખાતે પરત ફરવા માટે તૈયાર છે. માધુરીને વાંતારા ખાતે લાવવામાં આવી ત્યારે તે અદ્યતન આર્થરાઈટિસ, લાંબા સમયથી ચાલતી પગની બીમારી અને હલનચલનની ગંભીર સમસ્યાઓથી પીડાતી હતી. વર્ષો સુધી મર્યાદિત હલનચલન અને સખત કૉંક્રિટની સપાટી પર રહેવાને કારણે તેની આ સ્થિતિ વિકસિત થઈ હતી. લાંબા સમય સુધી સાંકળોથી બાંધેલી રાખવામાં આવવાથી તેની કુદરતી હલનચલન વધુ મર્યાદિત થઈ હતી અને સાંધાની જકડાશ તથા હલનચલનની સમસ્યાઓ વધુ ગંભીર બની હતી. તેની સ્થિતિ ગંભીર હોવા છતાં, તેનો ઉપયોગ તહેવારો અને જાહેર સરઘસોમાં કરવામાં આવતો રહ્યો હતો, જેમાં દોરડાથી બાંધેલી સ્થિતિમાં ગરમ ડામરના રસ્તાઓ પર લાંબા અંતર સુધી તેને ચાલવું પડતું હતું.

વાંતારા ખાતે અનંત અંબાણીના માર્ગદર્શન હેઠળ, માધુરીને બહુમુખી નિષ્ણાતોની ટીમ દ્વારા વ્યાપક અને વિશેષ તબીબી સારવાર આપવામાં આવી, જેમાં તેના શારીરિક સ્વાસ્થ્ય, હલનચલન અને ભાવનાત્મક સુખાકારીને પુનઃસ્થાપિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.

વાંતારા ખાતે છેલ્લા એક વર્ષ દરમિયાન, માધુરીએ પશુચિકિત્સકો, સંભાળ રાખનારાઓ, પોષણ નિષ્ણાતો અને વર્તણૂક નિષ્ણાતોની બહુમુખી ટીમના માર્ગદર્શન હેઠળ સઘન પુનર્વસન કાર્યક્રમમાં ભાગ લીધો. તેની સારવારમાં હાઈડ્રોથેરાપી, લેસર થેરાપી, લક્ષિત પોષણ, વિશેષ પગની સંભાળ અને સતત દેખરેખનો સમાવેશ થતો હતો. આ તમામ પ્રયાસોનો હેતુ તેની હલનચલન ક્ષમતા સુધારવા, લાંબા સમયથી ચાલતી તબીબી સમસ્યાઓનું સંચાલન કરવા અને તેના સમગ્ર સ્વાસ્થ્યને પુનઃસ્થાપિત કરવાનો હતો.

તેની શારીરિક સ્વસ્થતા ઉપરાંત, માધુરીએ ભાવનાત્મક પુનર્વસનની પણ મહત્વપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ કરી. વાંતારા ખાતે તેને સુરક્ષિત અને સમૃદ્ધ વાતાવરણમાં અન્ય હાથીઓ સાથે સંપર્ક સાધવાની અને તેમની સાથે સંબંધ વિકસાવવાની તક આપવામાં આવી. આ સામાજિક સાથસંગતે વર્ષો સુધી મર્યાદિત હલનચલન અને કેદ જેવી પરિસ્થિતિમાં રહ્યા બાદ તેની ભાવનાત્મક સ્થિરતા અને સુરક્ષાની ભાવના પુનઃસ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

માધુરીનું વાપસીનું પગલું સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત હાઈ પાવર્ડ કમિટિ (ૐઝ) દ્વારા કરવામાં આવેલા મૂલ્યાંકન બાદ લેવામાં આવ્યું છે, જેમાં માધુરીના સુધરેલા સ્વાસ્થ્યની સમીક્ષા કરવામાં આવી હતી. આ મૂલ્યાંકન બાદ, ગુજરાતથી મહારાષ્ટ્ર સુધી તેના સ્થળાંતર માટે જરૂરી મંજૂરીઓ અને ટ્રાન્ઝિટ પરમિટ આપવામાં આવ્યા હતા.

માધુરી વાંતારાથી વિશેષ રીતે તૈયાર કરવામાં આવેલી હાથી એમ્બ્યુલન્સમાં પોતાની યાત્રા શરૂ કરશે. સમગ્ર યાત્રા દરમિયાન તેની સુવિધા, સુરક્ષા અને સતત તબીબી દેખરેખ સુનિશ્ચિત કરવા માટે વાંતારાની પશુચિકિત્સક અને સંભાળ ટીમના સભ્યો તેની સાથે રહેશે.

માધુરીની વાપસી માત્ર એક વર્ષથી વધુ સમય ચાલેલી તેની તબીબી સારવાર અને સ્વસ્થતાની યાત્રાની પૂર્ણતા નથી, પરંતુ તે વાંતારાની પોતાની પ્રતિબદ્ધતાનો પણ એક ભાગ છે. માધુરીના કલ્યાણ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા નિભાવતા અનંત અંબાણીએ સુનિશ્ચિત કર્યું કે વાંતારા ખાતે તેને વ્યાપક તબીબી સારવાર અને પુનર્વસન આપવામાં આવે. તેના સ્વાસ્થ્ય અને પુનઃપ્રાપ્તિના સંપૂર્ણ મૂલ્યાંકન બાદ, માધુરીને હવે પરત ફરવા માટે તંદુરસ્ત જાહેર કરવામાં આવી છે અને તે કોલ્હાપુર પરત ફરવા માટે તૈયાર છે.

# કેનસ્ટારએ એર ફ્રાયર્સની વિશાળ શ્રેણી લોન્ચ કરી

ભારતની અનેક અગ્રણી હોમ એપ્લાયંસિસ બ્રાન્ડમાંની એક કેનસ્ટારએ પોતાના નવા એર ફ્રાયર શ્રેણીને લોન્ચ કર્યું હોવાની ઘોષણા કરી છે, જે ગ્રાહકોને તમામ ક્ષમતાઓ, ડિઝાઈન્સ અને કૂકીંગ ફીચર્સમાં વધુ પસંદગીઓ પ્રદાન કરે છે. તંદુરસ્ત કૂકીંગ, સુગમતા, સવર્શ્રેષ્ઠતા અને સમકાલીન ડિઝાઈનના સમન્વય દ્વારા ભારતીય ઘરગથ્થુઓની બદલાતી જતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે નવી શ્રેણીની ડિઝાઈન કરવામાં આવી છે.

આ પોર્ટફોલિયોમાં રોજિંદા વપરાશ માટે કોમ્પેક્ટ એર ફ્રાયર્સ, એકસાથે બે ડીશ રાંધવા માટે ડ્યૂઅલ બાસ્કેટ મોડેલ્સ, સંપૂર્ણ કાચના એર ફ્રાયર્સ અને મોટા પરિવારો અને કૂકીંગની જરૂરિયાતો માટે ઊંચી ક્ષમતાવાળા એર ફ્રાયર્સ ઓવેન્સનો સમાવેશ થાય છે. આ વિશાળ શ્રેણી સાથે ગ્રાહકો પોતાના પરિવારના કદ, રસોડાન જગ્યા, કૂકીંગ જરૂરિયાતો અને ભેટ આપવન જરૂરિયાતોને આધારે એર ફ્રાયરની પસંદગી કરી શકે છે.

ભારતમાં એર ફ્રાયર્સની સૌથી વિશાળ રેન્જના લોન્ચ પર ટિપ્પણી કરતા કેનસ્ટારના સીઈઓ શ્રી સુનીલ જૈનએ જણાવ્યું હતું કે, "ભારતીય રસોડાઓ વિકસી રહ્યા છે અને ગ્રાહકો આજે એવા એપ્લાયંસિસ (ઉપકરણો)ની શોધમાં છે જે વધુ સારી સુગમતા, શ્રેષ્ઠતા અને તંદુરસ્ત માર્ગો પ્રદાન કરતા હોય જેથી તેઓને પ્રિય ખોરાકને માણી શકે. કેનસ્ટાર ખાતે અમારું હંમેશા અર્થપૂર્ણ એવી નવીનતાઓનુ સર્જન કરવા પર રહ્યુ છે જે રોજિંદા જીવનને વધુ સરળ અને આનંદદાયક બનાવે. અમારી નવા એર ફ્રાયર્સની શ્રેણી વિવિધ પોર્ટફોલિયોમાં એકસાથે ૩૬૦ ડિગ્રી ટર્બો એર ટેકનોલોજી, મલ્ટીફંકશનલ કૂકીંગ, વિસ્તરિત શ્રેષ્ઠતા અને સમકાલીન ડિઝાઈન લાવે છે, જે ગ્રાહકોને તેમની જરૂરિયાત સાથે સારી રીતે ફીટ બેસે તેની પસંદગી કરવાની સ્વતંત્રતા આપે છે. આ શ્રેણી સાથે અમે એર ફ્રાયર્સને પર્ફોમન્સ ડિલીવર કરવાની સાથે અને કેનસ્ટાર પાસેથી જે ગ્રાહકો અપેક્ષા રાખે છે તે વિશ્વસનીયતા સાથે રોજિંદા કૂકીંગના વધુ શ્રેષ્ઠ અને સુગમ ભાગ બનાવવાનો હેતુ ધરાવીએ છીએ."

નવી શ્રેણીમાં ડ્યુઓકોર ઈન્ટેલી હીટિંગ ટેકનોલોજી જેવી અદ્યતન ટેકનોલોજી છે, જે ગરમીને સમાનરૂપે વિતરિત કરવામાં મદદ કરે છે જેથી તે વધુ સારી રીતે બ્રાઉનિંગ અને ક્રિસ્પિંગ થાય, અને ટર્બો એર ટેકનોલોજી, જે એકસમાન રસોઈ અને સંપૂર્ણ ક્રંચને ટેકો આપે છે.

આ શ્રેણી ઓછા તેલમાં રસોઈને પણ સપોર્ટ કરે છે, જે ગ્રાહકોને ઓછા તેલમાં ક્રિસ્પી અને સ્વાદિષ્ટ ખોરાક તૈયાર કરવામાં મદદ કરે છે. પસંદગીના મોડેલો સ્માર્ટ પ્રીસેટ મેનુઓ અને રીહીટ, ગ્રીલ, ટોસ્ટ, ક્રિસ્પી ફ્રાય, તંદૂર, ડિહાઈડ્રેટ અને બેક જેવા બહુવિધ રસોઈ મોડ્સ સાથે આવે છે, જે ઉપકરણોને નિયમિત એર ફ્રાઈંગ કરતાં વધુ માટે ઉપયોગી બનાવે છે..

# DRM વેદ પ્રકાશએ અમદાવાદ મંડળના વિવિધ સ્ટેશનો અને માલ પરિવહન સુવિધાઓનું કર્યું નિરીક્ષણ



ગુજરાતમાં રેલવે સંરક્ષા અને મૂળભૂત માળખાને મજબૂત કરવાની દિશામાં ભારતીય રેલવે દ્વારા સતત કામો કરવામાં આવી રહ્યા છે. આ જ ક્રમમાં ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ મંડળ રેલ પ્રબંધક (DRM) અમદાવાદ શ્રી વેદ પ્રકાશ એ સિનિયર રેલવે અધિકારીઓ સાથે મંડળના વિવિધ સ્ટેશનો અને માલ પરિવહન સાથે સંકળાયેલી સુવિધાઓનું નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે યાત્રીઓની સુવિધાઓ, રેલવે પરિચાલન, સંરક્ષા, સ્વચ્છતા તથા માલ લોડિંગ-અનલોડિંગ સાથે સંકળાયેલી વ્યવસ્થાઓની વિગતવાર સમીક્ષા કરી અને સંબંધિત અધિકારીઓને જરૂરી દિશા-નિર્દેશો આપ્યા.

**દેવળિયા રેલવે સ્ટેશન અને MMCTનું નિરીક્ષણ**

DRM શ્રી વેદ પ્રકાશ એ દેવળિયા રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કરી સ્ટેશન પર ઉપલબ્ધ યાત્રીઓની સુવિધાઓ, સ્ટેશનની વ્યવસ્થાઓ અને રેલવે પરિચાલન સંબંધિત વ્યવસ્થાઓની સમીક્ષા કરી.

નિરીક્ષણ દરમિયાન તેમણે સ્ટેશન પર સુરક્ષા, સ્વચ્છતા અને યાત્રીની સુવિધાઓને વધુ ઉત્તમ બનાવવા પર ભાર મૂક્યો. યાત્રીઓની સુવિધા અને સુરક્ષિત રેલવે પરિચાલન સુનિશ્ચિત કરવા માટે જરૂરી સુધારાત્મક પગલાં સમયસર પૂરા કરવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી. ત્યારબાદ DRM શ્રી વેદ પ્રકાશ એ દેવળિયા સ્થિત ઊજીહિ Carriers ના Multi Modal Cargo Terminal (MMCT) ની લોડિંગ-અનલોડિંગ સાઈડિંગનું નિરીક્ષણ કર્યું.

આ દરમિયાન તેમણે માલ લોડિંગ અને અનલોડિંગની વ્યવસ્થાઓ, ટર્મિનલ સંચાલન તથા લોજિસ્ટિક્સ સુવિધાઓની સમીક્ષા કરી. તેમણે રેલવે આધારિત મલ્ટીમોડલ લોજિસ્ટિક્સને પ્રોત્સાહન આપવા તથા માલ પરિવહનને વધુ સરળ, ઝડપી, સુરક્ષિત અને અસરકારક બનાવવા માટે જરૂરી વ્યવસ્થાઓ પર ભાર મૂક્યો.

DRM એ અધિકારીઓને ટર્મિનલની કાર્યક્ષમતાનો વધુ સારો ઉપયોગ કરવા, માલ લોડિંગ-અનલોડિંગ પ્રક્રિયાને વધુ વ્યવસ્થિત બનાવવા અને રેલવે દ્વારા માલ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે જરૂરી દિશા-નિર્દેશો આપ્યા.

**ભીમાસર સ્ટેશન પર આધુનિક માલ લોડિંગ સુવિધાઓનું નિરીક્ષણ**

અમદાવાદ મંડળના ગાંધીધામ-ભીમાસર સેક્શનમાં આવેલા ભીમાસર (BMSB) રેલવે સ્ટેશનનું પણ DRM શ્રી વેદ પ્રકાશ એ નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે સ્ટેશન પર જથ્થાબંધ માલ, ખાસ કરીને મીઠાના લોડિંગ અને અનલોડિંગ માટે વિકસાવવામાં આવેલી આધુનિક સાઈડિંગની સમીક્ષા કરી. તેમણે સાઈડિંગ સંબંધિત ટેકનિકલ વ્યવસ્થાઓ, કામગીરીની પ્રક્રિયાઓ અને માલ લોડિંગ-અનલોડિંગની કાર્યપદ્ધતિનું નિરીક્ષણ કર્યું. DRM શ્રી વેદ પ્રકાશ એ અધિકારીઓને માલ લોડિંગ અને અનલોડિંગમાં કાર્યક્ષમતા વધારવા, કામગીરી સુગમ બનાવવા અને ઉપલબ્ધ રેલવે માલ પરિવહન ક્ષમતાનો મહત્તમ અને અસરકારક ઉપયોગ સુનિશ્ચિત કરવા સૂચના આપી. તેમણે રેલવે પરિવહન દ્વારા માલની હેરફેર વધારવા અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે રેલવેની ભૂમિકાને વધુ મજબૂત કરવા પર વિશેષ ભાર મૂક્યો.

**શિવાલખા GCTનું કર્યું નિરીક્ષણ**

DRM શ્રી વેદ પ્રકાશ એ સામખિયાળી-પાલનપુર સેક્શનમાં શિવાલખા ખાતે સ્થિત ગતિશક્તિ કાર્ગો ટર્મિનસનું પણ નિરીક્ષણ કર્યું. આ GCT નો વિકાસ KMT Engg. Pvt. Ltd. દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ પરિયોજનાની પ્રસ્તાવિત કુલ પડતર આશરે ?૨૦૦ કરોડ છે, જેમાંથી રેલવેથી સંબંધિત પરિયોજના પડતર લગભગ ?૧૨.૯૭ કરોડ છે. તે આશરે ૧૫૦ એકર વિસ્તારમાં વિકસાવવામાં આવી રહ્યો છે. આ પરિયોજના હેઠળ રેલવે વેગન ઉત્પાદન સાથે કન્ટેનર ટ્રાફિક માટે જરૂરી સુવિધાઓ વિકસાવવામાં આવશે. આ પરિયોજના સ્થાનિક સ્તરે આર્થિક પ્રવૃત્તિઓને ઝડપી બનાવવાની સાથે આશરે ૨,૦૦૦ લોકોને રોજગારીની તકો પૂરી પાડવામાં પણ મદદરૂપ થશે.

નિરીક્ષણ દરમિયાન DRM શ્રી વેદ પ્રકાશ એ ટર્મિનલની વિકાસ અને પરિચાલન સંબંધિત તૈયારીઓની સમીક્ષા કરી અને અધિકારીઓને પરિયોજના સાથે સંકળાયેલી રેલવે સુવિધાઓ નિર્ધારિત ધોરણો મુજબ વિકસાવવા અને માલ પરિવહન ક્ષમતાનો મહત્તમ ઉપયોગ સુનિશ્ચિત કરવાની સૂચનાઓ આપી.

**નવવિકસિત ગોપાલપુર રેલવે સ્ટેશનનું નિરીક્ષણ**

DRM શ્રી વેદ પ્રકાશ એ નવવિકસિત ગોપાલપુર રેલવે સ્ટેશનનું પણ નિરીક્ષણ કર્યું. તેમણે સ્ટેશન પર યાત્રીઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલી વિવિધ સુવિધાઓ, સ્ટેશન સંકુલની વ્યવસ્થાઓ અને ઉદઘાટન કાર્યક્રમ સંબંધિત તૈયારીઓની સમીક્ષા કરી. આ દરમિયાન સંબંધિત અધિકારીઓને તમામ વ્યવસ્થાઓ સમયસર, સુવ્યવસ્થિત અને સુગમ રીતે થાય તે સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી. આધુનિક સુવિધાઓથી સજ્જ ગોપાલપુર રેલવે સ્ટેશન યાત્રીઓને વધુ સારી, સુરક્ષિત અને સુવિધાસભર યાત્રાનો અનુભવ પૂરો પાડવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. સ્ટેશનના વિકાસથી વિસ્તારના રેલવે યાત્રીઓને ઉત્તમ સુવિધાઓ મળવાની સાથે સ્થાનિક વિસ્તારની રેલવે કનેક્ટિવિટી અને યાત્રીઓની સેવા વ્યવસ્થાને પણ બળ મળશે.

નિરીક્ષણ દરમિયાન DRM શ્રી વેદ પ્રકાશ એ અધિકારીઓ અને કર્મચારીઓને રેલવે સંરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને યાત્રીઓની સુવિધાઓ, પરિચાલન ક્ષમતા, સ્વચ્છતા અને માલ પરિવહન સંબંધિત વ્યવસ્થાઓમાં સતત સુધારો સુનિશ્ચિત કરવાની સૂચનાઓ આપી. અમદાવાદ મંડળ દ્વારા રેલવે સંરક્ષા, યાત્રીઓની સુવિધાઓ અને માલ પરિવહનના મૂળભૂત માળખાને મજબૂત કરવા માટે આ પ્રકારના નિરીક્ષણ અને સમીક્ષા કામો સતત હાથ ધરવામાં આવી રહ્યા છે.

# ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વડોદરા–જામનગર–વડોદરા ઈન્ટરસિટી ટ્રેન રદ રહેશે

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના અમદાવાદ–વિરમગામ સેક્શનમાં સાબરમતી (SBT) સ્ટેશન ખાતે રેલવે ટ્રેક નંબર ૦૧, ૦૨ અને ૦૩ ઉપર બોક્સ પ્રકારના ફૂટ ઓવર બ્રિજ (FOB)ના લોન્ચિંગનું કામ ક્રેન તથા હાઈડ્રા મશીનોની મદદથી કરવામાં આવશે. મુસાફરોની સુરક્ષા તથા કામગીરીના સુચારુ અમલીકરણને ધ્યાનમાં રાખીને વડોદરા–જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ રદ રાખવામાં આવશે.

⌅ ટ્રેન નંબર ૨૨૯૫૯/૨૨૯૬૦ વડોદરા–જામનગર–વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સંપૂર્ણપણે રદ રહેશે.

પ્રભાત

# સગીરોને ડિજિટલ સુરક્ષાનું કવચ આપવું જરૂરી

બાળકોને લઇ સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ્સનો સુરક્ષિત ઉપયોગ કરવામાં નહીં આવતા આ મુદ્દો વૈશ્વિક ચિંતાનો વિષય બન્યો છે. આ ચિંતા સાથે સંકળાયેલી એક અરજી પર આદેશ આપતી વેળા સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકાર તથા સંબંધિત પક્ષોને નોટિસ આપી છે.

આ અરજીમાં બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર સુરક્ષાની માંગણી કરવામાં આવી હતી અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે, ૧૮ વર્ષથી ઓછી વયના બાળકો માટે સોશ્યલ મીડિયા એકાઉન્ટ ખોલતી વેળા માવતરની સંમતિ લેવી જરૂરી છે.

આ અરજીમાં જે ચિંતા વ્યકત કરવામાં આવી છે તેને યોગ્ય ગણાવતી વેળા સુપ્રિમ કોર્ટે મૌખિક ટિકા કરી હતી કે, ભારતમાં બાળકો માટે ઘણા સુરક્ષા ઉપાયોની જરૂર છે.

આ બાબતમાં સૌથી મોટી ચિંતાનો વિષય આ છે કે, મુખ્ય સોશિયલ મીડિયા કંપનીઓના નિયમો ભારતીય કાયદા મુજબ નથી. ભારતમાં ૧૮ વર્ષથી ઓછી વયના બાળકો સગીર શ્રેણીમાં આવે છે જ્યારે સોશીયલ મીડિયા પ્લેટફોર્મ ૧૩ વર્ષના બાળકને એકાઉન્ટ ખોલવાની સંમતિ આપે છે.

આ બાબત સામે આંખ આડા કાન કરી ન શકાય કે ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયાના વિસ્તારથી બધી વયના લોકો માટે શિક્ષણ, સંવાદ તથા મનોરંજનના ઘણા વિકલ્પો ઉભા થયા છે પરંતુ આ બધી સગવડો પાછળ જોખમ છુપાયેલું હોય છે.

નાની વયથી તે બાળકો સોશીયલ મીડિયાનો વધુ પડતો ઉપયોગ કરે તો તેઓ શારીરિક અને માનસિક બિમારીનો ભોગ બને છે સોશીયલ મીડિયા પર રજૂ થતાં નુકસાન કારક કન્ટેન્ટ, સાયબર બુલિગ તથા ઓન લાઇન શોષણનું જોખમ રહેલું છે.

બાળ યૌન શોષણ સામગ્રીનો જે પ્રસાર થઇ રહ્યો છે તેનાથી સામાજિક પડકારો વધ્યા છે જ્યારે ગુનાખોરીના પ્રમાણમાં પણ વધારો થયો છે આ કારણથી જ કોર્ટે હવે ડિજિટલ પ્લેટફોર્મની જવાબદારી, વિવિધ કાયદાનું પાલન તથા બાળકોની સુરક્ષા માટે સંતુલન રાખવું જોઇએ તે બાબતે સ્પષ્ટતા કરવા માંગે છે.

આ ચર્ચા માત્ર સોશિયલ મીડિયામાં થતા ઉપયોગમાં વય મર્યાદાનો મુદ્દો નથી પરંતુ બાળકો માટે સુરક્ષિત ડિજિટલ વાતાવરણ તૈયાર કરવા માટે જોડાયેલો પડકાર છે આ પડકારને પાર પાડવા માટે ગત વર્ષે ઓસ્ટ્રેલિયામાં ૧૬ પડકારને પાર પાડવા માટે ગત વર્ષે ઓસ્ટ્રેલિયામાં ૧૬ વર્ષથી નાની વયના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર કાયદાકીય પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

ભારતમાં જ્યારે બાળકોના સોશિયલ મીડિયાના ઉપયોગ વિશે વય મર્યાદા નક્કી કરવાનો મુદ્દો ઉભો થાય છે ત્યારે આ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, બાળકોની વય કોણ નક્કી કરશે. આ પ્રશ્ન એટલા માટે મહત્વનો છે કે, સોશિયલ મીડિયા કંપનીઓ સાચી વય નક્કી કરવા માટે કોઇ વિશ્વસનીય પદ્ધતિ આપતું નથી.

સગીર બાળકો માટે ડિજિટલ સુરક્ષાની ઢાલ ઉભી થવી જોઇએ તે સમયની માગ છે બાળકોને સોશીયલ મીડિયાના ઉપયોગથી થતા જોખમોથી દૂર રાખવા માટે કાયદાકીય ઉપાયો જરૂરી છે. પરંતુ દરેક લોકોએ જાગૃત રહેવું પડશે જો આ બાબતમાં આળસ રાખવામાં આવશે તો તેના ગંભીર પરિણામો આવી શકે છે.

સગીર બાળકોને ડિજિટલ દુનિયાના જોખણો અને ઓનલાઇન ક્ષતિઓથી બચાવવા તથા તેમની ડિજિટલ સુરક્ષા સુનિશ્ચિત કરવા મહત્વપૂર્ણ પગલાં ભરવા જરૂરી છે જેમાં પ્રથમ છે સ્માર્ટ ફોન, ટેબ્લેટ અને ટીવીમાં અન્ય પેરેન્ટસ કંટ્રોલ ટુલ્સનો ઉપયોગ કરવો જોઇએ.

ગુગલ સર્ચ, યુટ્યુબ અને અન્ય સર્ચ એન્જિનમાં સેઇફ સર્ચ વિકલ્પ ચાલુ રાખવો જોઇએ જેથી અશ્લિલ કે અયોગ્ય સામગ્રી ફિલ્ટર થઇ જાય ડિજિટલ ઉપકરણોનો ઉપયોગ કરવા માટે ચોક્કસ સમય નક્કી કરવો જોઇએ રાત્રે ઉંઘતા પહેલા સ્ક્રીન બંધ કરવાનો નિયમ બનાવવો જોઇએ.

માવતરોએ બાળકોને સમજ આપવી જોઇએ કે, પોતાનું નામ, શાળાનું નામ, ઘરનું સરનામું, ફો નંબર કે લાઇવ લોકેશન સોશિયલ મીડિયા પર શેર કરવું નહીં બાળકોને તેમના એકાઉન્ટસ માટે મજબૂત પાસવર્ડ બનાવવા શીખવવું જોઇએ અને આ પાસવર્ડ મિત્રો સાથે શેર કરવો નહીં તેવી સમજ આપવી જરૂરી છે.

બાળકો સાથે માવતરોએ મિત્ર સમકક્ષ વ્યવહાર રાખવો જરૂરી છે જેથી તે ઓનલાઇન કોઇ અજાણ્યા વ્યક્તિની શંકાસ્પદ પ્રવૃત્તિ કે ધમકીથી ડર્યા વગર માવતર સમક્ષ ખુલ્લા દિલે વાત કરી શકે. બાળકોને ઓનલાઇન કોઇને પણ ટ્રોલ ન કરવા અને જો પોતે સાયબર બુલિગનો ભોગ બને તો તરત વાલી કે શિક્ષકનો સંપર્ક કરવો તેમ જણાવવું જોઇએ. ઓન લાઇન ગેમ્સ કે સોશિયલ મીડિયા પર અજાણ્યા લોકો સાથે ચેટિંગ કરવાથી કે તેમની મોકલેલી લિંક ઓપન કરવાથી થતા જોખમો સમજાવવા જરૂરી છે બેડરૂમ અને ડાઇનીંગ ટેબલ પર મોબાઇલ અને લેપટોપનો ઉપયોગ કરવો જોઇએ નહીં. માવતરોએ બાળકના ઓનલાઇન રસ અને રૂચીમાં ભાગ લેવો જોઇએ અને સાથે મળીને શૈક્ષણિક કન્ટેન્ટ જોવી જોઇએ.

ગુગલ ફેમીલી લિંક સેટ કરવા માટે માતા-પિતા અને બાળક બન્નેના ફોન પાસે હોવા જરૂરી છે. આ માટે માતા-પિતા અને બાળક બંને પાસે પોત પોતાનું વ્યક્તિગત ગુગલ એકાઉન્ટ (જીમેલ) હોવું જરૂરી છે જો બાળકનું એકાઉન્ટ ન હોય તો પ્રોસેસ દરમ્યાન નવું એકાઉન્ટ બનાવવું જરૂરી છે.

સગીરો મોબાઇલનો વધુ પડતો ઉપયોગ કરવા પાછળ ઘણા સામાજિક, માનસિક અને તકનીકી કારણો જવાબદાર છે સગીરો એવું માનતા હોય છે કે, મિત્ર વર્તુળમાં શું ચાલી રહ્યું છે? સોશીયલ મીડિયા પર કયો નવો ટ્રેન્ડ છે? આ બધી બાબતોથી અજાણ રહી જવાનો ડર તેમને હોય છે આથી કિશોરો વારંવાર સ્ક્રીન ચેક કરે છે. સોશિયલ મીડિયા અને ઓનલાઇન ગેમ્સ એવી રીતે ડિઝાઇન કરવામાં આવે છે કે, મગજમાં ખુશી અને ઉત્સાહ આપનારૂ ડોયોમાઇન કેમિકલ રિલિઝ કરે છે જેનાથી બાળકોને મોબાઇલની ટેવ પડે છે.

નાની વયે મિત્રોની સ્વીકૃતિ અને પીઅસર પ્રેશર મહત્વનો ભાગ ભજવે છે. આથી કિશોરો સોશિયલ મીડિયા પર લાઇકસ અને કમેન્ટ્સ દ્વારા પોતાની ઓળખ અને લોકપ્રિયતા શોધવાનો પ્રયત્ન કરે છે.

# મહેસાણામાં નિવૃત્ત ક્લાર્કના ખાતામાંથી યુપીઆઈ દ્વારા ૩.૯૯ લાખ સેરવી લેવાયા

મહેસાણા, તા.૧૨

નર્મદા નિગમમાંથી તાજેતરમાં નિવૃત્ત થયેલા એક સિનિયર સિટિઝનના બેંક ખાતામાંથી અજાણ્યા સાયબર ગઠિયાઓએ કોઈપણ જાતની જાણ કે સહમતી વગર અલગ-અલગ UPI ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.૩.૯૯ લાખથી વધુની રકમ સેરવી લેતાં સાંથલ પોલીસે છેતરપિંડી અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મહેસાણાના રાધનપુર રોડ પર ધરતી હાર્મોની ફ્લેટમાં રહેતા અને નર્મદા નિગમમાંથી જુનિયર ક્લાર્ક તરીકે નિવૃત્ત થયેલા ૫૮ વર્ષીય શક્તિદાન પ્રતાપજી ગઢવીનું જોટાણા ખાતે આવેલી બેંક ઓફ બરોડાની શાખામાં બચત ખાતું છે. નિવૃત્તિ પેટે તેમને મળેલા ભંડોળમાંથી રૂ.૧૦ લાખ તેમણે આ ખાતામાં જમા કરાવ્યા હતા.

ગત તા. ૨ સપ્ટેમ્બરે રાત્રિના સમયે તેઓ ઘરે હાજર હતા ત્યારે તેમના મોબાઈલ ફોન પર ઉપરાઉપરી બેંકમાંથી પૈસા કપાયાના મેસેજ આવવા લાગ્યા હતા.

જો કે, રાત્રિના સમયે મેસેજ ન જોતાં અને બેંક બંધ હોવાથી તેઓ સવારે જોટાણા ખાતે બેંકની શાખામાં દોડી ગયા હતા. ત્યાં પહોંચીને તપાસ કરતાં ખાતામાંથી વધુ રૂ.૮૦ હજાર જેટલી રકમ કપાઈ ચૂકી હતી. બેંક મેનેજરે તપાસ કરીને જણાવ્યું કે, તેમના ખાતામાંથી સાયબર ફ્રોડ કરીને કુલ રૂ.૩,૯૯,૬૪૭.૨૯ ઉપાડી લેવાયા છે.

બેંક સ્ટેટમેન્ટની વિગતો તપાસતાં સામે આવ્યું હતું કે, ૨ સપ્ટેમ્બરની રાત્રિથી ૩ સપ્ટેમ્બરની સવાર સુધીમાં અલગ-અલગ ૧૧ જેટલા UPI આઈડી દ્વારા આ રકમ સેરવી લેવામાં આવી હતી. શક્તિદાને તરત પોતાનું ખાતું બ્લોક કરાવી સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ સાંથલ પોલીસ મથકે આપેલી લેખિત ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા સાયબર ઠગો સામે છેતરપિંડી તેમજ આઈટી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓનું પગેરું મેળવવા ચક્રો ગતિમાન કર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લાં ઘણાં વર્ષોથી સાયબરગઠિયાઓ દ્વારા આ પ્રકારની છેતરપિંડીના કેસો રાજ્યમાં વધી રહ્યાં છે જે ચિંતાનો વિષય બની ગયો છે.



# શેઠ સી કે સરસ્વતી સ્કૂલની પ્રેરણાદાયી શૈક્ષણિક મુલાકાત

ઈડર,તા.૧૨

શેઠ સી. કે. સરસ્વતી મંદિર, ઈડર દ્વારા વિદ્યાર્થીઓમાં વ્યાવહારિક જ્ઞાન, સામાજિક સંવેદના અને નાગરિક ફરજો પ્રત્યે જાગરૂકતા કેળવાય તે હેતુથી ધોરણ ૬ થી ૮ ની વિદ્યાર્થીનીઓ માટે એક વિશેષ શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુલાકાત દરમિયાન વિદ્યાર્થીનીઓએ રાષ્ટ્રીય અંધજન મંડળ ખાતે દિવ્યાંગ વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ, તેમની શિક્ષણ પદ્ધતિ (બ્રેઈલ લિપિ) વિશે માહિતી મેળવી હતી. તેમજ મંડળ ના સંચાલક શ્રીમતી પ્રવિણાબેન ભાસ્કરભાઈ મહેતા દ્વારા સંસ્થા ની ખૂબ સુંદર માહિતી આપવામાં આવી હતી.દિવ્યાંગોની આત્મનિર્ભરતા અને તેમની કાર્યક્ષમતા જોઈ વિદ્યાર્થીનીઓ ખૂબ જ પ્રભાવિત થઈ હતી.

ત્યારબાદ વિદ્યાર્થીનીઓએ ઈડર પોસ્ટ ઓફિસની મુલાકાત લીધી હતી.

પોસ્ટ માસ્ટર શ્રીમાન પી.આર.જોશીયારા તેમજ (PA)શ્રી પિયુષભાઈ પટેલ દ્વારા ટપાલ વ્યવસ્થા, સ્પીડ પોસ્ટ અને વિવિધ સરકારી બચત યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકગણના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ મુલાકાતથી વિદ્યાર્થીનીઓને પુસ્તકીય જ્ઞાનની સાથે સામાજિક અને વ્યાવહારિક જીવનનો મહત્વપૂર્ણ અનુભવ પ્રાપ્ત થયો હતો.



મોડાસા સર્કિટ હાઉસ ખાતે આજે આગામી ગણેશ મહોત્સવ શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઉજવાય તે માટે અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા શાંતિ સમિતિની એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક અરવલ્લી જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી મનોહરસિંહ જાડેજા ના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં ડીવાય.એસપી. ડાભી, ટાઉન પી.આઈ ચૌધરી સહિત પોલીસ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ સંજય ભાવસાર, શાંતિ સમિતિના સભ્યો, વિવિધ ગણેશ મહોત્સવ મંડળોના આયોજકો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગરની એસ.એસ. મહેતા આર્ટસ એન્ડ શ્રી એમ.એમ. પટેલ કોમર્સ કૉલેજમાં સીપીઆર તાલીમ અને હૃદય આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો

હિંમતનગર,તા.૧૨

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત એસ.એસ. મહેતા આર્ટસ એન્ડ શ્રી એમ.એમ. પટેલ કોમર્સ કૉલેજ ખાતે વિદ્યાર્થીઓના સર્વાંગી સુખાકારી અને માનસિક સ્વાસ્થ્ય અંતર્ગત અપોલો ફાઉન્ડેશન અમદાવાદના સહયોગથી સીપીઆર તાલીમ અને હૃદય આરોગ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.""કાર્યક્રમમાં અપોલો ફાઉન્ડેશનના નિષ્ણાત તબીબો ડૉ. નીધિશ રાળોલિયા અને ડૉ. કૌશલ પરમાર દ્વારા વિદ્યાર્થીઓ તથા સમગ્ર સ્ટાફને હૃદય સંબંધિત કટોકટીની પરિસ્થિતિમાં સમયસર



સીપીઆર આપીને વ્યક્તિનો જીવ બચાવવામાં કેવી રીતે મદદરૂપ થઈ શકાય તે અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.""તબીબોએ કટોકટીના સમયે તાત્કાલિક પગલાં લેવાનું મહત્વ સમજાવવાની સાથે સીપીઆર આપવાની યોગ્ય પદ્ધતિ અંગે પ્રાયોગિક તાલીમ પણ આપી હતી. સીપીઆર કેવી રીતે આપવું તે અંગે પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવતા વિદ્યાર્થીઓ અને સ્ટાફને જીવન બચાવવાની આ મહત્વપૂર્ણ પ્રક્રિયાની વ્યવહારુ સમજ મળી હતી.""આ કાર્યક્રમનો મુખ્ય હેતુ હૃદયના સ્વાસ્થ્ય અંગે જાગૃતિ કેળવવા ઉપરાંત કટોકટીની પરિસ્થિતિમાં ગભરાયા વિના સમયસર યોગ્ય પગલાં લેવા માટે વિદ્યાર્થીઓ અને સ્ટાફને સજ્જ કરવાનો હતો. સમયસર આપવામાં આવતી પ્રાથમિક સારવાર અને સીપીઆર અનેક વખત જીવન બચાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે, ત્યારે આવા તાલીમ કાર્યક્રમો સમાજમાં આરોગ્ય જાગૃતિ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.""આ કાર્યક્રમમાં કૉલેજના આચાર્ય ડૉ. રાકેશ એન. જોશી તથા હિંમતનગર કેળવણી મંડળના મંત્રીશ્રી જીતુભાઈ પટેલ , નિષ્ણાત તબીબો,સ્ટાફ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યા ઉપસ્થિત રહ્યાં હતા.

# આરોગ્ય પ્રભાત

## કેર હેલ્થ ઈન્શ્યોરન્સે પરિવારો માટે વધતાં નાણાકીય જોખમ તરીકે અપર્યાપ્ત હેલ્થ વીમાકવચ પર ભાર મૂક્યો

લાખો ભારતીય પરિવારો માટે એક ગંભીર બીમારી તેમની વર્ષોની બચત પૂરી કરી શકે છે. જ્યારે ભારતની લગભગ અડધી વસતી હવે હેલ્થ વીમા કે ધિરાણ યોજના અંતર્ગત આવી ગઈ છે, ત્યારે ઘણા પરિવારો હજુ પણ સંપૂર્ણપણે સલામત નથી. ઘણી વાર ગંભીર બીમારીના સારવારનો ખર્ચ વીમાકવચથી વધી જાય છે. કેર હેલ્થ ઈન્શ્યોરન્સ પરિવારોને હેલ્થ વીમાને આવશ્યક ટૂલ તરીકે જોવાની અપીલ કરે છે, જે તબીબી કટોકટીની નાણાકીય અસર સામે તેમને સુરક્ષાકવચ આપે છે.

અનેક ભારતીયો હેલ્થ વીમો એકવાર ખરીદે છે અને ભાગ્યે જ એની પર ફરી નજર કરે છે, અથવા કંપની-પ્રાયોજિત ગ્રૂપ પોલિસી પૂરતો મર્યાદિત છે. દરમિયાન, મોટા ભાગના લોકોની આવક કરતા તબીબી ખર્ચ વધારે ઝડપથી વધી રહ્યો છે અને વર્તમાન પોલિસી અંતર્ગત પ્રાપ્ત વીમાકવચથી આ ખર્ચ ઘણો વધારે હોઈ શકે છે. ?૨ લાખથી ?૫ લાખની પોલિસી એક સમયે વધારે લાગતી હતી, જેનો હવે કોઈ ગંભીર બીમારીની સારવાર પૂર્ણ થાય એ અગાઉ પૂરેપૂરો ઉપયોગ થઈ જાય છે. જ્યારે વીમાકવચની મર્યાદા આવી જાય છે, ત્યારે પરિવારોને ઘણી વાર પોતાની બચતનો ઉપયોગ કરવો પડે છે, સંપત્તિનું વેચાણ કરવું પડે છે અથવા ઋણ લેવું પડે છે, જેથી સ્વાસ્થ્ય સાથે સંબંધિત સમસ્યા લાંબા ગાળા માટે આર્થિક બોજ બની જાય છે.

હકીકતમાં એનાં પરિણામો પરિવારો પૂરતાં મર્યાદિત રહેતા નથી. પોતાના ખિસ્સામાંથી સારવારનો વધારે ખર્ચ કરવો ભારતમાં આર્થિક તંગીના મુખ્ય કારણો પૈકીનું એક કારણ છે. એટલે પરિવારોની આર્થિક મજબૂતી અને યુનિવર્સલ હેલ્થ કવરેજ (તમામને સ્વાસ્થ્ય સંબંધિત સેવા)ના ભારતના લક્ષ્યાંકને પાર પાડવા હેલ્થ વીમાની પહોંચ વધારવી જરૂરી છે.

**સરકારના તાજેતરના રિપોર્ટ અને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મૂલ્યાંકનોમાં વીમાકવચમાં આ ગેપની જાણકારી મળે છે :**

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના નેશનલ હેલ્થ એકાઉન્ટ્સ એસ્ટિમેટ્સમાં જણાવ્યા અનુસાર, દેશના કુલ આરોગ્ય ખર્ચનો ૪૩.૪ ટકા હિસ્સો ભારતીય પરિવારો પોતાના ખિસ્સામાંથી કરે છે (આઉટ-ઓફ-પોકેટ). એના પરથી જાણકારી મળે છે કે, તબીબી કટોકટી પરિવારો પર કેટલી હદે મોટો આર્થિક બોજ છે.

નાણાકીય કવચ હજુ પર્યાપ્ત નથી : નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસના હાઉસહોલ્ડ કન્ઝ્યુમ્પ્શન એક્સપેન્ડિચર સર્વે : હેલ્થ (૨૦૨૫)માં જણાવ્યા અનુસાર, ભારતીયો હોસ્પિટલમાં ભરતી થઈને સારવાર કરવા માટે ખર્ચનો એક મોટો હિસ્સો હજુ પણ ખિસ્સામાંથી કરે છે. તેના પરથી સ્પષ્ટ થાય છે કે, ફક્ત વીમાકવચ હોવાથી આર્થિક સુરક્ષા પર્યાપ્ત છે એવો અર્થ થતો નથી.

વીમાકવચ ધરાવતા પરિવારો પણ ઘણીવાર ઓછું વીમાકવચ ધરાવે છે. કંપની તરફથી પ્રાપ્ત ગ્રૂપ પોલિસી અને પ્રાથમિક સ્તરની ફેમિલી ફ્લોટર પોલિસીમાં સામાન્ય રીતે ?૩ લાખથી ?૫ લાખ સુધીનું વીમાકવચ મળે છે, તો હોસ્પિટલમાં ભરતી થઈને કોઈ ગંભીર બીમારીની સારવાર મેળવવાનો ખર્ચ એનાથી અનેકગણો હોઈ શકે છે. લિવર ટ્રાન્સપ્લાન્ટમાં ?૧૮ લાખથી ?૩૫ લાખ સુધીનો ખર્ચ થઈ શકે છે, તો કેન્સરની અત્યાધુનિક સારવાર અને હૃદય સાથે જટિલ સારવારોમાં પણ લાખો રૂપિયાનો ખર્ચ થઈ શકે છે. આજે સવાલ એ નથી કે, "શું મારી પાસે વીમાકવચ છે?" પણ એ છે કે, "શું મારી પાસે પર્યાપ્ત વીમાકવચ છે?

**કેર હેલ્થ ઇન્શ્યોરન્સ હેલ્થકેરના વધતા ખર્ચ વચ્ચે નાણાકીય સલામતીને વધારવા આ ભલામણો કરે છે :**

દર વર્ષે તમારા હેલ્થ વીમાની સમીક્ષા કરો : ખાતરી કરો કે, તમારી વીમાની રકમ (સમ ઈશ્યોર્ડ) તમારા પરિવારની હેલ્થકેર જરૂરિયાતો, તમારાં શહેર અને સારવારના વર્તમાન ખર્ચના હિસાબે હોય. અમુક વર્ષ અગાઉ જે રકમ વધારે લાગતી હતી, એ બની શકે કે, હાલ સારવારના ખર્ચ માટે પૂરતી ન હોય.

તમારી પોલિસીને સમજો : તમારા રૂમનાં ભાડાની મર્યાદા, સહ-ચુકવણીઓ, પેટા-મર્યાદાઓ, બાકાત રાખવામાં આવેલી સુવિધાઓ અને ઓટોમેટિક રિચાર્જ અને નો-ક્લેમ બોનસ જેવા મૂલ્ય-સંવર્ધિત ફાયદાને સમજો, જેથી દાવાની પ્રક્રિયા દરમિયાન આંચકો ન લાગે.

કંપનીના વીમાકવચ પર જ નિર્ભર ન રહો : ગ્રૂપ વીમો એક લાભદાયક સુવિધા છે, પરંતુ સામાન્ય રીતે એની મર્યાદા ?૩ લાખથી ૫ લાખની હોય છે. તેમાં ઘણી વાર માતાપિતા શામેલ હોતા નથી અને નોકરી બદલવા કે છોડવા પર આ વીમાકવચનો અંત આવી જાય છે. ઓછી વય અને સ્વાસ્થ્ય સારું હોય એ દરમિયાન પર્સનલ પોલિસી લેવાથી સતત નાણાકીય કવચ મળે છે, જરૂરી વેઈટિંગ પીરિયડ પૂરો થઈ જાય છે અને ઓછા પ્રીમિયમ પર પોલિસી મળે છે.

સુપર ટોપ-અપ પ્લાનનો વિચાર કરો : બેસ પોલિસીની સાથે સુપર ટોપ-અપ લેવાથી વધારાના ઓછા ખર્ચે તમારું વીમાકવચ વધી શકે છે. તેમાં કેન્સર, હૃદય સાથે સંબંધિત વિવિધ સારવાર અને અંગ પ્રત્યારોપણ જેવી મોંઘી સારવારનો ખર્ચ કરવામાં મદદ મળે છે.

માતાપિતા અને આશ્રિતો માટે વીમાકવચ : પરિવારના એક સભ્યની બીમારીમાં ફેમિલી ફ્લોટર પોલિસીનું કવચ પૂરી થઈ શકે છે. એટલે ખાતરી કરો કે, પરિવારના વયોવૃદ્ધ સભ્યો અને આશ્રિતો પાસે પર્યાપ્ત વીમાકવચ હોય.

પર્યાપ્ત હેલ્થ વીમાકવચ એ વિવેકાધિન ખર્ચ નથી, પરંતુ નાણાકીય યોજનાનું એક આવશ્યક અંગ બની ગયું છે. નિયમિત રીતે હેલ્થ વીમાની સમીક્ષા કરવી અને પર્યાપ્ત વીમાકવચ સુનિશ્ચિત કરવાથી પરિવારોને પોતાની બચત સલામત રાખવા, તબીબી કટોકટી સમયે આર્થિક તંગીથી બચવા અને શ્રેષ્ઠ આર્થિક ક્ષમતા ઊભી કરવામાં મદદ મળી શકે છે.

કેર હેલ્થ ઈન્શ્યોરન્સ વીમા વિશે જાગૃતિ વધારવા, હેલ્થકેર માટે આર્થિક સજ્જતાને વધારવા તથા લોકો અને પરિવારોને ઉચિત નિર્ણયો લેવામાં મદદ કરવા કટિબદ્ધ છે, જેથી હેલ્થકેર માટે તેમની આર્થિક સજ્જતા મજબૂત થઈ શકે.

# સ્પેક બી.એડ્.,બાકરોલમાં WDC અંતર્ગત સેલ્ફ ડિફેન્સ કાર્યક્રમ યોજાયો




આણંદ,તા.૧૨

તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન, (ઓટોનોમસ) બાકરોલમાં આઇ.ક્યુ.એ.સી. અને વુમન ડેવલોપમેન્ટ સેલ દ્વારા "સેલ્ફ ડિફેન્સ"કાર્યક્રમ નું આયોજન કૉલેજનાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ.ભાવના ભાવસાર,IQAC કો-ઓર્ડિનેટર ડૉ. આરતી પટેલ અને ઉઢઝ કૉ-ઓર્ડિનેટરડૉ. દિક્ષિતા રામી ના માર્ગદર્શન હેઠળ કરવા માંઆવ્યુંહતું. કાર્યક્રમમાં મુખ્યવક્તા અને તાલીમ કાર તરીકે હેતિકા શર્મા (કરાટેકોચ, નડિયાદ) ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓમાં સ્વરક્ષણ, સ્વજાગૃતિ, આત્મ વિશ્વાસ અને આત્મનિર્ભરતા કેળવવાનો, મહિલાઓને તેમના અધિકારો તથા સુરક્ષા અંગે જાગૃત કરવાનો, અણધારી પરિસ્થિતિ માં યોગ્ય નિર્ણય લઈ પોતાનું રક્ષણ કરવાની ક્ષમતા વિકસાવવાનો તેમજ સ્ત્રી સશક્તિ કરણ ને પ્રોત્સાહન આપવાનો હતો. હેતિકા શર્મા એ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે મહિલાઓએ પોતાની સુરક્ષા માટે હંમેશાં જાગૃત રહેવું જોઈએ.

# હિંમતનગર શહેરનાં ન્યાય મંદિર વિસ્તારમાં નગરપાલિકાના શૌચાલયની અસહ્ય દુર્ગંધથી વેપારીઓ અને નાગરિકો ત્રાહિમામ




હિંમતનગર,તા.૧૨

હિંમતનગર શહેરના હાર્દ સમાન અને અતિ વ્યસ્ત ગણાતા ન્યાયમંદિર વિસ્તારમાં નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલા જાહેર શૌચાલયની અણઆવડત અને અયોગ્ય જાળવણીને કારણે સ્થાનિક લોકોનું જીવવું દુષ્કર બન્યું છે.""નવીન કોર્ટ સંકુલની સામે આવેલા આ જાહેર શૌચાલયમાંથી આખો દિવસ અસહ્ય અને માથું ફાડી નાખે તેવી દુર્ગંધ ઉઠી રહી છે. દુર્ગંધના કારણે આજુબાજુના વેપારીઓ પોતાની દુકાનોમાં બેસી શકતા નથી અને કોર્ટ સંકુલ તથા બહુમાળી ભવનમાં આવતા-જતા અરજદારો, વકીલો અને સામાન્ય નાગરિકોને નાક દબાવીને પસાર થવું પડી રહ્યું છે.""નગરપાલિકા દ્વારા લાખો રૂપિયાના ખર્ચે બનાવાયેલા આ શૌચાલયની નિયમિત સફાઈ થતી નથી, જેના કારણે ગંદકી અને દુર્ગંધનો સામ્રાજ્ય ફેલાયો છે. આ માત્ર દુર્ગંધનો જ નહીં, પણ રોગચાળાને આમંત્રણ આપવાનો પણ પ્રશ્ન છે.

સ્થાનિક વેપારીઓ અને રાહદારીઓની તંત્રને આક્રોશભરી માંગ છે કે:

૧. આ શૌચાલયની તાત્કાલિક ધોરણે સફાઈ અને દવા છંટકાવ કરવામાં આવે.

૨. તેની દૈનિક સફાઈ માટે કાયમી કર્મચારીની નિમણૂક કરવામાં આવે.

૩. જો સફાઈ ન જળવાય તો આ શૌચાલયને અન્ય જગ્યાએ ખસેડવામાં આવે.

નગરપાલિકા તંત્ર આ ગંભીર સમસ્યાનો તાત્કાલિક નિકાલ લાવે, અન્યથા સ્થાનિક વેપારીઓ દ્વારા નગરપાલિકા કચેરીએ રજૂઆત કરવામાં આવશે.

# આણંદ જિલ્લાના પીએસયુ બેંકના કર્મચારીઓ હડતાલ પર




આણંદ,તા.૧૨

આજરોજ આણંદ ખાતે આવેલ બારદાન વાલા કોમ્પ્લેક્ષ ખાતે હ્રટ્ટહોંક હ્રટ્ટદ્દિટ્ટ પાસે આણંદ જિલ્લાના અગિયાર પીએસયુ બેંકના કર્મચારીઓ યુનિયન ના આદેશ મુજબ એકત્રિત થયા હતા. કર્મચારીઓના મુખ્ય મુદ્દામાં પાંચ દિવસનો બેંકિંગ સમય કરવા તેમ જ પીએલઆઈમાં ભેદભાવને દૂર કરવાની માગણી સાથે બેંકના કર્મચારીઓ હડતાલ પાડી હતી અને સૂત્રોચાર કરવામાં આવ્યા હતા ૧૪૦૦ થી વધુ કર્મચારીઓ હડતાલમાં જોડાયા હતા જેના કારણે આર્થિક વ્યવહાર અટકી જવા પામ્યો હતો. કર્મચારીઓના જણાવ્યા અનુસાર જો સરકાર દ્વારા અમારી માગણીઓને ન્યાય નહીં આપવામાં આવે તો આગામી ૨૮ ૨૯ અને ૩૦ એમ ત્રણ દિવસ સુધી હડતાલ પાડવામાં આવશે હડતાલને કારણે પ્રજાજનો કામ માટે હેરાન થયા હતા.

# સણસુદીના ભોજનથી લઈને પરિવારની મસ્તી સુધીઃ સોની સબના કલાકારો શેર કરે છે કે ઉજવણીઓને ખાસ બનાવતી વાતો કઈ છે

એજન્સી દ્વારા

જેમ જેમ તહેવારોનો મોસમ નજીક આવે છે, ઉજવણીઓ સાથે સ્વાદિષ્ટ ભોજન, પરિવારના મેળાવડા, સજધજ અને હાસ્યનો પરિચિત સંગમ લઈને આવે છે. દરેક પરિવારની પોતાની પરંપરાઓ હોય છે, પરંતુ ઘણી વાર આ નાના નાના પળો જ તહેવારોને ખાસ બનાવે છે. સોની સબના કલાકારો મુસ્કાન બામને, ગુલકી જોશી, તોરલ રસપૂત્રા અને મનીષ વડવા શેર કરે છે કે તહેવારો દરમિયાન તેઓ કઈ નાની નાની વાતોનું સૌથી વધુ આતુરતાથી રાહ જુએ છે.



તહેવારોની સ્વાદિષ્ટ વાનગીઓનો આનંદ માણવાથી લઈને સજધજ કરવા સુધી, પોતાના પ્રિયજનો સાથે સમય પસાર કરવાનો અને અનંત વાતચીતનો આનંદ માણવાનો અનુભવ કલાકારો જણાવે છે કે ઉજવણીઓને તેમના માટે વધુ યાદગાર બનાવતી વાતો કઈ છે.

મુસ્કાન બામને, જે પુષ્પા ઈમ્પોસિબલમાં શનાયા ની ભૂમિકા નિભાવે છે, તેમણે જણાવ્યું, ‘‘મારા માટે તહેવારોનો અર્થ ખરેખર પરિવાર સાથે સમય પસાર કરવાનો છે. મને સૌથી વધુ આતુરતા રહે છે કે બધા લોકો એકસાથે હોય, ખાસ કરીને મારા કઝિન્સ. જ્યારે અમે બધા સાથે હોઈએ છીએ ત્યારે તે સુંદર સી ગડબડ હોય છે. પરિવારની નાની નાની વાતો અને મજાક પણ આ સમયમાં વધુ ખાસ લાગે છે કારણ કે બધા જ ખુશ મૂડમાં હોય છે. સાથે હોવાનો એ જ અનુભવ મને સૌથી વધુ આનંદ આપે છે.’’

ગુલકી જોશી, જે યાદેંમાં ડૉ. સૃષ્ટિ અગરવાલની ભૂમિકા નિભાવે છે, તેમણે જણાવ્યું, "મને લાગે છે કે ઉત્સવનું ભોજન એ એવી વસ્તુઓમાંની એક છે જેની હું સૌથી વધુ રાહ જોઉં છું. મોદક, કરંજી, પુરણપોળી જેવી વાનગીઓ હંમેશા તહેવારોમાં જ બનાવતા હોય છે અને જ્યારે આખો પરિવાર સાથે બેઠો હોય ત્યારે તેનો સ્વાદ વધુ સારો લાગે છે.

મને દરેક વખતે અલગ અલગ પોશાક પહેરવાનું ગમે છે. ખોરાક, લોકો અને પોશાકનું મિશ્રણ જ ઋતુને ખૂબ આનંદપ્રદ બનાવે છે."

તોરલ રસપૂત્રા, જે હસ્તિનાપુર કે વીરમાં કુંતીની ભૂમિકા નિભાવે છે, તેમણે જણાવ્યું, "મને તહેવારોની મોસમ સાથે આવતી ઉર્જા ખૂબ ગમે છે. હંમેશા કંઈક ને કંઈક બનતું રહે છે, પછી ભલે તે તૈયારી કરવી હોય, પરિવાર અને મિત્રોને મળવું હોય કે પછી બહાર નીકળવું હોય અને બધાને ઉજવણીના મૂડમાં જોવું હોય. મને ખાસ કરીને આ પ્રસંગો માટે સુશોભિત કુર્તા અને સાડીઓ પહેરવાની અને શણગારેલી વસ્તુઓ પહેરવાની મજા આવે છે કારણ કે તે તમને એવા ઉત્સવના પોશાક બહાર લાવવાની તક આપે છે જે અન્યથા કપડામાં રહે છે. આ ઉર્જા ઋતુને રોમાંચક બનાવે છે."

મનીષ વડવા, જે હસ્તિનાપુર કે વીરમાં ભીષ્મ પિતામહની ભૂમિકા નિભાવે છે, તેમણે જણાવ્યું, ‘‘મારા માટે તહેવારોનો સૌથી સુંદર ભાગ એ છે કે મારી પત્ની, બાળકો અને સગાં સંબંધીઓ આસપાસ હોય. જ્યારે પરિવાર એકસાથે આવે છે ત્યારે ઘરની વાતાવરણ જ બદલાઈ જાય છે સતત વાતચીત, હાસ્ય અને નિશ્ચિતપણે ઘણું બધું ભોજન. મને ખાસ કરીને તે અનિયોજિત પળો ખૂબ ગમે છે જ્યારે બધા લોકો ફક્ત સાથે બેસીને વાતો કરે છે. આ જ યાદો ઉજવણી પૂરી થયા પછી પણ લાંબા સમય સુધી સાથે રહે છે.’’



‘જન્નત’ ફિલ્મથી રાતોરાત લોકપ્રિય બનેલી સોનલ ચૌહાણ આજે પણ પોતાની સુંદરતા અને અભિનય માટે જાણીતી છે.સોનલ ચૌહાણે વર્ષ ૨૦૦૮માં ઈમરાન હાશ્મી સાથે ‘જન્નત’ ફિલ્મથી બોલિવૂડમાં ધમાકેદાર એન્ટ્રી કરી હતી.

# દીપિકા મેટરનિટી લીવ પહેલાં ‘રાકા’નું પહેલું શીડ્યુલ પૂરું કરશે

મુંબઈ, તા.૧૨

અલ્લુ અર્જુન અને અટલીની સાઈ ફાઈ એક્શન ફિલ્મ ‘રાકા’માં દીપિકા પાદુકોણની એન્ટ્રીએ ચાહકોમાં ભારે ઉત્સાહ જગાવ્યો છે. આ ફિલ્મ દ્વારા દીપિકા અને અલ્લુ અર્જુન પહેલી વખત એકસાથે મોટા પડદા પર જોવા મળશે. તાજેતરમાં દીપિકાએ પોતાની બીજી પ્રેગનન્સી જાહેરાત કર્યા બાદ હવે તેની પ્રેગનન્સી ફિલ્મના શૂટિંગને કેવી અસર કરશે તે અંગે ચર્ચાઓ ચાલી રહી હતી.હવે કેટલાંક અહેવાલમાં ફિલ્મનાં શૂટિંગ શીડ્યુલ અંગે મહત્વની માહિતી સામે આવી છે. અહેવાલ મુજબ, દીપિકા સપ્ટેમ્બરમાં મેટરનિટી લીવ પર જતાં પહેલાં ‘રાકા’ના પહેલ શીડ્યુલનું પોતાનું શૂટિંગ પૂરું કરશે. અહેવાલમાં એક સૂત્રના જણાવ્યા અનુસાર, ‘‘દીપિકાની રજાઓ પહેલાં જ તેનો તમામ મહત્વનો ભાગ પૂર્ણ કરવાનો પ્લાન શરૂઆતથી જ હતો. સપ્ટેમ્બરથી તે ફિલ્મમાંથી થોડા સમય માટે દૂર રહેશે અને જાન્યુઆરી ૨૦૨૭, એટલે કે તેના જન્મદિવસ આસપાસ ફરી સેટ પર પરત ફરશે. ત્યારબાદ તે બાકી રહેલું પ્રમોશનલ શૂટિંગ તેમજ ‘રાકા’ના બીજા ભાગનું શૂટિંગ કરશે.’’ અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે દીપિકા રજા પર હોય ત્યારે પણ ફિલ્મનું શૂટિંગ અટકશે નહીં. બાકીના કલાકારો સાથે નિર્ધારિત શીડ્યુલ મુજબ શૂટિંગ ચાલુ રહેશે, જેથી ફિલ્મના નિર્માણનાં સમયપત્રક પર કોઈ અસર ન પડે.અલ્લુ અર્જુન અને દીપિકા પાદુકોણ ઉપરાંત ફિલ્મમાં રશ્મિકા મંદાના, જાન્હવી કપૂર અને મૃણાલ ઠાકુર પણ અગત્યના રોલમાં જોવા મળશે. ફિલ્મને બે ભાગમાં રજૂ કરવાની યોજના છે અને બંને ભાગ ૨૦૨૭માં રિલીઝ થવાની સંભાવના છે.

# "શહેરી સુખ-સુવિધાઓથી ગામડાના પડકારો તરફનું પરિવર્તન ડૉ. દેવની સફરમાં એક મહત્વપૂર્ણ શિખર છે," સોની સબના યાદેમાં ઈકબાલ ખાન કહે છે

એજન્સી દ્વારા

સોની સબનું યાદેં હાસ્ય, લાગણી અને રોજિંદા સંબંધોને એક હળવા અંદાજ સાથે તેની મેડિકલ ડ્રામામાં જોડે છે. આવનારા એપિસોડ્સમાં, ડૉ. દેવ (ઈકબાલ ખાન) એક અનપેક્ષિત પરિસ્થિતિમાં ફસાઈ જાય છે, જ્યારે દર્દીની સારવાર દરમિયાન થયેલી એક ભૂલ મોટા પરિણામ તરફ દોરી જાય છે.



દેવ દ્વારા વિશ્વાસઘાત પછી, તેમને છ મહિનાની સામાજિક સેવા માટે કિલારી ગામ મોકલવામાં આવે છે. ટૂંક સમયમાં ડૉ. દેવને સમજાય છે કે કિલારી એ હોસ્પિટલ જેવી બિલકુલ નથી જ્યાં તેઓ કામ કરવા આદત ધરાવે છે. અહીંના ગ્રામજનો ન તો ડૉક્ટરોમાં વિશ્વાસ રાખે છે અને ન તો આધુનિક દવાઓમાં, પરંતુ અંધશ્રદ્ધા અને સ્થાનિક ઉપચાર પર આધાર રાખે છે. જ્યારે તેઓ આ કઠિન પડકારનો સામનો કરવાની તૈયારી કરે છે, ત્યારે ડૉ. સૃષ્ટિ (ગુલકી જોશી) પણ પોતાના બાળકો સાથે ગામમાં રહેવા આવે છે, કારણ કે બાળકો કોઈપણ માતા પિતા થી દૂર રહેવા માંગતા નથી. હવે જ્યારે ડૉ. દેવ અને ડૉ. સૃષ્ટિ એકબીજાને અંતર આપવાનો નિર્ણય કર્યા છતાં એક જ ગામમાં છે, ત્યારે જોવાનું રહેશે કે તેઓ આ અનપેક્ષિત પરિસ્થિતિને કેવી રીતે સંભાળે છે.

ઈકબાલ ખાન, આવનારા ટ્રેક વિશે વાત કરતાં, તેમણે જણાવ્યું, ‘‘ડૉ. દેવ હોસ્પિટલમાં મુશ્કેલ પરિસ્થિતિઓને સંભાળવામાં આદત ધરાવે છે, પરંતુ આ વખતે તેમની પોતાની ભૂલ તેમને એક સંપૂર્ણપણે અલગ વાતાવરણમાં લઈ જાય છે. શહેરની સુવિધાઓમાંથી ગામના પડકારો તરફનો ફેરફાર તેમની સફરમાં એક મહત્વપૂર્ણ મુકામ છે, ખાસ કરીને એવા સ્થળે જ્યાં લોકો ડૉક્ટરો પર વિશ્વાસ નથી કરતા. આને વધુ રસપ્રદ બનાવે છે કે ડૉ. સૃષ્ટિ પણ તેમના સાથે છે, એટલે આ સફર પોતાની અલગ પડકારો લઈને આવશે. ક્યારેક જીવન સંપૂર્ણપણે અનપેક્ષિત રીતે બદલાઈ જાય છે અને નવા વાતાવરણમાં ઢળવું સૌથી મોટો પડકાર બની શકે છે. આશા છે કે આ અનુભવ તેમના પક્ષમાં કામ કરશે અને તેમને વધુ મજબૂત બનાવશે.’’

# અક્ષય કુમાર અને વિપુલ અમૃતલાલ શાહની Samukમાં વિનિત કુમાર સિંહની એન્ટ્રી, મહત્વની ભૂમિકામાં જોવા મળશે

અક્ષય કુમાર અને વિપુલ અમૃતલાલ શાહની આગામી સાયન્સ-ફિક્શન એલિયન સર્વાઈવલ-ઍક્શન થ્રિલર **Samuk**ને લઈને નવી માહિતી સામે આવી છે. રિપોર્ટ્સ અનુસાર, ‘મુક્કાબાઝ’ અને ‘ગૅન્ગ્સ ઑફ વાસેપુર’ જેવી ફિલ્મોમાં પોતાના અભિનયથી ઓળખ બનાવનાર અભિનેતા વિનિત કુમાર સિંહ પણ આ ફિલ્મનો ભાગ બની ગયા છે.

ફિલ્મ સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, વિનિત કુમાર સિંહ ડિરેક્ટર કનિષ્ક વર્માની આ ફિલ્મમાં મહત્વની ભૂમિકામાં જોવા મળશે. જોકે, તેમના પાત્ર અને ફિલ્મની વાર્તા વિશે હાલમાં વધુ માહિતી જાહેર કરવામાં આવી નથી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વિનિતની રૉ અને ઈન્ટેન્સ સ્ક્રીન પ્રેઝન્સને ધ્યાનમાં રાખીને તેમને આ ભૂમિકા માટે પસંદ કરવામાં આવ્યા છે. તેમના પાત્રમાં એક અલગ પ્રકારની એનર્જી અને ઈન્ટેન્સિટી જોવા મળશે.

**Samuk**ની કાસ્ટિંગ ખૂબ જ સ્પષ્ટ ક્રિએટિવ વિઝન સાથે કરવામાં આવી રહી છે. મેકર્સ એવા કલાકારોને સાથે લાવવા માંગે છે, જે ફિલ્મની દુનિયામાં વિશ્વસનીયતા અને પોતાની અલગ ઓળખ ઉમેરી શકે. વિનિત પોતાના પાત્રોમાં સંપૂર્ણપણે ઢળી જવા માટે જાણીતા છે અને ફિલ્મમાં તેઓ અક્ષય કુમાર સાથે એક મોટા મિશનનો ભાગ બનશે. તેમનું પાત્ર વાર્તામાં મહત્વની ભૂમિકા ભજવશે અને અક્ષયના પાત્ર સાથે તેમનું એક મજબૂત બોન્ડ પણ જોવા મળશે.

વિનિત કુમાર સિંહે પોતાની કારકિર્દીમાં ઘણી યાદગાર ભૂમિકાઓ ભજવી છે. અનુરાગ કશ્યપની ‘મુક્કાબાઝ’માં તેમના અભિનયની ખાસ પ્રશંસા થઈ હતી. આ ઉપરાંત તેઓ ‘ગૅન્ગ્સ ઑફ વાસેપુર’, ‘ગોલ્ડ’, ‘ગુંજન સક્સેનાઃ ધ કારગિલ ગર્લ’, ‘સાંડ કી આંખ’, ‘જાટ’ અને ‘છાવા’ જેવી ફિલ્મોમાં પણ જોવા મળ્યા છે.



વિપુલ અમૃતલાલ શાહના પ્રોડક્શન હાઉસ સનશાઈન પિક્ચર્સના બેનર હેઠળ બની રહેલી **Samuk**ને આશીન એ. શાહ કો-પ્રોડ્યુસ કરી રહ્યા છે. ફિલ્મનું દિગ્દર્શન કનિષ્ક વર્મા કરી રહ્યા છે. આ ફિલ્મ દ્વારા અક્ષય કુમાર અને વિપુલ અમૃતલાલ શાહ ૧૩ વર્ષ બાદ ફરી સાથે કામ કરી રહ્યા છે. છેલ્લા બે વર્ષથી વધુ સમયથી આ પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે અને હાલમાં લંડનમાં તેનું શૂટિંગ ચાલી રહ્યું છે.

મોટા પાયે બની રહેલી **Samuk**માં સાયન્સ-ફિક્શનની સાથે ઍક્શન, સર્વાઈવલ અને હૉરરનું અનોખું મિશ્રણ જોવા મળશે. ફિલ્મને મોટા પડદા માટે એક અલગ પ્રકારના જૉનર સ્પેક્ટેકલ તરીકે તૈયાર કરવામાં આવી રહી છે.

**Samuk**ના ૨૦૨૭માં થિયેટરમાં રિલીઝ થવાની શક્યતા છે. હાલમાં સૌથી વધુ ઉત્સુકતા એ વાતને લઈને છે કે ફિલ્મમાં વિનિત કુમાર સિંહનું પાત્ર શું હશે. જોકે, મેકર્સ હાલમાં આ સવાલનો જવાબ આપવાની ઉતાવળમાં નથી.



# બિગ બોસ ૧૯ ફેમ નેહલ ચુડાસમાએ ઈરાની બોયફ્રેન્ડ અમીમ ઘેસ્મતી સાથે સંબંધો સ્વીકાર્યા

‘બિગ બોસ ૧૯’ ફેમ નેહલ ચુડાસમાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા અમીન ઘેસ્મતી સાથેના તેના સંબંધને સત્તાવાર બનાવ્યો છે. અભિનેત્રી અને મોડેલે તાજેતરમાં એક એવોર્ડ શોમાં અમીનને તેના પતિ તરીકે દર્શાવતી પોસ્ટ્સને સંબોધિત કરી હતી. તેણીએ હવે આ બાબતની સ્પષ્ટતા કરી છે, અને કહ્યું છે કે બંને હજુ સુધી લગ્ન કર્યા નથી. નેહલ ચુડાસમા અને અમીન ઘેશમતીના લગ્નની અફવાઓ ત્યારે શરૂ થઈ જ્યારે તેણીએ દુલ્હનના પોશાકમાં એક અજાણ્યા પુરુષનો હાથ પકડીને પોતાનો ફોટો પોસ્ટ કર્યો, અને પોસ્ટના કેપ્શનને બધાને આશ્ચર્યચકિત કરી દીધા. આ અફવાઓ વચ્ચે, મિસ દિવા યુનિવર્સ ૨૦૧૮ નેહલ ચુડાસમાએ તેના બોયફ્રેન્ડ અમીન ઘેશમતીની સાથેના કેટલાક ફોટા શેર કર્યા છે અને પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો છે.



નેહલ ચુડાસમાએ સોશિયલ મીડિયા પર અમીન ઘેશમતીની સાથેના ચાર ફોટા શેર કર્યા છે અને લખ્યું છે, "મેં તેને કહ્યું હતું કે કેપ્શનમાં ’પતિ’ શબ્દનો ઉપયોગ ન કરે કારણ કે અમે હજી લગ્ન કર્યા નથી, પરંતુ અમે એકબીજાના પ્રેમમાં છીએ." તેના કેપ્શને તરત જ ચાહકોનું ધ્યાન ખેંચ્યું, કારણ કે તેણીએ ખુલ્લેઆમ અમીન પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કર્યો અને સ્પષ્ટ કર્યું કે તેઓ હજી લગ્ન કર્યા નથી. તેઓ ફક્ત ગર્લફ્રેન્ડ અને બોયફ્રેન્ડ છે. આ વાયરલ પોસ્ટના કેપ્શનમાં, તેણીએ સ્પષ્ટ કર્યું કે તે અમીનને તેનો પતિ કહેવા માંગતી નથી, પરંતુ તેઓએ તેમના સંબંધને સત્તાવાર બનાવી દીધો છે.

એક એકસ યુઝરે નેહલ ચુડાસમા અને અમીન ઘેસમતીના ફોટા પર ટિપ્પણી કરી, "આદર્શ દંપતી, તમે બંને ખરેખર એકબીજા માટે બન્યા છો. મને આશા છે કે જ્યારે મને પ્રેમ મળશે, ત્યારે તે આવો જ હશે. હું બરાબર આ જ ઈચ્છું છું."

# કીર્તિ સુરેશ ‘રોલ નથી મળતા એટલે ડાન્સ નંબર કરી રહી છે’

મુંબઈ, તા.૧૨

સાઉથ અને બોલિવૂડની એક્ટ્રેસ કીર્તિ સુરેશ તાજેતરમાં સાઉથના સુપરસ્ટાર નાનીની આગામી તેલુગુ ફિલ્મ ‘ધ પેરાડાઈઝ’માં ખાસ ડાન્સ નંબર કરતી હોવાની અટકળોને કારણે ચર્ચામાં છે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. આ દરમિયાન સોશિયલ મીડિયા પર એક યુઝરે એવો દાવો કર્યો કે કીર્તિને હવે મજબુત રોલ મળતા નથી, તેથી તે ડાન્સ નંબર કરવા તૈયાર થઈ છે. કીર્તિએ આ કમેન્ટનો પોતાના અંદાજમાં જવાબ આપ્યો છે.ઈન્સ્ટાગ્રામ પર એક યુઝરે પોસ્ટ કરીને લખ્યું હતું કે કીર્તિ સુરેશ હવે ‘સબસ્ટેન્શિયલ રોલ્સ’ના અભાવે ડાન્સ નંબર કરી રહી છે. પોસ્ટમાં ફિલ્મને ભૂલથી કન્નડ ફિલ્મ તરીકે પણ ઓળખાવવામાં આવી હતી.આ પોસ્ટનો જવાબ આપતાં કીર્તિએ હળવા કટાક્ષ સાથે લખ્યું, ‘‘વેરા લેવલ પોંગા! ચિન્ના કરેકશન... નાની તેલુગુ ફિલ્મોમાં અભિનય કરે છે, કન્નડમાં નહીં.’’કીર્તિના આ જવાબને સોશિયલ મીડિયા પર ચાહકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો.શ્રીકાંત ઓડેલાના દિગ્દર્શનમાં બની રહેલી ‘ધ પેરાડાઈઝ’માં નાની મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ‘દસરા’ બાદ નાની અને શ્રીકાંત ઓડેલાની આ બીજી ફિલ્મ છે. ‘દસરા’માં પણ કીર્તિ સુરેશે લીડ રોલ કર્યો હતો.ફિલ્મમાં રાઘવ જુયાલ, મોહન બાબુ, કાયદુ લોહાર, તનિકેલા ભરણી, સોનાલી કુલકર્ણી, સંપૂર્ણેશ બાબુ અને ઈશ્વરી રાવ સહિતના કલાકારો મહત્વના રોલમાં જોવા મળશે. ફિલ્મનું સંગીત અનિરુદ્ધ રવિચંદરે આપ્યું છે. ઘણી વખત રિલીઝ ડેટ બદલાયા બાદ હવે ‘ધ પેરાડાઈઝ’ ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.કીર્તિ સુરેશ આગામી સમયમાં કાર્તિક સુબ્બારાજના દિગ્દર્શનમાં બનેલી ‘ડોરોથી’માં જોવા મળશે. આ ફિલ્મમાં તેની સાથે ઋષિકાંત અને સનાથ પણ મહત્વનાં રોલમાં છે, જ્યારે સંગીત ઈલૈયારાજાએ આપ્યું છે. ફિલ્મ ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ રિલીઝ થશે.આ ઉપરાંત કીર્તિ વિજય દેવરાકોંડા સાથે ‘રાઉડી જનાર્ધન’માં પણ જોવા મળશે.

# સંજુ સેમસનની એન્ટ્રી, વૈભવને બહારનો રસ્તો? રહાણેએ જણાવી પોતાની પસંદગી



અફઘાનિસ્તાન સામેની ત્રણ મેચની T20 શ્રેણી પહેલાં ટીમ ઈન્ડિયાના ટોપ ઓર્ડરને લઈને ક્રિકેટ જગતમાં ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. માત્ર 15 વર્ષના વૈભવ સૂર્યવંશીએ ઝિમ્બાબ્વે સામે શાનદાર પ્રદર્શન કરીને પોતાનો દાવો મજબૂત કર્યો છે, પરંતુ ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ બેટ્સમેન અજિંક્ય રહાણે હાલમાં વૈભવને ટોપ-3માં સ્થાન આપવાના પક્ષમાં નથી.

આ અંગે સ્પષ્ટતા કરતા અજિંક્ય રહાણેએ પોતાની યુટ્યુબ ચેનલ પર કહ્યું હતું કે, ભારતે ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2026માં રમેલા ટોપ-3 ખેલાડીઓ સાથે જ આગળ વધવું જોઈએ. તેમના મતે હાલમાં ટીમની બેટિંગ ઓર્ડરમાં કોઈ પણ પ્રકારના પ્રયોગો કરવાની જરૂર નથી. રહાણેના જણાવ્યા અનુસાર, અભિષેક શર્મા, સંજુ સેમસન અને ઈશાન કિશન ટીમના ટોપ-3 બેટ્સમેન હોવા જોઈએ. અજિંક્ય રહાણેએ જણાવ્યું હતું કે, મને લાગે છે કે ટોપ-3માં એ જ હોવા જોઈએ, જેઓ વર્લ્ડ કપમાં રમ્યા હોય.

રહાણેએ સંજુ સેમસનની બાબતમાં પણ પોતાનો અભિપ્રાય રજૂ કરતા કહ્યું કે, સેમસને ટીમ માટે સારો દેખાવ કર્યો છે અને માત્ર બે-ત્રણ ખરાબ ઈનિંગ્સ બાદ તેને બહાર કરવો યોગ્ય નથી. રહાણે ઈચ્છે છે કે આ વિકેટકીપર બેટ્સમેનને વધુ એક તક મળવી જોઈએ. સેમસને સારું પ્રદર્શન કર્યું છે, પરંતુ બે કે ત્રણ ખરાબ ઈનિંગ્સ પછી તેને ડ્રોપ કરી દેવામાં આવ્યો. હું ઈચ્છું છું કે તેને ફરીથી તક આપવામાં આવે. અભિષેક અને ઈશાને પણ આપણા માટે ઉમદા પ્રદર્શન કર્યું છે.

ઝિમ્બાબ્વે સામેની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીમાં વૈભવ સૂર્યવંશીએ બે અડધી સદી ફટકારી હતી અને 'પ્લેયર ઓફ ધ સિરીઝ' બન્યો હતો. આના કારણે ટોપ ઓર્ડરમાં તેના સમાવેશ અંગેની ચર્ચાઓ વધુ તેજ બની ગઈ છે. જો કે, અજિંક્ય રહાણેનું માનવું છે કે, વૈભવ પાસે હજુ ઘણો સમય છે અને તેને ઉતાવળમાં કોઈ સ્થાપિત ખેલાડીના સ્થાને ન બેસાડવો જોઈએ. પોતાની પસંદગી વ્યક્ત કરતા અજિંક્ય રહાણેએ કહ્યું કે, વૈભવને પોતાની તકો ચોક્કસ મળશે અને તેનો સમય પણ આવશે. પરંતુ હાલમાં મને લાગે છે કે ટોપ-3માં સેમસન, અભિષેક અને ઈશાન જ હોવા જોઈએ.'

જુલાઈમાં ઇંગ્લેન્ડ સામેની મેચ દ્વારા વૈભવે પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરી હતી. તેની સાથે ભારત તરફથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમનારો સૌથી યુવા ખેલાડી બન્યો હતો. હાલમાં તે ટીમમાં પોતાનું સ્થાન કાયમી કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. બીજી બાજુ, ઝિમ્બાબ્વે શ્રેણીમાં આરામ કર્યા બાદ સંજુ સેમસનની વાપસીથી ટોપ ઓર્ડરમાં સ્પર્ધા વધુ તીવ્ર બની ગઈ છે. આ સિવાય પણ વૈભવે પોતાની કારકિર્દી દરમિયાન અનેક નવા કીર્તિમાન સ્થાપિત કર્યા છે.



# સેમીફાઈનલમાં કારમી હાર બાદ ભાંગી પડી પાક કેપ્ટન

વુમન્સ એશિયા કપ 2026ની સેમિફાઇનલમાં પાકિસ્તાનને શ્રીલંકા સામે 4 વિકેટે હારનો સામનો કરવો પડ્યો. દુબઈના દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં 11 સપ્ટેમ્બરે રમાયેલી આ મેચમાં પાકિસ્તાનની કેપ્ટન ફાતિમા સનાએ બેટિંગ અને બોલિંગ બંનેમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. જોકે, ટીમને ફાઇનલમાં પહોંચાડી ન શકવાનું દુઃખ મેચ બાદ તેમના ચહેરા પર સ્પષ્ટ જોવા મળ્યું અને તેમની આંખોમાં આંસુ આવી ગયા.

ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી પાકિસ્તાનની શરૂઆત સારી રહી નહોતી. એક પછી એક વિકેટ પડતાં ટીમ મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. આવી સ્થિતિમાં ફાતિમા સનાએ જવાબદારી સંભાળી અને મહત્વપૂર્ણ કેપ્ટનશિપ ઈનિંગ રમી. તેમણે 36 બોલમાં અણનમ 47 રન બનાવ્યા. ગરમી વચ્ચે તેમને ક્રેમ્પ્સની તકલીફ પણ થઈ હતી, પરંતુ તેમણે હિંમત ન હારી અને અંત સુધી બેટિંગ કરી. ફાતિમાએ તુબા હસન સાથે મળીને અંતિમ 4 ઓવરમાં ઝડપી રન બનાવ્યા અને પાકિસ્તાનને 130/6ના સન્માનજનક સ્કોર સુધી પહોંચાડ્યું. ત્યારબાદ પાકિસ્તાને આ સ્કોરનો બચાવ કરવા બોલિંગ શરૂ કરી ત્યારે પણ ફાતિમાએ જોરદાર શરૂઆત કરી.

ફાતિમા સનાએ પોતાની પ્રથમ ઓવરમાં જ સતત 2 બોલમાં શ્રીલંકાની કેપ્ટન ચમારી અટાપટ્ટુ અને સંજના કવિંદીને આઉટ કરી દીધા.શ્રીલંકાએ 33 રનમાં 4 વિકેટ ગુમાવી દીધી હતી. આ સમયે પાકિસ્તાન મેચમાં મજબૂત સ્થિતિમાં હતું અને તેની જીતની શક્યતા વધી ગઈ હતી.પરંતુ હર્ષિતા સમરવિક્રમા અને કવિશા દિલહારી વચ્ચેની 67 રનની ભાગીદારીએ મેચની દિશા બદલી નાખી.હર્ષિતાએ 36 રન અને કવિશાએ 33 રન બનાવ્યા.બંનેએ પાકિસ્તાનના બોલરો સામે જવાબદારીપૂર્વક બેટિંગ કરીને શ્રીલંકાને ફરી મેચમાં લાવી દીધું.ફાતિમાએ ફરી એકવાર પાકિસ્તાનને મેચમાં પરત લાવવાનો પ્રયાસ કર્યો. તેમણે પોતાના ત્રીજા ઓવરમાં પહેલાં હર્ષિતા સમરવિક્રમાને અને ત્યારબાદ કવિશા દિલહારીને આઉટ કરી 4 વિકેટ પૂરી કરી.જોકે,ત્યાર પછી કૌશાની નુત્યંગના અને નિલાક્ષિકા સિલ્વાએ શ્રીલંકાની જવાબદારી સંભાળી.શ્રીલંકાને જીત અપાવી અને ફાઇનલમાં સ્થાન નિશ્ચિત કર્યું.

ફાતિમા સનાએ આ સેમિફાઇનલમાં અણનમ 47 રન બનાવવાની સાથે 4 વિકેટ પણ ઝડપી હતી.તેમના આ શાનદાર પ્રદર્શન બદલ તેમને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.જોકે, ટીમની હારના કારણે આ વ્યક્તિગત સિદ્ધિનો આનંદ તેમના માટે અધૂરો રહ્યો.મેચ પૂર્ણ થયા બાદ ફાતિમા ભાવુક થઈ ગઈ હતી. તેમની આંખોમાં આંસુ સ્પષ્ટ જોવા મળ્યા. પાકિસ્તાનને ફાઇનલમાં પહોંચાડવા માટે તેમણે બેટ અને બોલ બંનેથી સંપૂર્ણ પ્રયાસ કર્યો હતો.મેચ બાદ ફાતિમાએ ટીમની ફિલ્ડિંગમાં થયેલી ભૂલોને હારનું એક મોટું કારણ ગણાવ્યું.તેમના મતે 130 રનનો સ્કોર બચાવી શકાય તેમ હતો, પરંતુ ટીમે બેટિંગમાં પણ વધુ સુધારો કરવાની જરૂર છે.શ્રીલંકાની ટીમની પાકિસ્તાન સામે વુમન્સ એશિયા કપની સેમિફાઇનલમાં આ સતત ત્રીજી જીત છે.હવે 13 સપ્ટેમ્બરે રમાનારી ફાઇનલમાં શ્રીલંકાનો સામનો ભારત સામે થશે.

# લંડનમાં વિરાટ કોહલી અને એકનાથ શિંદેની મુલાકાત

ભારતીય ક્રિકેટ ટીમનો સ્ટાર બેટર વિરાટ કોહલી હાલમાં લંડનમાં વધુ સમય પસાર કરી રહ્યો છે.જોકે,સપ્ટેમ્બરના અંતમાં તે ફરી ભારતની જર્સીમાં મેદાન પર જોવા મળી શકે છે.આ દરમિયાન લંડનમાં વિરાટ કોહલી અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની મુલાકાત થઈ હતી.એક કાર્યક્રમ માટે લંડન પહોંચેલા એકનાથ શિંદેને મળવા માટે વિરાટ કોહલી પણ ત્યાં પહોંચ્યો હતો.મુલાકાત દરમિયાન શિંદેએ વિરાટ કોહલીનું શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું.બંને વચ્ચે મહારાષ્ટ્ર સાથે જોડાયેલા અનેક મુદ્દાઓ અંગે ચર્ચા થઈ હતી. મુલાકાત અંગે વાત કરતા એકનાથ શિંદેએ કહ્યું કે તેઓ એક કાર્યક્રમમાં ભાગ લેવા માટે લંડન ગયા હતા. વિરાટ કોહલીને જ્યારે ખબર પડી કે તેઓ લંડનમાં છે ત્યારે તે તેમને મળવા આવ્યો હતો.શિંદેએ આ મુલાકાતને સદભાવના મુલાકાત ગણાવી હતી. તેમણે વિરાટ કોહલીના વખાણ કરતા કહ્યું કે તે વિશ્વના મોટા ક્રિકેટરોમાં સામેલ છે, પરંતુ આટલી મોટી ઓળખ હોવા છતાં તે ખૂબ જ સરળ સ્વભાવનો છે.એકનાથ શિંદેએ જણાવ્યું કે વિરાટ સાથે તેમની અગાઉ પણ મુલાકાત થઈ ચૂકી છે, પરંતુ આ વખતે બંને વચ્ચે સીધી અને લાંબી વાતચીત થઈ. વાતચીત દરમિયાન મહારાષ્ટ્ર સરકારની વિવિધ કલ્યાણ યોજનાઓ અંગે ચર્ચા થઈ હતી. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં માળખાકીય વિકાસને લઈને પણ વિરાટને માહિતી આપવામાં આવી હતી. એકનાથ શિંદે લંડન પહોંચ્યા હતા.અહીં એક સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન મહારાષ્ટ્ર મંડળ દ્વારા તેમને ગ્લોબલ પ્રાઇડ ઓફ મહારાષ્ટ્ર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમ દરમિયાન શિંદેએ લંડનમાં આંતરરાષ્ટ્રીય મરાઠી સાહિત્ય મહોત્સવ યોજવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. આ પહેલાં તેમણે લંડનમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના નિવાસસ્થાનની મુલાકાત લઈને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# અફઘાનિસ્તાન સામે ભારતનો દબદબો, જાણો કોણ છે રેકોર્ડમાં આગળ?



આગામી સમયમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે 13 સપ્ટેમ્બરથી શરૂ થનારી ત્રણ મેચની T20 શ્રેણીને લઈને ક્રિકેટ રસિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ શ્રેણીની તમામ મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાવાની છે, જેમાં યજમાનની ભૂમિકા અફઘાનિસ્તાન ભજવી રહ્યું છે. T20 વર્લ્ડ કપ 2026 જીત્યા બાદ ફેરફારો સાથે મેદાનમાં ઉતરેલી ભારતીય ટીમની કમાન શ્રેયસ અય્યર સંભાળી રહ્યો છે, અને તેમના નેતૃત્વમાં દેશમાં રમાનાર આ પ્રથમ T20 શ્રેણી છે. અગાઉ શ્રેયસની આગેવાનીમાં રમાયેલી ત્રણ T20 શ્રેણીમાંથી ટીમ માત્ર એક જ જીતી મેચ શકી છે, જેથી તેના માટે આ સિરીઝ ઘણી મહત્વપૂર્ણ સાબિત થશે. વળી, અફઘાનિસ્તાન સામેના T20 આંતરરાષ્ટ્રીય રેકોર્ડની વાત કરીએ તો, ભારતનો દબદબો રહ્યો છે અને અત્યાર સુધી એકપણ મેચમાં હારનો સામનો કરવો પડ્યો નથી.

બંને દેશો વચ્ચે અત્યાર સુધી કુલ 9 T20 મુકાબલા થયા છે, જેમાંથી ભારતે 8 મેચમાં વિજય મેળવ્યો છે, જ્યારે એક મુકાબલો અનિર્ણીત રહ્યો છે. કેપ્ટન તરીકે શ્રેયસ અય્યર સામે આ અજેય રેકોર્ડને જાળવી રાખવાની સૌથી મોટી જવાબદારી રહેશે. બીજી તરફ, છેલ્લા કેટલાક વર્ષોમાં અફઘાનિસ્તાનની ટીમે T20 ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કરતા મોટી ટીમોને પણ હરાવી છે, જેના કારણે ટીમ ઈન્ડિયા માટે આ શ્રેણી સરળ નહીં રહે.

ભારતે અફઘાનિસ્તાન સામે ઘરઆંગણે અત્યાર સુધી ત્રણ T20 મેચ રમી છે અને ત્રણેયમાં જીત મેળવી છે. આ બંને વચ્ચે છેલ્લી ઘરેલુ T20 મેચ વર્ષ 2024ની શરૂઆતમાં બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાઈ હતી, જે નિયત સમયમાં ટાઈ થયા બાદ બે સુપર ઓવરના રોમાંચક અંતે ભારતે જીતી લીધી હતી.

# રણજી ટ્રોફીમાં મોહમ્મદ સિરાજને મળી મોટી જવાબદારી, આ ટીમનો બન્યો કેપ્ટન

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ઝડપી બોલર મોહમ્મદ સિરાજને સ્થાનિક ક્રિકેટમાં મોટી જવાબદારી સોંપવામાં આવી છે.આગામી રણજી ટ્રોફી 2026-27 સિઝન માટે



સિરાજને હૈદરાબાદ ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશને ટીમના નેતૃત્વને લઈને આ જાહેરાત કરી છે. સિરાજ સાથે ઝડપી બોલર ચામા મિલિંદને પણ મહત્વની જવાબદારી આપવામાં આવી છે. તેઓ ટીમના ઉપ-કેપ્ટન તરીકે કામગીરી સંભાળશે.રણજી ટ્રોફીની નવી સિઝન 11 ઓક્ટોબરથી શરૂ થવાની છે. હૈદરાબાદ પોતાના પ્રથમ મુકાબલામાં ત્રિપુરા સામે મેદાનમાં ઉતરશે.હૈદરાબાદને એલિટ ગ્રુપ Bમાં સ્થાન મળ્યું છે.આ ગ્રુપમાં સૌરાષ્ટ્ર,કર્ણાટક,પંજાબ,આંધ્ર પ્રદેશ,છત્તીસગઢ,આસામ અને ત્રિપુરાની ટીમો પણ છે. આથી હૈદરાબાદ માટે સિઝન દરમિયાન દરેક મેચ મહત્વની રહેવાની છે.સિરાજ માટે આ જવાબદારી માત્ર ટીમની આગેવાની પૂરતી મર્યાદિત નથી. તેણે કેપ્ટન તરીકે ટીમને સંભાળવાની સાથે પોતાની બોલિંગમાં પણ સતત સુધારો જાળવી રાખવાનો રહેશે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં લાંબા સમયથી ભારત માટે રમતા સિરાજ માટે સ્થાનિક ક્રિકેટમાં કેપ્ટન તરીકેનો અનુભવ પણ મહત્વનો બની શકે છે.

મોહમ્મદ સિરાજ તાજેતરમાં શ્રીલંકા પ્રવાસ દરમિયાન ભારતીય ટીમનો ભાગ હતા. આ પ્રવાસમાં તેમની બોલિંગની ઝડપમાં થોડો ઘટાડો જોવા મળ્યો હતો. સામાન્ય રીતે સિરાજ લગભગ 140 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરવા માટે જાણીતા છે, પરંતુ શ્રીલંકા સામેની કેટલીક મેચમાં તેઓ 130 કિલોમીટર પ્રતિ કલાકથી ઓછી ઝડપે પણ બોલિંગ કરતા જોવા મળ્યા હતા.શ્રીલંકા સામેની 2 ટેસ્ટ મેચમાં સિરાજે કુલ 44 ઓવર ફેંકી હતી અને 4 વિકેટ ઝડપી હતી. ત્યારબાદ તેમણે પોતાની બોલિંગની ઝડપમાં આવેલા ફેરફારનું કારણ પણ જણાવ્યું હતું.સિરાજના જણાવ્યા પ્રમાણે લગભગ 2 મહિનાના વિરામ બાદ સીધા સ્પર્ધાત્મક ક્રિકેટમાં પરત ફરવાને કારણે તેમની લય પર અસર પડી હતી. તેમના માટે રન-અપ અને બોલિંગની લય ખૂબ મહત્વની છે. રન-અપમાં થોડું પણ સંતુલન બગડે તો તેની સીધી અસર બોલિંગની ઝડપ પર પડી શકે છે. શ્રીલંકા પ્રવાસ બાદ સિરાજ દલીપ ટ્રોફી 2026-27ની ફાઇનલમાં સાઉથ ઝોન તરફથી રમ્યા હતા. તિલક વર્માની આગેવાની હેઠળની ટીમમાં રમતી વખતે તેમની બોલિંગમાં ફરી લય જોવા મળી હતી.ચેન્નાઈની ગરમીમાં રમાયેલી મેચ દરમિયાન સિરાજે અનુભવ્યું કે તેમની બોલિંગ ધીમે ધીમે યોગ્ય લયમાં આવી રહી છે.

# India W vs Sri Lanka W Final : T20Iમાં કેવો છે હેડ-ટુ-હેડ રેકોર્ડ? જાણો કોનું પલડું ભારે



વુમન્સ એશિયા કપ 2026ની ફાઇનલમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમનો સામનો વર્તમાન ચેમ્પિયન શ્રીલંકા સામે થશે.બંને ટીમોએ ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી એક પણ મેચ ગુમાવ્યા વિના ફાઇનલમાં સ્થાન બનાવ્યું છે.હવે 13 સપ્ટેમ્બરે રમાનારી ખિતાબી મેચમાં ભારતની નજર શ્રીલંકાને હરાવીને ટ્રોફી જીતવા પર રહેશે.ભારતીય ટીમે સેમિફાઇનલમાં બાંગ્લાદેશને 40 રનથી હરાવીને ફાઇનલની ટિકિટ મેળવી હતી.બીજી તરફ શ્રીલંકાએ પાકિસ્તાનને 4 વિકેટે હરાવીને ખિતાબી મુકાબલામાં પ્રવેશ કર્યો.આ કારણે ફાઇનલને લઈને ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

જો મહિલા T20I ક્રિકેટમાં ભારત અને શ્રીલંકા વચ્ચેના અત્યાર સુધીના મુકાબલાનો રેકોર્ડ જોઈએ તો ભારતીય ટીમનું પલડું સ્પષ્ટ રીતે ભારે છે.બંને ટીમો વચ્ચે અત્યાર સુધી 31 T20I મેચ રમાઈ છે.ભારતે તેમાંથી 25 મેચમાં જીત મેળવી છે,જ્યારે શ્રીલંકા માત્ર 5 મેચ જીતી શક્યું છે.1 મેચનું પરિણામ આવ્યું નહોતું.આ આંકડા ભારત માટે આત્મવિશ્વાસ વધારનારા છે. જોકે, ફાઇનલમાં માત્ર જૂના રેકોર્ડના આધારે જીત નક્કી થઈ શકે નહીં.શ્રીલંકાની ટીમ વર્તમાન ટૂર્નામેન્ટમાં શાનદાર લયમાં છે અને પોતાના ખિતાબનો બચાવ કરવા માટે મેદાનમાં ઉતરશે.દુબઈની ધીમી પીચ પણ ફાઇનલમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. આવી પીચ પર બેટિંગ કરવી સરળ રહેતી નથી અને બોલરોને પણ ફાયદો મળી શકે છે. ભારતીય ટીમે આ સ્થિતિને ધ્યાનમાં રાખીને પોતાની રણનીતિ બનાવવી પડશે.

મહિલા T20 એશિયા કપમાં ભારત અને શ્રીલંકા વચ્ચે અત્યાર સુધી 5 મેચ રમાઈ છે.આમાંથી ભારતે 4 મેચ જીતી છે,જ્યારે શ્રીલંકાએ 1 મેચમાં જીત મેળવી છે.પરંતુ શ્રીલંકાની આ એકમાત્ર જીત ભારતીય ટીમ માટે સૌથી મોટો ચેતવણી સંકેત છે.આ જીત 2024ના મહિલા T20 એશિયા કપની ફાઇનલમાં મળી હતી. શ્રીલંકાએ તે મુકાબલામાં ભારતને 8 વિકેટે હરાવીને પ્રથમ વખત એશિયા કપનો ખિતાબ પોતાના નામે કર્યો હતો.હવે 2026ની ફાઇનલમાં ભારત પાસે તે હારનો બદલો લેવાની તક છે.બીજી તરફ શ્રીલંકાની ટીમ સતત બીજી વખત ખિતાબ જીતવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે.

ફાઇનલમાં ભારતીય ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌર પર પણ ખાસ નજર રહેશે.ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી તેમના બેટમાંથી અપેક્ષા મુજબનું મોટું યોગદાન જોવા મળ્યું નથી.ફાઇનલ જેવી મહત્વની મેચમાં તેમના અનુભવનો ભારતને મોટો ફાયદો મળી શકે છે.ભારતનો શ્રીલંકા સામેનો T20I રેકોર્ડ મજબૂત છે, પરંતુ વર્તમાન ફોર્મ અને ફાઇનલના દબાણને જોતા મુકાબલો રસપ્રદ રહેવાની પૂરી શક્યતા છે. એક તરફ ભારત જૂની હારનો હિસાબ સરભર કરવા માંગશે, તો બીજી તરફ શ્રીલંકા પોતાનો ખિતાબ જાળવી રાખવા માટે સંપૂર્ણ તાકાત લગાવશે.

# પૂર્વ ક્રિકેટર એસ. શ્રીસંતના પિતા શાંતાકુમારન નાયરનું 89 વર્ષની વયે નિધન

ભારતીય ક્રિકેટર એસ. શ્રીસંતના પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. ભૂતપૂર્વ ઝડપી બોલરના પિતા વી. શાંતાકુમારન નાયરનું 89 વર્ષની વયે શુક્રવારની મોડી રાત્રે નિધન થયું છે. મહતી માહિતી અનુસાર, હૃદય સંબંધિત બિમારીઓના કારણે તેમને કોચીની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં રાત્રે આશરે 10 વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.



મૂળ કોઠમંગલમના રહેવાસી શાંતાકુમારન નાયર ભારતીય જીવન વીમા નિગમ (LIC)માં ઝોનલ મેનેજર તરીકે સેવા આપીને નિવૃત્ત થયા હતા. શ્રીસંત સહિત તેમના ત્રણેય સંતાનોનો જન્મ કોઠમંગલમમાં જ થયો હતો. હોસ્પિટલમાં સારવાર દરમિયાન જ તેમણે અંતિમ શ્વાસ લીધા હોવાની માહિતી પરિવારના સૂત્રો દ્વારા મળી છે.

શ્રીસંતે સોશિયલ મીડિયા પર આ દુઃખદ સમાચાર શેર કર્યા છે. શનિવારે તેમનો પાર્થિવ દેહ હોસ્પિટલમાં જ રાખવામાં આવશે અને ત્યારબાદ તેમને કોઠમંગલમ સ્થિત પૈતૃક આવાસ પર લઈ જવાશે. રવિવારે 13 સપ્ટેમ્બરના રોજ સવારે 10 વાગ્યાથી બપોરે 2 વાગ્યા સુધી પરિવારજનો અને સ્વજનો અંતિમ દર્શન કરી શકશે, જ્યારે સાંજે 4 વાગ્યે અંતિમ સંસ્કાર સંપન્ન થશે.

વર્ષ 2013માં જ્યારે શ્રીસંતનું નામ IPL સ્પોટ ફિક્સિંગ વિવાદમાં સંડોવાયું હતું, ત્યારે શાંતાકુમારન નાયરે મીડિયા સામે આવીને પુત્રનો બચાવ કર્યો હતો. તે સમયે તેમણે ધોની પર શ્રીસંતને ટેસ્ટ ટીમમાં પરત ન લેવાની ધમકી આપવાનો આરોપ લગાવ્યો હતો અને હરભજન સિંહ સાથેની જૂની અદાવતનો પણ ઉલ્લેખ કર્યો હતો, જે તે સમયે ચર્ચાનો વિષય બન્યો હતો.

# વૈભવ સૂર્યવંશીના ફેન બન્યા વસીન અક્રમ, PCB અને PSLની કાઢી ઝાટકણી

પાકિસ્તાન ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન અને દિગ્ગજ ફાસ્ટ બોલર વસીન અક્રમે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની કામગીરી અને દેશની ક્રિકેટ વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. અક્રમે 15 વર્ષના ભારતીય યુવા બેટર વૈભવ સૂર્યવંશીનું ઉદાહરણ આપીને પાકિસ્તાનમાં નવી બેટિંગ પ્રતિભા વિકસાવવાની પ્રક્રિયા પર સવાલ કર્યો છે.લાહોરમાં મીડિયા સાથે વાતચીત દરમિયાન વસીન અક્રમે પાકિસ્તાન સુપર લીગ એટલે કે PSLના અત્યાર સુધીના પ્રવાસ અંગે પોતાની વાત રજૂ કરી હતી. તેમના મતે PSLને શરૂ થયાને 10 વર્ષ પૂર્ણ થઈ ગયા છે અને આ સમયગાળા દરમિયાન પાકિસ્તાને કેટલાક સારા બોલરો જરૂર મેળવ્યા છે, પરંતુ બેટિંગમાં એવી પ્રતિભા સામે આવી નથી જે લાંબા સમય સુધી રાષ્ટ્રીય ટીમને મજબૂત બનાવી શકે. અક્રમે પોતાની વાત સમજાવવા માટે વૈભવ સૂર્યવંશીનું ઉદાહરણ આપ્યું.



IPL દ્વારા ભારતને મળેલી યુવા પ્રતિભાની વાત કરતાં તેમણે સવાલ કર્યો કે પાકિસ્તાનને PSLમાંથી વૈભવ જેવા બેટર ક્યારે મળશે? વૈભવ નાની ઉંમરે જ પોતાની આક્રમક બેટિંગને કારણે ક્રિકેટ જગતમાં ચર્ચામાં આવ્યો છે. દિગ્ગજ બોલરો સામે નિર્ભય બેટિંગ કરવાની તેની ક્ષમતાએ તેને ખાસ ઓળખ અપાવી છે. મીડિયા સાથેની વાતચીતમાં વસીન અક્રમે વૈભવ સૂર્યવંશીને 14 વર્ષનો ગણાવ્યો હતો. જોકે, વૈભવ હવે 15 વર્ષનો છે.ઉંમર અંગે અક્રમથી થયેલી આ ભૂલ અલગ મુદ્દો છે,પરંતુ તેમની વાતનો મુખ્ય મુદ્દો પાકિસ્તાનમાં યુવા બેટિંગ પ્રતિભાની શોધ અને વિકાસ સાથે જોડાયેલો હતો.અક્રમે ભારપૂર્વક કહ્યું કે પાકિસ્તાનને એવા યુવા ખેલાડીઓ શોધવાની જરૂર છે જે નાની ઉંમરે પોતાની ક્ષમતા સાબિત કરી શકે અને સમય જતાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ માટે તૈયાર થઈ શકે.

વસીન અક્રમે માત્ર PSL પર આધાર રાખવાને બદલે પાકિસ્તાનમાં ક્લબ ક્રિકેટને મજબૂત બનાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.તેમના મતે મોટી સંખ્યામાં ખેલાડીઓ ક્લબ ક્રિકેટમાંથી આગળ આવે છે અને તેથી પાયાની વ્યવસ્થા મજબૂત હશે તો જ લાંબા ગાળે સારા ખેલાડીઓ તૈયાર થઈ શકે.અક્રમે કરાચી અને લાહોરમાં ક્લબ ક્રિકેટના વિકાસ માટે 100-100 મિલિયન પાકિસ્તાની રૂપિયા ખર્ચવાની વાત પણ કરી. તેમનું માનવું છે કે ખાસ કરીને ટેસ્ટ અને અન્ય લાંબા ફોર્મેટના ક્રિકેટમાં પાકિસ્તાનને સુધારો કરવો હોય તો સ્થાનિક સ્તરની ક્રિકેટ વ્યવસ્થાને ફરી મજબૂત બનાવવી પડશે.વસીન અક્રમની આ ટિપ્પણીથી પાકિસ્તાનના ક્રિકેટ માળખામાં યુવા બેટિંગ પ્રતિભા તૈયાર કરવાની પ્રક્રિયા અંગે નવી ચર્ચા શરૂ થઈ શકે છે.

# ઓનલાઈન શોપિંગમાં 2027થી મોટા ફેરફારો, કંપનીઓને પડશે ભારે!

ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર સામાન ખરીદતી વખતે હવે ગ્રાહકોને કિંમત, ડિસ્કાઉન્ટ, સર્ચ રિઝલ્ટ અને પ્રોડક્ટ સાથે જોડાયેલી માહિતી વધુ સ્પષ્ટ રીતે મળશે. ગ્રાહક બાબતોના વિભાગે ઈ-કોમર્સ માટેના ગ્રાહક સુરક્ષા નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે.

જો તમે ઓનલાઈન શોપિંગ કરો છો તો 1 જાન્યુઆરી 2027ની તારીખ નોંધી લો. 1 જાન્યુઆરી 2027થી ઈ-કોમર્સના નવા નિયમો લાગુ થશે. ઈ-કોમર્સ કંપનીઓ પર સરકાર કડક નિયંત્રણો લાગુ કરવા જઈ રહી છે. હવે ગ્રાહકોને ગેરમાર્ગે દોરવાનું કંપનીઓ માટે ભારે પડશે.

સૌથી મોટો ફેરફાર ડિસ્કાઉન્ટ બતાવવાની રીતમાં થશે. ડિસ્કાઉન્ટ બતાવતી વખતે જૂની કિંમતની સાથે નવી કિંમત પણ જણાવવી પડશે. માનો કે કોઈ પ્રોડક્ટની કિંમત 100 રૂપિયા છે અને તેના પર 20% ડિસ્કાઉન્ટ છે, તો તેની જૂની કિંમત પણ જણાવવી પડશે. જો અગાઉ તેની કિંમત 90 રૂપિયા હતી અને તેના પર 11% ડિસ્કાઉન્ટ આપવામાં આવતું હતું, તો પ્રોડક્ટ 80 રૂપિયામાં જ મળતું હતું અને હવે પણ 80 રૂપિયામાં જ મળી રહ્યું છે. એટલે ગ્રાહકને




વધારાનો કોઈ ફાયદો મળતો નથી. હવે આ માહિતી સ્પષ્ટ રીતે દર્શાવવી પડશે.

કોઈપણ પ્રોડક્ટની જૂની કિંમતને લઈને પણ મર્યાદા રહેશે. જૂની કિંમત એ જ ગણાશે જે છેલ્લા 30 દિવસમાં સૌથી ઓછી હતી. એટલે 6 મહિના જૂની કિંમત બતાવીને તેના પર ઓફર આપીને ગ્રાહકોને ગેરમાર્ગે દોરવાનું બંધ થશે. પ્રોડક્ટના સર્ચ રિઝલ્ટમાં પણ ગેરરીતિ નહીં ચાલે. એટલે તમે કોઈ પ્રોડક્ટનું નામ અથવા બ્રાન્ડનું નામ સર્ચ કરો ત્યારે સૌથી પહેલાં એ જ પ્રોડક્ટ બતાવવી પડશે. અત્યારે ઘણી વખત આપણે કોઈ પ્રોડક્ટ સર્ચ કરીએ ત્યારે તેના બદલે મળતી આવતી અન્ય ઘણી પ્રોડક્ટ સ્ક્રીન પર દેખાવા લાગે છે.

જો કોઈ પ્રોડક્ટને પ્રમોટ કરવામાં આવી રહી હોય તો તેની માહિતી સ્પષ્ટ રીતે આપવી પડશે. અત્યારે ઘણી વખત સ્પોન્સર્ડ પ્રોડક્ટ સૌથી ઉપર દેખાય છે, પરંતુ પ્રમોશન સાથે જોડાયેલું ટેગ ખૂબ નાના અક્ષરોમાં લખેલું હોય છે.

પ્રોડક્ટની વોરંટી, રિટર્ન અને રિફંડને લઈને દરેક એપના અલગ નિયમો હોય છે. ઘણી વખત પ્રક્રિયા શું છે તે સમજવું મુશ્કેલ બની જાય છે. પરંતુ હવે એવું નહીં ચાલે. પ્રોડક્ટ રિટર્ન થશે કે રિપ્લેસ, તેની માહિતી સ્પષ્ટ રીતે આપવી પડશે. વોરંટીમાં શું કવર થશે અને તેની જવાબદારી કોની રહેશે તે પણ જણાવવું પડશે. જો કોઈ પ્રોડક્ટની એક્સપાયરી તારીખ હોય તો તેની માહિતી પણ મોટા અક્ષરોમાં આપવી પડશે.


જો કોઈ પ્રોડક્ટ દેશની બહારથી ઈમ્પોર્ટ કરવામાં આવી હોય તો તે ક્યાંથી આવી છે તેની માહિતી આપવી પડશે. તેને ઈમ્પોર્ટ કરનાર કંપનીની માહિતી પણ આપવી પડશે. દરેક ઈ-કોમર્સ કંપનીએ નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન સાથે જોડાવું પડશે

ફાઈનલ બિલમાં કોઈપણ છુપાયેલા ચાર્જ ઉમેરી શકાશે નહીં. એટલે ઓફર ચાર્જ, સેફ પેકિંગ ચાર્જ, હેન્ડલિંગ ચાર્જ જેવા કોઈપણ ચાર્જ લેવામાં આવે તો તેની માહિતી પહેલાંથી જ આપવી પડશે.

એટલે ઈ-કોમર્સ કંપનીઓ ગ્રાહકો પાસેથી અલગ-અલગ રીતે છુપાયેલા ચાર્જ વસૂલે છે અને ગેરમાર્ગે દોરે છે, તેના પર હવે લગામ લાગશે.

## PFના પૈસા અટકાવી રાખવા પડ્યા ભારે! EPFOને કોર્ટે ફટકાર્યો દંડ!

એક નિવૃત્ત કર્મચારીના PF ક્લેમની ચુકવણીમાં થયેલા વિલંબના કારણે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન એટલે કે EPFO મુશ્કેલીમાં મુકાયું છે. એક અહેવાલ મુજબ, કન્ઝ્યુમર કોર્ટે ₹14 લાખના PF ક્લેમની ચુકવણીમાં 35 દિવસનો વિલંબ કરવા બદલ EPFOને 6% વ્યાજ સાથે સંપૂર્ણ રકમ ચૂકવવાનો આદેશ આપ્યો છે.




કોર્ટે માન્યું કે EPFO EPF સ્કીમ 1952 હેઠળ નક્કી કરાયેલી 20 દિવસની સમયમર્યાદામાં ક્લેમ પર કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહ્યું હતું.

આ આદેશમાં મુંબઈ ઉપનગરીય જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ આયોગે EPFOને સેવામાં બેદરકારી માટે જવાબદાર ગણાવ્યું છે. આયોગે સંગઠનને 9 નવેમ્બર 2016થી 13 ડિસેમ્બર 2016 સુધીના વિલંબ માટે ₹14 લાખ 6 હજાર 272ની ક્લેમ રકમ પર 6% વાર્ષિક દરે વ્યાજ ચૂકવવાનો આદેશ આપ્યો છે. EPFOને આદેશનું પાલન કરવા માટે 45 દિવસનો સમય આપવામાં આવ્યો છે.

આ મામલે ફરિયાદ કરનાર નિવૃત્ત કર્મચારી ફલીટ મેરીટાઈમ સર્વિસિસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડમાં કામ કરતા હતા. નિવૃત્તિ બાદ તેમણે 19 ઓક્ટોબર 2016ના રોજ પોતાના PF માટે ક્લેમ કર્યો હતો. પરંતુ EPFOએ નક્કી કરેલી સમયમર્યાદામાં તેનો નિકાલ કર્યો નહોતો.

EPFOએ દલીલ કરી હતી કે મૂળ ક્લેમ સાથે જરૂરી સંયુક્ત ઘોષણાપત્ર રજૂ કરવામાં આવ્યું નહોતું. આ કારણે 7 નવેમ્બર 2016ના રોજ PF ક્લેમ સંબંધિત તમામ દસ્તાવેજો પરત કરવામાં આવ્યા હતા. EPFOએ જણાવ્યું હતું કે દસ્તાવેજોનો સંપૂર્ણ સેટ 2 ડિસેમ્બર 2016ના રોજ મળ્યો હતો. ત્યાર બાદ 14 ડિસેમ્બર 2016ના રોજ 20 દિવસની અંદર PF ક્લેમનો નિકાલ કરવામાં આવ્યો હતો.

જોકે, આયોગે EPFOની દલીલ ફગાવી દીધી હતી. આયોગે કહ્યું કે સંગઠન ફરિયાદીને મોકલવામાં આવેલ કોઈ લેખિત અસ્વીકાર પત્ર અથવા દસ્તાવેજોમાં ખામી હોવાના પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહ્યું છે. અગાઉ આપવામાં આવેલા દસ્તાવેજો અધૂરા હતા તે સાબિત કરી શકાયું નથી.

કોર્ટે કહ્યું કે ઉપલબ્ધ પુરાવાના આધારે EPFO એ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યું કે કર્મચારીએ 19 ઓક્ટોબર 2016ના રોજ કરેલો ક્લેમ અધૂરો હતો. કન્ઝ્યુમર કોર્ટે વધુમાં કહ્યું કે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને નક્કી કરેલી સમયમર્યાદામાં ક્લેમ પર કાર્યવાહી કરીને તેનો નિકાલ કરવો જોઈતો હતો. કોર્ટે માન્યું કે આમ ન કરવું 'સેવામાં બેદરકારી' સમાન છે.

## નાના વેપારીઓ માટે ખુશખબર, બિઝનેસ માટે મળશે ઈન્સ્ટન્ટ લોન

દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) નાના વેપારીઓ અને સૂક્ષ્મ ઉદ્યોગો માટે એક અત્યંત મહત્વપૂર્ણ ધિરાણ પ્રણાલી વિકસાવી રહી છે. બેંકના મેનેજિંગ ડિરેક્ટર અશ્વિની કુમાર તિવારીના જણાવ્યા મુજબ, હવે UPI વ્યવહારોના ડેટાના આધારે ગ્રાહકની લોન પાત્રતા (Loan Eligibility) નક્કી કરવામાં આવશે.

આ નવી સુવિધા વિશેષરૂપે નાના અને મધ્યમ કક્ષાના વ્યવસાયોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી રહી છે. ઘણીવાર નાના દુકાનદારો અને વેપારીઓ પાસે GST નોંધણી હોતી નથી, જેના કારણે તેમને બેંકમાંથી લોન મેળવવામાં મુશ્કેલી પડે છે. નવી સિસ્ટમ હેઠળ, જો કોઈ વેપારીનું નિયમિત વેચાણ થતું હોય અને ગ્રાહકો પાસેથી ચુકવણી UPI દ્વારા સ્વીકારવામાં આવતી હોય, તો આ ડિજિટલ ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રીનો ઉપયોગ જ વ્યવસાયની આવકના સૂચક તરીકે કરવામાં આવશે.

અશ્વિની કુમાર તિવારીએ વધુમાં સ્પષ્ટ કર્યું કે જે વ્યવસાયો પાસે GST નોંધણી છે, તેમના માટે બેંકે અગાઉથી જ પ્રક્રિયા સરળ બનાવી દીધી છે. GST અને PAN ડેટાના આધારે SBI હવે માત્ર ૧૦ મિનિટમાં ઈન્સ્ટન્ટ લોન મંજૂર કરવા સક્ષમ છે. છેલ્લા ૧૮ મહિનામાં બેંકે આ માધ્યમથી ₹૧ લાખ કરોડથી વધુની લોનનું વિતરણ કર્યું છે. પરંતુ GST નંબર ન ધરાવતા વેપારીઓ માટે વૈકલ્પિક ડેટા સ્ત્રોત ઉપયોગી બનશે.

UPI પેમેન્ટ સિસ્ટમમાં ટ્રાન્ઝેક્શન ક્યાં થઈ રહ્યું છે તેની સંપૂર્ણ માહિતી પેમેન્ટ એપ્સ અને રિસીવિંગ બેંક પાસે હોય છે. ગ્રાહકની સંમતિ મેળવ્યા બાદ, SBI UPI ચુકવણીના રેકોર્ડ તેમજ ટેલિકોમ કંપનીઓના ડેટા જેવા વૈકલ્પિક સ્ત્રોતોનો અભ્યાસ કરીને ધિરાણ મંજૂર કરવાની આધુનિક મોડેલિંગ સિસ્ટમ પર કામ કરી રહી છે.

જો આ નવી ક્રેડિટ મૂલ્યાંકન પ્રણાલી સફળ થશે, તો નાના દુકાનદારો, ફેરિયાઓ અને કાગળ પર GST રજિસ્ટ્રેશન ન ધરાવતા વેપારીઓ માટે ક્રેડિટ મેળવવાનો રસ્તો ખુલી જશે. રોકડ વગર થતા નિયમિત ડિજિટલ વ્યવહારો અને મજબૂત ટ્રેક રેકોર્ડ ધરાવતા તમામ નાના ધંધાર્થીઓને આર્થિક પ્રગતિ માટે SBIની આ પહેલથી મોટો સપોર્ટ મળશે.




## મોબાઈલ નંબરની જેમ ફાસ્ટેગ પણ પોર્ટ કરાવી શકાશે, જાણો પ્રક્રિયા

FASTag કેટલો ઉપયોગી છે તે કહેવાની જરૂર નથી. પરંતુ તે ત્યારે જ ઉપયોગી છે, જ્યારે તે બરાબર કામ કરતો હોય. જો તમારી કારની વિન્ડશિલ્ડ તૂટી જાય અથવા FASTag પર સ્ક્રેચ પડી જાય, તો તેને બદલવો સરળ નથી. આ ઉપરાંત જો તમે તમારા FASTag ઓપરેટર અથવા બેંકની સર્વિસથી પરેશાન હો અને FASTag બદલવા માંગતા હો, તો અત્યાર સુધી શક્ય નહોતું. કારણ કે જૂનો FASTag કાઢવો ખૂબ મુશ્કેલ કામ છે. પરંતુ હવે આવું નહીં થાય. હવે FASTag બદલ્યા વગર જ તમે તમારો ઓપરેટર અથવા બેંક બદલી શકશો.




હાઈવે યાત્રા એપ પર હવે OneTag નામનું ફીચર આવી ગયું છે. તેની મદદથી તમે તમારો હાલનો FASTag પોર્ટ કરી શકશો. જેમ તમે SIM કાર્ડ પોર્ટ કરો છો, તેવી જ રીતે હવે FASTag પણ પોર્ટ કરી શકાશે. ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ દ્વારા આ માટેનું OneTag નું ફ્રેમવર્ક શરૂ કરી દેવામાં આવ્યું છે. આ ફ્રેમવર્કમાં લગભગ 1 ડઝન મોટી બેંકો સામેલ છે. તેમાં સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા, ICICI બેંક અને Airtel Payments Bank મુખ્ય છે. અન્ય બેંકો પણ ટૂંક સમયમાં જોડાશે.

અત્યાર સુધી FASTag બદલાવવા માટે યુઝરે હાલના FASTagને બંધ કરીને નવો FASTag બનાવડાવવો પડતો હતો. હવે હાઈવે યાત્રા એપના પહેલા પેજ પર જ OneTag નામનો વિકલ્પ મળશે. તેની મદદથી થોડા સ્ટેપમાં FASTagને નવા બેંક અકાઉન્ટ સાથે લિંક કરી શકાશે.

આ માટે તમારા ફોનમાં હાઈવે યાત્રા એપ ઈન્સ્ટોલ કરવાની રહેશે. ત્યાર બાદ જે મોબાઈલ નંબર સાથે તમારો FASTag લિંક છે, એ જ નંબરથી OTPની મદદથી એપમાં લોગિન કરવાનું રહેશે.

હવે હોમ સ્ક્રીન પર દેખાતા OneTag વિકલ્પ પર ક્લિક કરો અને Check Portability પર ક્લિક કરો. સિસ્ટમ ચેક કરશે કે તમારો FASTag પોર્ટ કરી શકાય છે કે નહીં.

ત્યાર બાદ તમારા હાલના લિંક કરેલા બેંક તરફથી આગળની પ્રક્રિયા માટે SMS મળશે. ત્યાર બાદ હાલની બેંક FASTagમાં રહેલું બેલેન્સ તમારા અકાઉન્ટમાં પરત કરવાની પ્રક્રિયા કરશે. ધ્યાન રાખો કે બેલેન્સ ટ્રાન્સફર નહીં થાય, પરંતુ તમારા અકાઉન્ટમાં પરત આવશે.

## ચહેરા પરના કાળા ડાઘ અને ખીલ 3 દિવસમાં થશે 'ગાયબ', બસ રસોડામાં રહેલી આ વસ્તુ લગાવવાનું શરૂ કરો

અવારનવાર લોકો ચહેરાના કાળા ડાઘ, ધબ્બા અને પિમ્પલ દૂર કરવા માટે ઘરેલું ઉપાય શોધતા રહે છે. આમાંથી 'ટામેટું' પણ એવો જ એક ઘરેલું નુસખો છે, જે ત્વચાને ફાયદો પહોંચાડી શકે છે. ટામેટાંમાં વિટામિન C, વિટામિન A અને લાઈકોપીન જેવા પોષક તત્વો મળી આવે છે. તેથી તેનો ઉપયોગ સ્કિન કેરમાં કરવામાં આવે છે. 'ટામેટાં' સ્કિનને હેલ્ધી બનાવવા અને તેને ગ્લોઈંગ બનાવવા માટે ખૂબ મદદરૂપ સાબિત થઈ શકે છે. આ જ કારણ છે કે, ગ્લોઈંગ સ્કિન માટે ટામેટાંથી જોડાયેલા ઘણા ઘરેલું નુસખા આજકાલ લોકો વચ્ચે ખૂબ જ પ્રખ્યાત થઈ રહ્યા છે. અમેરિકન એકેડેમી ઓફ ડર્મેટોલોજીના જણાવ્યા અનુસાર, ખીલ અને તેનાથી થતા કાળા નિશાનોની સારવારમાં કેટલાક ખાસ એક્ટિવ ઈન્ગ્રીડિએન્ટ્સ વધુ અસરકારક માનવામાં આવે છે. તેમાં સેલિસિલિક એસિડ, રેટિનોઈડ અને એઝેલિક એસિડ જોડાયેલ છે. આથી, ટામેટાંને સારવાર સમજવાને બદલે માત્ર એક ઘરેલું ઉપાય તરીકે જ જુઓ. જો તેને લગાવ્યા પછી બળતરા, ખંજવાળ કે લાલાશ થાય તો તરત જ ચહેરો ધોઈ લો અને પછી તેનો ઉપયોગ કરવાનું ટાળો. જો તમારો ચહેરો થાકેલો અને નિસ્તેજ દેખાઈ રહ્યો હોય, તો ટામેટાંનો ઉપયોગ કરી શકાય છે. ટામેટાંનો થોડો રસ કાઢીને ચહેરા પર હળવા હાથે લગાવો. લગભગ 10 થી 15 મિનિટ પછી સામાન્ય પાણીથી ચહેરો ધોઈ લો. આનાથી સ્કિન થોડા સમય માટે સાફ અને ફ્રેશ અનુભવી શકે છે. જો તમને પિમ્પલ્સ છે, તો પણ ટામેટું તમારા માટે મદદરૂપ સાબિત થઈ શકે છે. ટામેટાંમાં રહેલા કેટલાક એન્ટિઓક્સિડન્ટ કમ્પાઉન્ડ્સ સ્કિન માટે ફાયદાકારક માનવામાં આવે છે. આ જ કારણસર પિમ્પલ્સ અને ઓઈલી સ્કિન માટે પણ લોકો ટામેટાંનો ઉપયોગ કરતા આવ્યા છે.

## Tata Motorsનું વેચાણ 56% વધ્યું, EV-CNG મોડલની પણ વધી માંગ

ભારતીય બજારમાં Tata Motors હવે પેટ્રોલ અને ડીઝલની સાથે CNG અને ઈલેક્ટ્રિક કારમાં પણ મજબૂત પકડ બનાવી ચૂકી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કંપનીએ પોતાની કારમાં ઘણા ફેરફાર કર્યા છે. તેની અસર હવે વેચાણના આંકડામાં પણ સ્પષ્ટ જોવા મળી રહી છે.

ઓગસ્ટ 2026નું વેચાણ કંપની માટે ખાસ રહ્યું. Tata Motorsએ એક મહિનામાં કુલ 67,753 પેસેન્જર વાહનો વેચ્યાનો દાવો કર્યો છે. ગયા વર્ષની સરખામણીમાં કંપનીના વેચાણમાં લગભગ 56 ટકાનો વધારો નોંધાયો છે. આ સારા પ્રદર્શનમાં ઈલેક્ટ્રિક અને CNG કારની મોટી માંગ રહી છે. Tata Motors લાંબા સમયથી ભારતીય ઈલેક્ટ્રિક કાર બજારમાં પોતાની પકડ




મજબૂત કરવાનો પ્રયાસ કરી રહી છે અને હવે તેની અસર જોવા મળી રહી છે. ઓગસ્ટ 2026માં કંપનીએ 16,000થી વધુ ઈલેક્ટ્રિક કાર વેચી છે. એટલે કે કંપનીના કુલ પેસેન્જર વાહન વેચાણમાં લગભગ 25 ટકા હિસ્સો ઈલેક્ટ્રિક કારનો રહ્યો. ata Punch EV અને Nexon EV જેવી કારની ગ્રાહકોમાં સારી માંગ જોવા મળી રહી છે. સારી રેન્જ, સેફ્ટી અને વધતા ચાર્જિંગ નેટવર્કને કારણે ઘણા ગ્રાહકો હવે પેટ્રોલ અને ડીઝલ કારની જગ્યાએ ઈલેક્ટ્રિક કારનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે.

માત્ર ઈલેક્ટ્રિક કારના કારણે Tataનું વેચાણ વધ્યું નથી. કંપનીની iCNG કારની પણ સારી માંગ છે. Tataના કુલ વેચાણમાં CNG મોડલનો હિસ્સો લગભગ 28 ટકા સુધી પહોંચ્યો હોવાનું કહેવામાં આવી રહ્યું છે. Tata Tiago, Tigor, Punch અને Altroz જેવા મોડલ CNG વિકલ્પ સાથે ઉપલબ્ધ છે. આ કારમાં CNG હોવા છતાં બૂટ સ્પેસમાં વધારે સમાધાન કરવું પડતું નથી. આ વાત ગ્રાહકોને ઘણી પસંદ આવી રહી છે. આ ઉપરાંત Tata CNG કારમાં ઓટોમેટિક ગિયરબોક્સનો વિકલ્પ પણ આપી રહી છે. શહેરમાં રોજ કાર ચલાવતા લોકો માટે આ સુવિધા ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે. Punch અને Nexon જેવા મોડલ કંપનીના વેચાણ માટે મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે.

## ફોનમાં દેખાય આ સંકેતો તો સમજો મોબાઈલ હવે ખરાબ થવાનો છે!

સ્માર્ટફોન આપણા જીવનનો એક ભાગ બની ગયા છે અને આપણે સવાર-સાંજ તેની સાથે સમય વિતાવીએ છીએ. આવી સ્થિતિમાં, જો તમારો ફોન અચાનક બગડી જાય, તો મોટી મુસિબત આવી પડે છે. ત્યારે તાત્કાલિક નવો ફોન લેવો મુશ્કેલ બની જાય છે. પણ જો ફોન બગડે તે પહેલા ખબર પડી જાય તો ફોનને રિપેર કરાવી ખરાબ થતા બચાવી શકીએ છીએ. ત્યારે તમને જણાવી દઈએ કે ફોન બગડતા પહેલા કેટલાક સંકેતો આપે છે, જેને ધ્યાનમાં લેશો તો તમારો ફોન ખરાબ થતા પહેલા રિપેર કરાવી શકશો. સ્માર્ટફોન બગડતા પહેલા કેટલાક સંકેતો આપે છે. આ સંકેતોને અવગણવાથી ફોન સંપૂર્ણપણે બગડી શકે છે. આ સંકેતો જોતાની સાથે જ, તમારા ફોનનો બેકઅપ લો અને સર્વિસ સેન્ટરનો સંપર્ક કરો. સમયસર ધ્યાન આપીને, તમે ડેટા નુકશાન અને વધુ ખર્ચ ટાળી શકો છો. જો તમારો ફોન અચાનક વારંવાર હેંગ થવા લાગે છે અથવા જાતે જ રીસ્ટાર્ટ થવા લાગે છે, તો તે સોફ્ટવેર ક્રેશ અથવા હાર્ડવેર ફેલિયરનો સંકેત હોઈ શકે છે. જો બેટરી પહેલા કરતા વધુ ઝડપથી ડાઉન થઈ રહી છે અથવા ફોન બિલકુલ ચાર્જ થઈ રહ્યો નથી, તો બેટરી અથવા ચાર્જિંગ પોર્ટ બગડવાના સંકેતો છે. જો ટચ સ્ક્રીન ધીમી પ્રતિક્રિયા આપવા લાગે છે, અથવા કંઈક આપમેળે ટાઈપ થવા લાગે છે (ઘોસ્ટ ટચ), તો ડિસ્પ્લે અથવા મધરબોર્ડમાં ખામી હોઈ શકે છે.

## 10 વર્ષ પૂર્ણ થવા પર Jioની મેગા ઓફર! 365-દિવસના પ્લાનમાં મળશે એક્સ્ટ્રા ડેટા

Jioએ 10 વર્ષ પૂર્ણ થવાની ઉજવણીમાં એક નવી મેગા ઓફરની જાહેરાત કરી છે. 2016માં શરૂ થયેલી આ ટેલિકોમ કંપની તેના 365-દિવસના વાર્ષિક પ્લાન સાથે વધારાનો ડેટા આપી રહી છે. આ પહેલાં, કંપનીએ તેની 10મી વર્ષગાંઠ નિમિત્તે નવી 'પ્રાઇમ મેમ્બરશિપ'ની પણ જાહેરાત કરી હતી, જેમાં વપરાશકર્તાઓને વિવિધ લાભો મળે છે. Jioએ તેની વેબસાઈટ પર આ "મેગા એનિવર્સરી ઓફર"ની જાહેરાત કરી છે, જેમાં ₹3,599ના રિચાર્જ પ્લાન પર વપરાશકર્તાઓને વધારાનો ડેટા આપવામાં આવે છે. આ વાર્ષિક પ્લાનમાં સામાન્ય રીતે દરરોજ 2.5GB હાઈ-સ્પીડ ડેટાનો લાભ મળે છે. વધારાનો ડેટા વપરાશકર્તાઓને વધુ ઈન્ટરનેટ વાપરવાની સ્વતંત્રતા આપે છે. આ ઉપરાંત, કંપની Google Gemini AI Pro, Jio TV અને Jio AI Cloud જેવા લાભો પણ આપી રહી છે. Reliance Jioનો ₹3,599નો પ્લાન 365 દિવસની વેલિડિટી સાથે આવે છે. આ વાર્ષિક પ્લાન સમગ્ર ભારતમાં અનલિમિટેડ વોઈસ કોલિંગ અને ફ્રી નેશનલ રોમિંગ જેવા લાભો આપે છે. વપરાશકર્તાઓને દરરોજ 2.5GB હાઈ-સ્પીડ ડેટા અને સાથે જ દરરોજ 100 ફ્રી SMS પણ મળે છે. વધુમાં, આ પ્લાનમાં Jio TV, Jio AI Cloud અને Gemini AI Proનું 18 મહિનાનું સબ્સ્ક્રિપ્શન સામેલ છે. 10મી વર્ષગાંઠની ઉજવણી રૂપે, કંપની આ પ્લાન સાથે કુલ 120GB વધારાનો હાઈ-સ્પીડ ડેટા આપી રહી છે.

## વરસાદ પછી કારમાંથી દુર્ગંધ આવી રહી છે? આ 4 વસ્તુ ચેક કરો

વરસાદની ઋતુમાં કારનો ઉપયોગ કર્યા બાદ ઘણા લોકોને કેબિનમાંથી અજીબ કે ભીનાશ જેવી દુર્ગંધ આવવા લાગે છે. ઘણી વખત તેનું કારણ પરફ્યુમ કે એર ફ્રેશનર નહીં, પરંતુ કારની અંદર જમા થયેલી ભેજ અને ગંદકી હોય છે. વરસાદ દરમિયાન જૂતા, છત્રી અને કપડાં સાથે પાણી કારના ફ્લોર સુધી પહોંચી શકે છે. જો કારનું કેબિન સારી રીતે સૂકાઈ ન શકે, તો ભેજ લાંબા સમય સુધી રહી શકે છે. આ સ્થિતિમાં AC ચાલુ કરતા પહેલાં કારના કેટલાક ભાગો જરૂર ચેક કરવા જોઈએ, કારણ કે તેની સફાઈ કરવાથી દુર્ગંધની સમસ્યા ઘટાડવામાં મદદ મળી શકે છે.



### કારના ફ્લોર મેટની સફાઈ કરો

વરસાદના દિવસોમાં ફ્લોર મેટ સૌથી વધુ ભીના થતા હોય છે. તેમાં પાણી સાથે માટી અને અન્ય ગંદકી પણ જમા થઈ શકે છે. સફાઇ કરવા માટે મેટને કારની બહાર કાઢીને સારી રીતે સાફ કરો. ત્યાર બાદ તેને સંપૂર્ણપણે સૂકવીને જ પાછા લગાવો.

### કેબિન એર ફિલ્ટર ચેક કરો

AC સિસ્ટમમાં લાગેલું કેબિન એર ફિલ્ટર બહારની હવામાંથી આવતી ધૂળ અને અન્ય કણોને રોકવામાં મદદ કરે છે. જો ફિલ્ટર ખૂબ ગંદું હોય અથવા લાંબા સમયથી ઉપયોગમાં હોય, તો તેમાં જમા થયેલી ગંદકી હવાની ગુણવત્તા પર અસર કરી શકે છે. કારના મોડલ પ્રમાણે ફિલ્ટરનું સ્થાન અને તેને બદલવાની રીત અલગ હોઈ શકે છે. તેથી જરૂર પડે તો કારને મિકેનિક પાસે ચેક કરાવી શકો છો.

### ACના એર વેન્ટ સાફ કરો

ડેશબોર્ડ પર આવેલા એર વેન્ટમાં ધૂળ જમા થઈ શકે છે. તેને નરમ બ્રશ અથવા સ્વચ્છ કપડાથી સાવધાનીપૂર્વક સાફ કરી શકાય છે. સફાઈ કરતી વખતે વેન્ટની અંદર પાણી અથવા વધુ ભેજ જવા ન દેવાની કાળજી રાખો.

### સીટ અને કાર્પેટનો ભેજ ચેક કરો

જો વરસાદનું પાણી જૂતા અથવા કપડાં દ્વારા કારની અંદર પહોંચ્યું હોય, તો સીટ અને કાર્પેટમાં ભેજ રહી શકે છે. કારને થોડા સમય માટે સારી રીતે હવાની અવરજવર થતી હોય તેવી જગ્યાએ પાર્ક કરીને અંદરનો ભેજ ઘટાડવાનો પ્રયાસ કરી શકો છો. જો કાર્પેટની નીચે સુધી પાણી પહોંચી ગયું હોય, તો માત્ર ઉપરથી સૂકવવું પૂરતું ન હોઈ શકે.

### ગુજરાતમાં મહેસૂલ વિભાગનો મહત્વપૂર્ણ નિર્ણય

# ૧૩ અધિકારીઓની પ્રાંત ઓફિસર અને SDM તરીકે નિમણૂક

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં વહીવટી તંત્રમાં ગત મોડી રાત્રે વધુ એક મહત્વનો ઓર્ડર કરવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગે ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (GAS) જુનિયર સ્કેલની ૨૦૨૪ બેચના ૧૩ પ્રોબેશનર અધિકારીઓને તાલુકા તથા સબ-ડિવિઝન કક્ષાએ પ્રાંત અધિકારી અને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (જીઢ્ઢસ) તરીકે સ્વતંત્ર હવાલો સોંપ્યો છે. આ નિમણૂક તાલીમ કાર્યક્રમના ભાગરૂપે કરવામાં આવી છે અને અધિકારીઓને ૨૬ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી સંબંધિત તાલુકા/સબ-ડિવિઝનનો હવાલો સંભાળવાનો રહેશે.

સરકારના આદેશ અનુસાર, નીચે મુજબના અધિકારીઓને જે-તે જિલ્લા અને તાલુકાની જવાબદારી સોંપાઈ છેઃ

અક્ષર રામેશભાઈ થુમ્મરઃ કચ્છ જિલ્લો (લખપત અને નખત્રાણા)

સૃષ્ટિ મયંક શાહઃ ખેડા જિલ્લો (ખેડા તાલુકો)

કલ્પેશકુમાર બલદેવભાઈ ગાલિયાઃ ભરૂચ જિલ્લો (હાંસોટ અને અંકલેશ્વર)

તાપસી અજિત વાઘેલાઃ બોટાદ જિલ્લો (ગઢડા અને બોટાદ)

રાજેન્દ્ર જોતારમભાઈ પટેલઃ સાબરકાંઠા જિલ્લો (તલોદ અને પ્રાંતિજ)

સંદીપસિંહ પ્રદિપસિંહ ઝાલાઃ છોટાઉદેપુર જિલ્લો (કવાંટ અને છોટાઉદેપુર)

શુભમ સિંઘ રામુસિંઘ રાઠોડઃ તાપી જિલ્લો (કુકરમુંડા અને નિઝર)

પ્રશાંત ગંભીરદાન ગોરૈયાવાળાઃ રાજકોટ જિલ્લો (જામકંડોરણા અને ધોરાજી)

આયુષી દિલીપકુમાર પટેલઃ ગાંધીનગર જિલ્લો (દહેગામ)

મૌસમબીન પરેશકુમાર પટેલઃ સુરત જિલ્લો (મહુવા અને બારડોલી)

યોગેશ નંદલાલભાઈ બરાડઃ જામનગર જિલ્લો (જામજોધપુર અને લાલપુર)

ધ્રુવ કાંતિભાઈ ડામોરઃ બનાસકાંઠા જિલ્લો (અમીરગઢ અને દાંતા)

હિમાંશુ ભરતભાઈ ડામોરઃ દાહોદ જિલ્લો (ગરબાડા અને દાહોદ) નોંધનીય છે કે રાજ્ય સરકારના આ કદમથી સ્થાનિક કક્ષાએ વહીવટી કામગીરીને નવો વેગ મળશે. યુવા અધિકારીઓની સીધી નિમણૂકથી મહેસૂલી પ્રશ્નોનો ઝડપી નિકાલ, કાયદો અને વ્યવસ્થાની જાળવણી અને સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણમાં નોંધપાત્ર સુધારો થવાની અપેક્ષા છે. આ તાલીમ અને સ્વતંત્ર કામગીરીનો સમયગાળો ભવિષ્યના વહીવટી નેતૃત્વ માટે એક મજબૂત પાયો પૂરો પાડશે. ઓર્ડર ગુજરાતના રાજ્યપાલના નામે અને તેમના આદેશથી મહેસૂલ વિભાગના અંડર સેક્રેટરી (સર્વિસિસ) રુત્વિજ સોનાગરા દ્વારા કરવામાં આવ્યો છે.

# ગાંધીનગર અને સચિવાલયને બોમ્બથી ઉડાવવાની ધમકી મામલે એકની ધરપકડ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર અને સચિવાલયને બોમ્બની ધમકી આપવાના મામલે સુરક્ષા એજન્સીઓ અને પોલીસ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આ મામલે સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે ઝડપથી તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ તપાસ અને મળેલી માહિતીના આધારે ટીમે ઝારખંડના દેવઘર સુધી તપાસનો દોર લંબાવ્યો હતો. ત્યારબાદ દેવઘરમાંથી એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આરોપીની ધરપકડ બાદ હવે સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. ગાંધીનગર અને સચિવાલયને બોમ્બની ધમકી મળ્યા બાદ સુરક્ષા વ્યવસ્થાને લઈને પણ ગંભીરતા વધી હતી. ધમકીની માહિતી મળતાની સાથે જ તપાસ એજન્સીઓએ આ મામલાને ગંભીરતાથી લીધો હતો. ધમકી કોણે આપી, તેનો હેતુ શું હતો અને આ પાછળ અન્ય કોઈ વ્યક્તિ કે જૂથ સંકળાયેલું છે કે કેમ તે સહિતના મુદ્દાઓ પર તપાસ કરવામાં આવી રહી છે. સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે ઝડપી તપાસ કરીને આરોપી સુધી પહોંચવામાં સફળતા મેળવી છે.

તપાસમાં એક મહત્વની બાબત પણ સામે આવી છે. BRICS સંમેલન દરમિયાન આરોપીએ અન્ય દેશોમાં પણ બોમ્બની ધમકી આપી હોવાનું ખુલ્યું છે. એટલું જ નહીં, ભારતને સહકાર આપતા દેશોને પણ બોમ્બની ધમકી આપવામાં આવી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આ ખુલાસાને કારણે સમગ્ર મામલો વધુ ગંભીર બન્યો છે. એક જ વ્યક્તિ દ્વારા અલગ-અલગ દેશોને ધમકી આપવામાં આવી હોવાની માહિતી સામે આવતા તપાસ એજન્સીઓ હવે ધમકી પાછળના હેતુ અને તેની પાછળની કડી શોધી રહી છે. સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે મળેલી માહિતીના આધારે ઝડપી તપાસ કરી અને ઝારખંડના દેવઘરમાંથી આરોપીને દબોચી લીધો હતો. આ કાર્યવાહીથી ધમકી આપનાર વ્યક્તિ સુધી પહોંચવામાં તપાસ ટીમને સફળતા મળી છે. હવે આરોપીની પૂછપરછ દરમિયાન આ મામલે વધુ વિગતો બહાર આવવાની શક્યતા છે. આરોપીએ કયા કારણોસર ધમકીઓ આપી હતી, કયા માધ્યમનો ઉપયોગ કર્યો હતો અને અન્ય કોઈ વ્યક્તિ તેની સાથે સંકળાયેલી હતી કે કેમ તે અંગે પણ તપાસ કરવામાં આવશે.

ગાંધીનગર અને સચિવાલય જેવા મહત્વના સ્થળોને આપવામાં આવેલી બોમ્બની ધમકીને લઈને સુરક્ષા એજન્સીઓ પહેલેથી જ સતર્ક હતી. હવે આરોપીની ધરપકડ થયા બાદ તપાસનો આગળનો તબક્કો શરૂ થયો છે.

ખાસ કરીને મ્ઇૈંઝ્રજી સંમેલન દરમિયાન અન્ય દેશોમાં આપવામાં આવેલી ધમકીઓ અને ભારતને સહકાર આપતા દેશોને આપવામાં આવેલી ધમકી વચ્ચે કોઈ કડી છે કે કેમ તે પણ તપાસવામાં આવશે. હાલ આરોપીની પૂછપરછ ચાલી રહી છે અને તેની પૂછપરછમાંથી વધુ મહત્વના ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### બોપલમાં કાળજું કંપાવતો અકસ્માત

# પતિની નજર સામે જ ગોળીની સ્પીડે આવેલી બાઈકે પત્નીને ૧૦ ફૂટ દૂર સુધી ઢસડી

અમદાવાદ,તા.૧૨

અમદાવાદ શહેરના બોપલ-શીલજ વિસ્તારમાં રફતારના કહેરનો એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. લગ્નના માત્ર બે જ મહિનામાં એક પરિવારે પોતાની નવવધૂ ગુમાવતા અરેરાટી વ્યાપી ગઈ છે. ગરબા ક્લાસ પૂરા કરીને પતિ-પત્ની અલગ-અલગ ટુ-વ્હીલર પર ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે ડીપીએસ કેનાલ રોડ પર માધવ અધવેદ કોમ્પ્લેક્ષ પાસે પુરઝડપે આવી રહેલા બાઈકચાલકે પત્નીના એક્સેસ વાહનને જોરદાર ટક્કર મારી હતી. આ ભયાનક અકસ્માતની સમગ્ર ઘટના નજીકના CCTVમાં પણ કેદ થઈ ગઈ છે.

મળતી માહિતી મુજબ, બોપલમાં રહેતા ૩૦ વર્ષીય હાર્દિક દરજી કોરિયોગ્રાફર છે અને સાયન્સ સિટી ખાતે આવેલા બ્લુમિંગ કેમ્પમાં ગરબા ક્લાસ ચલાવે છે. હાર્દિક તેની પત્ની સાથે રાત્રે ગરબા ક્લાસ પૂર્ણ કરીને અલગ અલગ વ્હીકલમાં ઘરે પરત ફરી રહ્યાં હતા. જે સમયે પતિ હાર્દિક બાઈક પર આગળ હતો અને પત્ની નિશિબેન એક્સેસ ટુ-વ્હીલર પર પાછળ આવી રહ્યા હતા.દરમિયાન ડીપીએસ કેનાલ રોડ પર વળાંક લેતી વખતે 'ગોળીની સ્પીડે' આવી રહેલા બાઈક ચાલકે નિશિબેનના વાહનને એવી જોરદાર ટક્કર મારી કે તેઓ વાહન સાથે આશરે ૧૦ ફૂટ સુધી રોડ પર ઢસડાયા હતા. પતિ હાર્દિક થોડા આગળ નીકળી ગયા હોવાથી તેમનો આબાદ બચાવ થયો હતો, પરંતુ પોતાની જ નજર સામે પત્નીને જમીન પર પટકાતી જોઈ તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા.પતિ અને આસપાસના લોકોએ તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં નિશિબેનને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નીપજ્યું હતું. હાર્દિકના લગ્ન માત્ર બે મહિના પહેલા જ નિશિ જોડે થયા હતા અને નિશિ પણ અમદાવાદના વસ્ત્રાપુરમાં રહેતી હતી. અકસ્માત સર્જાયા બાદ બાઈકચાલક અને તેની પાછળ બેઠેલી વ્યક્તિ બાઈક ઘટનાસ્થળે મૂકીને ફરાર થઈ ગયા હતા.ઘટના અંગે બોપલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં અકસ્માત સર્જનાર ચાલક અને તેનો સાથીદાર ઘરઘાટી તરીકે કામ કરતા હોવાનું અને ચાલક પણ હાલમાં હોસ્પિટલમાં દાખલ હોવાનું સામે આવ્યું છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ફરાર આરોપીઓની શોધખોળ વધુ તેજ કરી છે.

# દાણીલીમડા BRTS કોરિડોરમાં મોપેડની ટક્કરે આધેડનું મોત


અમદાવાદ,તા.૧૨

અમદાવાદના દાણીલીમડામાં આવેલા સ્વામીનારાયણ કોલેજ નજીક બીઆરટીએસ કોરિડોરમાં શુક્રવારે (૧૧મી સપ્ટેમ્બર) રાત્રે પૂરઝડપે આવેલા મોપેડચાલકે રોડ ક્રોસ કરી રહેલા ૪૫ વર્ષીય આધેડને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજા થવાથી સારવાર દરમિયાન શનિવારે સવારે તેનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે કે ટ્રાફિક પોલીસે અજાણ્યા મોપેડચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, શાહઆલમ દાણીલીમડા સ્થિત વાસુદેવ ધનજીના છાપરા ખાતે રહેતા ૪૫ વર્ષીય નરસીહ ભીલ છૂટક મજૂરીકામ કરે છે. શુક્રવારે રાત્રે આશરે ૧૧ વાગ્યાની આસપાસ તે સ્વામીનારાયણ કોલેજ દશામાના મંદિર સામે આવેલા બીઆરટીએસ કોરિડોરમાંથી ચાલતા-ચાલતા રોડ ક્રોસ કરી રહ્યા હતા.

આ દરમિયાન ભુલાભાઈ ચાર રસ્તા તરફથી બીઆરટીએસ કોરિડોરમાં પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા મોપેડચાલકે તેને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર વાગતાં જ નરસીહ જમીન પર પટકાયા હતા અને તેમને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બનાવને પગલે સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત નરસીહને તાત્કાલિક સારવાર માટે મણિનગરની એલ.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યાંથી વધુ ગંભીર હાલત જણાતાં તેને એસ.વી.પી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન શનિવારે વહેલી સવારે ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ મામલે કે ડિવિઝન ટ્રાફિક પોલીસે મોપેડચાલક સામે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે મોપેડચાલકની શોધખોળ શરૂ કરી છે.

# રાજ્યમાં લાંબા વિરામ બાદ અમદાવાદ શહેર સહિત અનેક તાલુકામાં વરસાદ



અમદાવાદ,તા.૧૨

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી હળવો વરસાદી માહોલ છે, ત્યારે હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૧૫ સપ્ટેમ્બર સુધી ૨૦થી વધુ જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. તેવામાં શનિવારે(૧૨ સપ્ટેમ્બર) સવારે ૬ વાગ્યાથી બપોરે ૬ વાગ્યા સુધીમાં ૭૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં અમદાવાદ શહેર, પંચમહાલ, ડાંગ, છોટા ઉદેપુર, નર્મદા, અમરેલી સહિતના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ વરસ્યો છે. જાણો ક્યાં કેટલો વરસાદ થયો.

અમદાવાદ શહેરમાં અચાનક વાતાવરણમાં પલટો આવતા અનેક વિસ્તારોમાં સારો એવો વરસાદ વરસી રહ્યો છે. શહેરના પાલડી, વિશાલા, વાસણા, બલોલ નગર, રાણીપ, નવાવાડજ, અખબાર નગર, મકરબા, સરખેજ, એસજી હાઈવે સહિતના અનેક વિસ્તારમાં વરસાદ થયો.

લાંબા વિરામ બાદ છોટા ઉદેપુર જિલ્લામાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. આજે શનિવારે વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો આવતા છોટા ઉદેપુર, પાનવડ સહિત બોડેલી પંથકમાં ધીમીધારે વરસાદ થયો છે. દોઢ માસના વરસાદી વિરામથી ખેડૂતો ચિંતિત બન્યા હતા. જેમાં અંતરિયાળ વિસ્તારોના મોટાભાગના ખેડૂતો ચોમાસુ પાક પર નિર્ભર છે, ત્યારે છોટા ઉદેપુરમાં લાંબા વિરામ બાદ વરસાદ થતાં ખેડૂતોમાં હરખ છવાયો છે. અલ-નીનોની અસરથી ચોમાસું નબળું રહેવાની ખેડૂતોની ચિંતા વચ્ચે હવામાન વિભાગની આગાહી મુજબ વરસાદ વરસતા પાકને જીવનદાન મળવાની આશા બંધાઈ છે.

હવામાન વિભાગની આગાહી વચ્ચે દક્ષિણ અને મધ્ય ગુજરાત સહિતના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી માહોલ છે. તેવામાં મહીસાગર જિલ્લાના લુણાવાડામાં વરસાદી ઝાપટું પડ્યું છે. મહીસાગરમાં ધીમીધારે વરસાદ થતાં છેલ્લા એક મહિનાથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

પંચમહાલમાં એક મહિનાના લાંબા વિરામ બાદ મેઘરાજાની રી-એન્ટ્રી થઈ છે. જેમાં ગોધરા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી માહોલ છવાયો છે. ચોમાસા દરમિયાન વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતાતુર બન્યા હતા. જો કે, અચાનક વાતાવરણમાં પલટો આવતાં ગોધરા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ શરૂ થયો છે. મેઘરાજાની રી-એન્ટ્રીથી ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી છે. વરસાદના આગમનથી પાકને જીવનદાન મળવાની આશા સાથે ખેડૂતોએ રાહતના શ્વાસ લીધા છે.

કચ્છ-સૌરાષ્ટ્રમાં વરસાદની મોટી ઘટ વચ્ચે રાજ્યમાં ફરી ચોમાસુ સક્રિય થયું છે. તેવામાં અમરેલી જિલ્લામાં સતત વરસાદી ઝાપટાં છે. જેમાં જાફરાબાદના ટીંબી, છેલાણા સહિતના ગામોમાં હળવો વરસાદ વરસ્યો છે. વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

ગુજરાતમાં ૧૨ થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. લો-પ્રેશર, મોનસૂન ટ્રફ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સહિત ૪ વરસાદી સિસ્ટમ સક્રિય થતા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અમુક જિલ્લાઓમાં રેડ અને ઓરેન્જ એલર્ટ અપાયું છે. ડાંગ, નવસારી, વલસાડ, અમરેલી, ભાવનગર સહિત ૨૦ જિલ્લામાં મેઘતાંડવની શક્યતા છે.

### રૂપિયા ૨.૭૭ લાખનો મુદ્દામાલ જપ્ત

# મધ્ય પ્રદેશથી MD ડ્રગ્સ વેચવા આવેલો એક શખસ ઝડપાયો

અમદાવાદ, તા.૧૨

અમદાવાદમાં મધ્ય પ્રદેશના મંદસૌરથી એમ.ડી. ડ્રગ્સ વેચવા આવેલા ૪૦ વર્ષીય યુવકને વાણિજ્ય ભવન નજીક આવેલા પારેખ ટાવરની પાછળથી પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપી પાસેથી ૨.૭૭ લાખ રૂપિયાની કિંમતનું ૯૨ ગ્રામ ૬૦૦ મિલીગ્રામ ગેરકાયદે મેફેડ્રોન ડ્રગ્સ જપ્ત કર્યું છે. આ મામલે પોલીસે દ્ગડ્ઢઁજી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, ઝોન-૬ એલસીબી સ્કોડને બાતમી મળી હતી કે, એક શખસ પોતાના કબજામાં નશીલો પદાર્થ એમ.ડી. ડ્રગ્સ રાખી વેચાણ અર્થે પારેખ ટાવર તરફ જવાનો છે. જેના આધારે વોચ ગોઠવી પારેખ ટાવરના પાછળના ભાગથી પસાર થતાં એક યુવકને પોલીસે તેને કોર્ડન કરી ઝડપી લીધો હતો. પૂછપરછમાં તેણે પોતાનું નામ આદિલખા સજાદખા મેવાતી (ઉં.વ. ૪૦, રહે. ઈન્દિરા કોલોની) જણાવ્યું હતું. તેની તપાસ કરતા પેન્ટના ખિસ્સામાંથી પારદર્શક પ્લાસ્ટિકની કોથળીમાંથી પાવડર મળી આવ્યો હતો. એફએસએલ અધિકારી દ્વારા પ્રાથમિક તપાસમાં આ પદાર્થ મેફેડ્રોન (સ્ડ્ઢ) હોવાનું સ્પષ્ટ થયું હતું. વજનકાંટા પર તેનું વજન ૯૨ ગ્રામ ૬૦૦ મિલીગ્રામ નીકળ્યું હતું. પોલીસે ડ્રગ્સનો જથ્થો જપ્ત કરી આરોપી આદિલખાની ધરપકડ કરી હતી. પ્રાથમિક પૂછપરછ દરમિયાન મધ્ય પ્રદેશથી ડ્રગ્સનો જથ્થો લાવી વેચાણ કરવાનો હોવાનું જણાવ્યું હતું. રેડની કાર્યવાહી નિયમાનુસાર અને પારદર્શક બને તે માટે પોલીસે શરૂઆતમાં અન્ન અને નાગરિક પુરવઠા કચેરી તથા એસ.ટી. સ્ટેશન ખાતે સરકારી પંચો મેળવવા પ્રયાસ કર્યો હતો. જોકે ત્યાં પંચ ઉપલબ્ધ ન થતાં તાત્કાલિક સાબરમતી સ્થિત યુજીવીસીએલ સર્કલ ઓફિસનો સંપર્ક કરી ત્યાંથી બે સરકારી કર્મચારીઓ દિનેશ પરમાર અને હાર્દિક ધંધુકિયાને બોલાવી પંચ તરીકે રાખી આખી દરોડા પાડ્યા હતા.

# પરિણીતાના ફોટો સાથે ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી બદનામ કરાઈ

અમદાવાદ,તા.૧૨

અમદાવાદના નારોલ વિસ્તારમાં રહેતી ૨૯ વર્ષીય પરિણીતાના સોશિયલ મીડિયા પરથી ફોટો ચોરી કરી કોઈ અજાણી વ્યક્તિએ ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી બદનામ કરવાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી છે. આરોપીએ પરિણીતાના ફોટા પર તેનો મોબાઈલ નંબર અને અભદ્ર લખાણ લખી વીડિયો વાઈરલ કરતાં પરિણીતાએ નારોલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખસ સામે ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર, મૂળ ઉત્તર પ્રદેશના ફિરોજાબાદના વતની અને છેલ્લા આઠ વર્ષથી અમદાવાદમાં રહેતા ૨૯ વર્ષીય પરિણીતાન હાલ નારોલમાં પરિવાર સાથે રહે છે. તેઓ પર્સનલ ઉપયોગ માટે મોબાઈલ વાપરે છે અને ઈન્સ્ટાગ્રામ પર તેમનું એકાઉન્ટ ધરાવે છે.

પરિણીતાએ તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે કોઈ અજાણ્યા શખસે તેના અંગત ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી ફોટા મેળવી લીધા હતા. ત્યારબાદ તે ફોટો પર પરિણીતાનો મોબાઈલ નંબર અને અભદ્ર શબ્દો લખી બદનામ કરવાના ઈરાદે વીડિયો સ્ટોરી પોસ્ટ કરી સોશિયલ મીડિયા તેમજ સગા-સંબંધીઓમાં વાયરલ કર્યો હતો. આ મામલે નારોલ પોલીસે અજાણ્યા શખસ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# બાપુનગરના વેપારીને ફેસબુક પર મહિલા સાથે ફ્રેન્ડશીપ મોંઘી પડી

અમદાવાદ,તા.૧૨

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં રહેતા અને ડોર મટિરિયલનો વ્યવસાય કરતા ૪૪ વર્ષીય વેપારીને ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટ ટાસ્કના બહાને રૂ.૨.૭૧ લાખ પડાવી લીધા હતા. ફેસબુક મારફતે સંપર્કમાં આવેલી અને મલેશિયા રહેતી હોવાનો દાવો કરતી યુવતીએ 'CLUB Elite 21' નામની સ્કીમમાં કમિશન આપવાની લાલચ આપી આ રકમ ટ્રાન્સફર કરાવી લીધી હતી. સમગ્ર મામલે બાપુનગર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ઠક્કર બાપાનગરમાં રહેતા અને કૃષ્ણનગર વિજય પાર્ક બીઆરટીએસ સામે બાલાજી એન્ટરપ્રાઈઝ નામે વેપાર કરતા હકાભાઈ પુનાભાઈ બામરોલીયા ગત ૩ સપ્ટેમ્બરના રોજ ફેસબુક સર્ફિંગ કરી રહ્યા હતા. તે વખતે મ્યુચ્યુઅલ ફ્રેન્ડ્સ ધરાવતી નમ્રતા નામની પ્રોફાઈલ દેખાતાં તેમણે ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી. રિક્વેસ્ટ સ્વીકારાયા બાદ બંને વચ્ચે વાતચીત શરૂ થઈ હતી.

નમ્રતાએ પોતે મૂળ વડોદરાની હોવાનું અને હાલ મલેશિયા રહેતી હોવાનું કહી વોટ્સએપ નંબર આપ્યો હતો. ત્યારબાદ બંને વચ્ચે વોટ્સએપ ચેટ અને કોલ પર વાતચીત ચાલતી હતી.

વાતચીત દરમિયાન નમ્રતાએ જણાવ્યું હતું કે તે CLUB Elite 21 નામની કંપનીમાં ઓનલાઈન રૂપિયા ઈન્વેસ્ટ કરે છે અને તેમાં સારું કમિશન મળે છે. તેણે મોકલેલી લિંક પર વેપારીએ પહેલા રૂ.૩૦ હજારનું રોકાણ કર્યું હતું. જેના બદલામાં તેમને કમિશન સાથે રૂ. ૪૦,૪૬૨ પરત ચૂકવાયા હતા.

આ વળતર મળતાં વિશ્વાસ બેસી જતાં નમ્રતાએ આપેલા યુકો બેંકના ખાતામાં વેપારીએ ૧૦ સપ્ટેમ્બરના રોજ પોતાના એક્સિસ બેંક ખાતામાંથી RTGS મારફતે રૂ.૨.૭૧ લાખ ટ્રાન્સફર કરી દીધા હતા.

આ રકમ જમા થયા બાદ નમ્રતાએ કમિશન સાથે તમામ નાણાં પરત મેળવવા રૂ.૪.૪૪ લાખનો નવો ટાસ્ક તાત્કાલિક પૂરો કરવાનું દબાણ કર્યું હતું. વેપારીને શંકા જતાં તેમણે મિત્ર રૂપેશ શાહને વાત કરી હતી. મિત્રએ ફ્રોડ હોવાનું જણાવતાં તેમણે સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી અને ત્યારબાદ બાપુનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ગાંધીનગર વસાહતો અને સચિવાલય કામકાજ માટે ચાંદખેડા વિસ્તાર સર્કલ સુધી "વિટકોસ ઈ-બસ" સેવા તાત્કાલિક શરૂ કરવા માંગણી

અમદાવાદ,તા.૧૨

ગાંધીનગરમાં વસતા હજારો વસાહતીઓ રોજ નોકરી, વેપાર અને નાના-મોટા કામકાજ અર્થે સાબરમતી, ONGC , મોટેરા વિસ્તાર સર્કલ સુધી નિત્ય આવ-જા કરે છે; તેવી જ રીતે સૌરાષ્ટ્ર–કચ્છથી સચિવાલય ગાંધીનગરના કામો માટે આવતા નાગરિકોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. આ બંને વર્ગો માટે વિશ્વસનીય, સસ્તું અને પર્યાવરણલક્ષી પરિવહન એક મૂળભૂત જરૂરિયાત બની ગયું છે.

વર્તમાન પરિસ્થિતિમાં ખાનગી વાહનો, ઓટો અને અનિયમિત બસ સેવાઓ પર આધાર રાખવો પડે છે, જેના કારણે સમયનો વ્યય, ખર્ચમાં વધારો અને પ્રદૂષણ જેવી સમસ્યાઓ ઊભી થાય છે. આ પાર્શ્વભૂમિમાં, વિટકોસ ઈ-બસ સેવા ગાંધીનગર–ONGC સર્કલ રૂટ પર તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવે તો લોકોને મોટી રાહત મળશે અને શહેરની ગ્રીન-મોબિલિટીની પ્રતિબદ્ધતા પણ સાકાર થશે.

**અપેક્ષિત લોકહિત**

- રોજિંદા મુસાફરોને સમયસર, સુરક્ષિત અને સુલભ પરિવહન મળશે.
- સૌરાષ્ટ્ર–કચ્છથી આવતા નાગરિકોને સચિવાલય/કચેરી વિસ્તાર સુધી ઈસ્કોન થી સીધી કનેક્ટિવિટી મળશે.
- ઈ-બસ શરૂ થવાથી પ્રદૂષણ ઘટશે અને ગાંધીનગરની "સ્માર્ટ સિટી" છબી મજબૂત થશે.

**રાજકીય સંવેદનશીલતા અને મતદાર અપેક્ષા**

આવી લોકહિતની સેવા શરૂ થાય તો વસાહતીઓ અને નિત્ય મુસાફરોમાં ભારતીય જનતા પાર્ટી પ્રત્યે આભારભાવ અને વિશ્વાસ વધવાની શક્યતા રહે છે. આગામી મહાનગરપાલિકા ચૂંટણીમાં નાગરિકો આભાર વ્યક્ત કરતાં "કમળ તરફી" મતદાન કરતાં જોવા મળશે — પરંતુ શરત એટલી જ કે સેવા વિશ્વસનીય, સતત અને સામાન્ય માણસની પહોંચમાં હોય. સંવેદનશીલ સરકાર તરીકે આવી જાહેર જનતા જોગ (public interest) બાબતે ત્વરિત નિર્ણય લેવામાં આવે એ જ આમ જનતાની અપેક્ષા છે.

**તાત્કાલિક માંગણીઓ**

૧. ગાંધીનગર વસાહતો–ચાંદખેડા સર્કલ રૂટ પર પાયલટ ઈ-બસ સેવા તાત્કાલિક શરૂ કરવી.

૨. સૌરાષ્ટ્ર–કચ્છથી આવતા મુસાફરો માટે મુખ્ય બસ/રેલવે સ્ટેશનથી સચિવાલય/કચેરી વિસ્તાર સુધી ફીડર ઈ-બસ રૂટ જોડવા.

૩. ભાડું નિયંત્રિત, ઓનલાઈન ટિકિટિંગ અને મહિલા/વૃદ્ધ/દિવ્યાંગ માટે રાહત યોજનાઓ રાખવી.

૪. જાહેર જનતા જોગ જાહેરાત, સોશિયલ મીડિયા પ્રચાર અને ફીડબેક મિકેનિઝમ દ્વારા સેવાને પારદર્શક બનાવવી.


દિવેલાની ખેતી - પ્રગતિની કેડી

ખેડુત ભાઈઓ માટે ખાસ ભલામણ



પ્રગતિ સર્ટીફાઈડ હાઈબ્રીડ બિયારણ

• જી.સી.એચ - ૭
સુકારા અને કૃમિ સામે પ્રતિકારક

• જી.સી.એચ - ૪
સુકારા સામે અંશતઃ પ્રતિકારક

• જી.સી.એચ - ૨
મૂળના કહોવારા સામે પ્રતિકારક

પ્રગતિ

ઓર્ગેનિક જમીન સુધારક અને ખાતર

પ્રગતિ પ્લસ

નાઈટ્રોજન : ૪% થી વધુ, ફોસ્ફોરસ : ૧.૫% અને પોટાશ : ૧% થી વધુ

ઓછો ખર્ચ - વધુ ઉત્પાદકતા - વધુ પ્રગતિ

ઈસેદુ એગ્રોકેમ પ્રા. લી.
(સબસીડરી ઓફ જયંત એગ્રો - ઓર્ગેનીક્સ લી.)

પ્લોટ નં. ૬૬૭, સ્ટેટ હાઈવે નં.૪૧, મુ.પો. જગાણા
તા. પાલનપુર, જિ.બનાસકાંઠા (ઉત્તર ગુજરાત)
મો : ૭૫૭૫૦૦૧૯૮૦, ૭૫૭૫૦૦૧૯૭૩
Email : pragati@ihseduagro.com Web : www.ihseduagro.com